અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 31 જુલાઈ 2026 શુક્રવાર
વિક્રમ સંવત 2082, અષાઢ વદ -2

વર્ષ : 18
અંક : 32

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

અમેરિકાએ માનવી જેવા દેખાતા રોબોટ પર પ્રતિબંધ મૂક્યો: દેશની સુરક્ષાને ખતરો ગણાવ્યો

4

સ્પેસરેસ અને વૈદિક જ્ઞાન: ભારત માટે 'વેદ અને વેબ' દ્વારા વિશ્વગુરુ બનવાનો અવસર

6

'લવ એન્ડ વોર' માટે ભણસાલીનો અનોખો પ્લાન, ટીઝર કે મોશન પોસ્ટર લૉન્ચ નહીં થાય

7

સોનું ₹177 વધીને ₹1.42 લાખ પર પહોંચ્યું: આ વર્ષે સોનું ₹9 હજાર મોંઘું થયું, ચાંદીની કિંમત ₹789 ઘટીને ₹2.17 લાખ પ્રતિ....

### અત્યંત જરૂરી કામ વગર ઘરની બહાર ન નીકળવા અપીલ

# ગુજરાતમાં આગામી 4 દિવસ ભારે, 13 જિલ્લામાં વરસાદની આગાહી

## વહીવટી તંત્રને સજ્જ કરાયું છે, અધિકારીઓની રજાઓ રદ કરાઈ : NDRF-SDRF ટીમો તૈનાત કરાશે, આર્મી, નેવી અને એરફોર્સને સ્ટેન્ડબાય રખાઈ

**ગાંધીનગર, તા.30**

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાત માટે આગામી ૪ દિવસ આફત સમાન છે. આગામી ૩૧ જુલાઈથી ૨ ઑગસ્ટ દરમિયાન રાજ્યના અનેક જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સુરત, વડોદરા, અમદાવાદ, ભાવનગર, ભરુચ, આણંદ, નર્મદા, તાપી, ડાંગ, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ અને મહીસાગર સહિતના વિસ્તારોમાં હાઈ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ભારે વરસાદની આગાહીને પગલે વહીવટી તંત્રને સંપૂર્ણપણે સજ્જ અને સતર્ક રાખવાના હેતુથી ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર -SEOC ખાતે એક સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી આ બેઠકમાં પ્રભાવિત થઈ શકે તેવા તમામ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે હાલની પરિસ્થિતિ અને આપત્તિ વ્યવસ્થાપનની પૂર્વ તૈયારીઓની ઉંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં સુરત, વડોદરા, અમદાવાદ, ભાવનગર, ભરુચ, આણંદ, નર્મદા, તાપી, ડાંગ, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના કલેક્ટર તથા ઉચ્ચ અધિકારીઓ વીડિયો કોન્ફરેન્સના માધ્યમથી સીધો સંવાદ સાધ્યો હતો.



સમીક્ષા બાદ પ્રભાવિત તમામ જિલ્લાના અધિકારીઓની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિને પહોંચી વળવા માટે દરેક જિલ્લામાં 24x7 કંટ્રોલ રૂમ કાર્યરત રાખવા અને એક વર્ગ-૧ અધિકારીને રાઉન્ડ ધ ક્લોક સુપરવિઝન માટે તૈનાત કરવાનો નિર્દેશ આપ્યો છે. નીચાણવાળા અને સંવેદનશીલ વિસ્તારોમાં આપત્તિ વ્યવસ્થાપન માટે જરૂરિયાત મુજબ NDRF અને SDRFની ટીમોને ત્વરિત તૈનાત કરવા જણાવાયું છે. અત્યંત કટોકટીની સ્થિતિમાં રાહત અને બચાવ કામગીરી માટે ભારતીય સેનાની ત્રણેય પાંખો(આર્મી, નેવી અને એરફોર્સ)ને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. અધિક મુખ્ય સચિવે કહ્યું છે કે સ્થાનિક સ્તરે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને સંબંધિત જિલ્લા કલેક્ટરઓ શાળાઓ અને આંગણવાડીઓમાં રજા જાહેર કરવા અંગે યોગ્ય નિર્ણય લઈ શકશે. આ ઉપરાંત, જે વિસ્તારોમાં પૂર કે પાણી ભરાવાની સંભાવના વધુ હોય ત્યાંથી નાગરિકોને સમયસર અને સુરક્ષિત રીતે આશ્રયસ્થાનોમાં સ્થળાંતરિત કરવા સૂચના આપવામાં આવી છે. આ આશ્રયસ્થાનોમાં નાગરિકો માટે ભોજન, શુદ્ધ પીવાનું પાણી અને જરૂરી તબીબી સુવિધાઓ સુનિશ્ચિત કરવા અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે.

સાથે જ, વરસાદની પરિસ્થિતિ અને વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલી કામગીરી અંગે નાગરિકો સુધી સાચી માહિતી પહોંચે તે માટે મીડિયા સાથે સતત વિગતો શેર કરવા પણ કલેક્ટરોને સૂચના આપી છે. આ ઉપરાંત રાહત કમિશનરે જણાવ્યું હતું કે, રાજ્યમાં જોખમી હોર્ડિંગ્સ, બેનર્સ અને સાઈનબોર્ડ્સને તાત્કાલિક અસરથી હટાવીને તે વિસ્તારોને સુરક્ષિત કરવાના આદેશ આપવામાં આવ્યા છે. તેજ પવન કે વાવાઝોડાને કારણે જર્જરિત મકાનો અથવા જોખમી બાંધકામોથી નાગરિકોને કોઈ હાનિ ન પહોંચે તે માટે જરૂરી તમામ સલામતીના પગલાં લેવા વહીવટી તંત્રને જણાવાયું છે. હાલમાં સમગ્ર સરકારી મશીનરીને 'ઍલર્ટ મોડ' પર મૂકી દેવામાં આવી છે. આગામી દિવસોમાં આપત્તિજનક વરસાદની શક્યતાને ધ્યાનમાં રાખીને રાહત કમિશનરે રાજ્યના તમામ નાગરિકોને અત્યંત જરૂરી કામ વગર ઘરની બહાર ન નીકળવા અપીલ પણ કરી હતી.

હવામાન વિભાગ દ્વારા અમદાવાદ, વડોદરા સહિત ૧૩ જિલ્લામાં અતિભારે વરસાદનું રેડ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તેને જોતાં વિદ્યાર્થીઓની સુરક્ષા અર્થે ૩૧મી જુલાઈ ૨૦૨૬ના રોજ અમદાવાદ અને વડોદરામાં તમામ શાળા-કૉલેજોમાં રજા જાહેર કરાઈ છે. સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓ તેમજ કૉલેજોમાં શૈક્ષણિક કાર્ય બંધ રહેશે. વાલીઓ-વિદ્યાર્થીઓને તાત્કાલિક જાણ કરવા તાકીદ કરાઈ છે. અન્ય જિલ્લામાં પણ કલેકટરને સ્થિતિ મુજબ નિર્ણય લેવા સરકારે આદેશ આપ્યો છે.

હવામાન વિભાગના અનુમાન પ્રમાણે ૩૧ જુલાઈ રાજ્ય માટે સૌથી વધુ ચિંતાજનક દિવસ બની શકે છે. અમદાવાદ સહિત ૧૧ જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યાં અત્યંત ભારે વરસાદની શક્યતા છે. ખાસ કરીને નર્મદા જિલ્લામાં ભારેથી અસાધારણ અત્યંત ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

આવતીકાલે સૌરાષ્ટ્રના અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ખેડા, પંચમહાલ અને દાહોદમાં ઓરેન્જ એલર્ટની સાથે અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ ઉપરાંતના તમામ જિલ્લાઓમાં યલો એલર્ટ આપવામાં આવી છે.

૧ ઓગસ્ટે પણ રહેશે ભારે વરસાદ - ૧ ઓગસ્ટે પણ અમદાવાદ, આણંદ, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં રેડ એલર્ટ યથાવત રહેશે. જ્યારે બોટાદ, ભાવનગર, મોરબી, કચ્છ, વાવ-થરાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર અને ભરૂચ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ૨ ઓગસ્ટે વરસાદની તીવ્રતા ઘટશે - ૨ ઓગસ્ટે રાજ્યમાં વરસાદની તીવ્રતામાં થોડો ઘટાડો થવાની શક્યતા છે. કચ્છ, વાવ-થરાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યાં ભારે વરસાદની સંભાવના છે. સાવચેતી રાખવાની અપીલ-હવામાન વિભાગે નદી-નાળાઓ નજીક ન જવા, પાણી ભરાયેલા રસ્તાઓ પર વાહન ચલાવતી વખતે ખાસ સાવચેતી રાખવા તેમજ સ્થાનિક તંત્રની સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોએ ખાસ સાવધાન રહેવાની જરૂર છે.

### CJPનું આંદોલન પૂરું થયા બાદ

# જંતર મંતર પર Gen-Z ફરી મેદાને

**નવી દિલ્હી, તા.30**



કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામા બાદ કોકરોચ જનતા પાર્ટી (CJP)એ જંતર-મંતર પરથી પોતાનો પ્રોટેસ્ટ પૂરો કર્યો હતો. પરંતુ, આ મુદ્દો ફરી એકવાર ગરમાવા લાગ્યો છે. CJPના આ પ્રોટેસ્ટમાં મુખ્ય લડાઈ લડનારા Gen Z યુવાઓ ફરી એકવાર જંતર-મંતર પહોંચી ગયા છે. તેમના હાથમાં બેનર છે અને તેઓ સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. પરંતુ સૌથી મોટો સવાલ એ છે કે આખરે આ યુવાનો હવે શા માટે ધરણા પ્રદર્શન કરી રહ્યા છે, તેમની મુખ્ય માગણીઓ શું છે અને આ વિરોધ પાછળ કોણ છે? સૌથી પહેલા એ જાણવું જરૂરી છે કે જંતર-મંતર પર ધરણા કરવા પહોંચેલા વિદ્યાર્થીઓ સીધી રીતે કોકરોચ જનતા પાર્ટી સાથે જોડાયેલા નથી. અહીં પ્રદર્શન કરી રહેલા યુવાનો 'દિશા વિદ્યાર્થી સંગઠન'ના છે. જોકે, CJPના નેતૃત્વમાં થયેલા અગાઉના પ્રોટેસ્ટમાં પણ આ સંગઠનના યુવાનો સામેલ હતા. આ વિદ્યાર્થીઓની મુખ્ય માગણી એ છે કે જે વિદ્યાર્થીઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે, તેમને તાત્કાલિક મુક્ત કરવામાં આવે. આ સિવાય કોર્ટે પણ નિર્દેશ આપ્યો છે કે જે વિદ્યાર્થીઓનો ડેટા એકત્ર કરવામાં આવ્યો છે, તે રેકોર્ડને સિસ્ટમમાંથી હટાવવામાં આવે.

પ્રોટેસ્ટમાં સામેલ એક વિદ્યાર્થીનીએ પીટીઆઈ સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, 'અમે 36 દિવસ સુધી અહીં ટકી રહ્યા હતા. સરકારનું વલણ એવું છે કે પહેલા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરવામાં આવે છે, ત્યારબાદ રાજીનામું આપવામાં આવે છે અને પછી ફરી અમારી વિરુદ્ધ જ કાર્યવાહી કરવામાં આવે છે. દેશના અલગ-અલગ ભાગો જેવા કે બિહાર, અસમ, બંગાળ અને મુંબઈના વિદ્યાર્થીઓ આજે એકસાથે ઊભા છે. સરકારના આકરા વલણ બાદ હવે દેશનો ખૂણે-ખૂણો જંતર-મંતર બની ગયો છે. વિદ્યાર્થીઓ માત્ર એટલું જ ઈચ્છે છે કે અટકાયત કરાયેલા યુવાનોને છોડવામાં આવે અને તેમનો એકત્ર કરાયેલો ડેટા રેકોર્ડમાંથી દૂર કરવામાં આવે. જંતર-મંતર પર એકઠા થયેલા વિદ્યાર્થીઓ સરકાર સામે ભારે આક્રોશ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા. વિદ્યાર્થીઓએ 'વિદ્યાર્થીઓની ધરપકડ બંધ કરો', 'ડરાવવાનું અને ધમકાવવાનું બંધ કરો' અને 'એફઆઈઆર બંધ કરો' જેવા તીવ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. બીજી તરફ, CJPએ પણ અસમ, બિહાર, પશ્ચિમ બંગાળ અને દિલ્હી સહિતના રાજ્યોમાં પ્રદર્શનકારીઓ સામે થયેલી પોલીસ કાર્યવાહી સામે વિરોધ નોંધાવ્યો છે. CJPના રાષ્ટ્રીય પ્રવક્તા આશુતોષ રાંકાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કેન્દ્રીય મંત્રીઓનું ધ્યાન દોર્યું હતું કે પ્રદર્શનકારીઓ સામે કાર્યવાહી ન કરવાના આશ્વાસનનો ભંગ થઈ રહ્યો છે.

# E100 માટે રાતે 8 વાગ્યે ફાઈલ સાઈન કરી પણ E20 સાથે કોઈ લેવા દેવા નથી, ગડકરીના પોતાના જ નિવેદનોમાં વિરોધાભાસ

**નવી દિલ્હી, તા.30**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી દેશમાં ઈથેનોલ, ફ્લેક્સ-ફ્યુઅલ અને વૈકલ્પિક ઈંધણના સૌથી મોટા સમર્થક રહ્યા છે. તેમણે અનેક મંચો પરથી ઈથેનોલ ઈંધણની હિમાયત કરી છે અને તાજેતરમાં જ કહ્યું હતું કે તેમણે રાત્રે 8 વાગ્યે E100 (100% ઈથેનોલ) ફ્યુઅલ સાથે જોડાયેલી ફાઈલ પર સાઈન કરી છે. જોકે, બોમ્બે હાઈકોર્ટમાં રજૂ કરેલી 86 પાનાની અરજીમાં તેમના પક્ષે જણાવાયું કે 'E20 કે ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામ (EBP) સાથે તેમને કશી લેવાદેવા નથી'. આ બંને નિવેદનોના કારણે ભારે વિવાદ અને અસમંજસ ઊભી થઈ છે. સોશિયલ મીડિયા પર ફેક અને AI-જનરેટેડ વીડિયો દ્વારા દાવો કરવામાં આવી રહ્યો હતો કે નીતિન ગડકરી અને તેમના પરિવારને E20 નીતિથી આર્થિક લાભ થઈ રહ્યો છે. આ બદનક્ષી સામે ગડકરીએ મેટા, એક્સ, ગૂગલ, યૂટ્યૂબ સહિતના



પ્લેટફોર્મ સામે બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી રૂ. 11 કરોડના વળતરની માંગ કરી છે. અરજીમાં તેમણે સ્પષ્ટ કર્યું કે E20 નીતિ બનાવવામાં કે લાગુ કરવામાં તેમની કોઈ વહીવટી ભૂમિકા નથી અને તે તેમના મંત્રાલય હેઠળ આવતી નથી.

આ મુદ્દાને સમજવા માટે બંને મંત્રાલયોની અલગ-અલગ જવાબદારીઓ જાણવી જરૂરી છે: પેટ્રોલિયમ અને નૈસર્ગિક ગેસ મંત્રાલય (MoPNG): ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામ (EBP) નું નોડલ મંત્રાલય પેટ્રોલિયમ મંત્રાલય છે. પેટ્રોલમાં કેટલા ટકા ઈથેનોલ મિક્સ કરવું (જેમ કે E10, E20) અને તેની ખરીદી કેવી રીતે કરવી તે નક્કી કરવાનો નીતિગત અધિકાર આ જ મંત્રાલય પાસે છે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય: નીતિન ગડકરીના મંત્રાલયનું કામ ઈંધણનું બ્લેન્ડિંગ નક્કી કરવાનું નથી, પરંતુ તે ઈંધણ પર ચાલતા વાહનો માટે ટેકનિકલ નિયમો (CMVR) બનાવવાનું અને વાહન ઉત્પાદકોને મંજૂરી આપવાનું છે. આમ, ગડકરીનું કોર્ટમાં આપેલું નિવેદન વહીવટી દ્રષ્ટિએ સાચું છે કે E20 નીતિ પેટ્રોલિયમ મંત્રાલયની છે, જ્યારે ફાઈલ સાઈન કરવાનો દાવો વાહનોના ટેકનિકલ નિયમોને મંજૂરી આપવા સાથે જોડાયેલો છે.

છેલ્લા કેટલાક સમયથી E20 પેટ્રોલમાં માઈલેજ ઘટવા અને જૂના વાહનોના એન્જિનને નુકસાન પહોંચવાના દાવા સામે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. આ દરમિયાન પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી અને નીતિન ગડકરીએ ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો લૉંચ કર્યા હતા અને સ્પષ્ટ કર્યું હતું કે E20 થી માઈલેજમાં નજીવો ઘટાડો થઈ શકે છે.

# 'અમિત શાહ બંધ રૂમમાં લાંબુ નહીં રહી શકે, ખેંચીને લાવીશું'

## રાજ્યસભામાં ખડગેના નિવેદનથી મામલો ઉગ્ર બન્યો, કહ્યું- નવા બિલમાં આંકડા સિવાય કશું નહીં

**નવી દિલ્હી, તા.30**

રાજ્યસભામાં પબ્લિક એક્ઝામિનેશન એટલે કે પેપર લીક સંબંધિત સુધારા બિલ પર ચાલી રહેલી ચર્ચા દરમિયાન વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેના 'મનુસ્મૃતિ' અંગેના નિવેદનને પગલે ગૃહમાં ભારે હોબાળો અને વિવાદ સર્જાયો હતો. શૈક્ષણિક સંસ્થાઓમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ની કથિત દખલગીરી અને હસ્તક્ષેપ અંગે પોતાના વિચારો રજૂ કરતા ખડગેએ આક્ષેપ કર્યો હતો કે દેશની વિવિધ શિક્ષણ સંસ્થાઓમાં મનુસ્મૃતિની વિચારસરણીને માનનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે, જેના કારણે સમાજના શૂદ્ર અને વંચિત વર્ગ પાસેથી ભણવાનો અને શિક્ષણ મેળવવાનો મૂળભૂત અધિકાર છીનવાઈ રહ્યો છે. ખડગેના આ નિવેદન સાથે જ સત્તાપક્ષ તરફથી તીવ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. આ પરિસ્થિતિને સંભાળતા અને ખડગેના વક્તવ્યને અટકાવતા ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે વિપક્ષના નેતાનું આ નિવેદન વાસ્તવિક તથ્યોથી ઘણું દૂર છે અને આવા પાયાવિહોણા આક્ષેપોથી સમાજમાં અશાંતિ તથા બિનજરૂરી ઉત્તેજના ફેલાઈ શકે છે. વાતાવરણની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સભાપતિ સીપી રાધાકૃષ્ણને ગૃહમાં આશ્વાસન આપ્યું હતું કે મનુસ્મૃતિ સંબંધિત વિવાદસ્પદ નિવેદનો અને ટિપ્પણીઓને રાજ્યસભાના સત્તાવાર રેકોર્ડ પરથી હટાવી દેવામાં આવશે.

આ સમગ્ર તીખી બહસ અને હોબાળો રાજ્યસભામાં પેપર લીક સંબંધિત પબ્લિક એક્ઝામિનેશન સુધારા બિલ પર ચર્ચા દરમિયાન સામે આવ્યો હતો. કાયદામાં કરાઈ રહેલા સુધારાઓ સામે શંકા વ્યક્ત કરતા ખડગેએ ઉમેર્યું હતું કે માત્ર આ નવું બિલ લાવવાથી પરિસ્થિતિમાં કોઈ મોટો કે સકારાત્મક ફેરફાર



થવાનો નથી, કારણ કે મૂળભૂત ખામીઓને દૂર કરવામાં આવી રહી નથી. તેમણે દાવો કર્યો હતો કે કડક કાયદા હોવા છતાં પેપર ચોરી કરનારા અને લીક કરનારા માફિયાઓ સહેલાઈથી બચી જશે અને તેના બદલામાં માત્ર નિર્દોષ વિદ્યાર્થીઓએ જ અન્યાય અને લાઠીચાર્જનો ભોગ બનવું પડશે. આ બિલની શરૂઆત કરતા પહેલાં કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે રાજ્યસભાના પટલ પર પેપર લીક રોકવા માટેનું આ સુધારા વિધેયક રજૂ કર્યું હતું. નોંધનીય છે કે આ અગાઉ લોકસભામાં બુધવારે સતત સાત કલાકથી વધુ સમય સુધી ચાલેલી દીર્ઘ ચર્ચા બાદ આ મહત્વપૂર્ણ બિલને પસાર કરવામાં આવ્યું હતું. ગૃહમાં ચર્ચા દરમિયાન રજૂ કરવામાં આવેલા ઐતિહાસિક અને સાહિત્યિક દાવાઓ અંગેના ફેક્ટ ચેક પર નજર કરીએ તો કેટલાક અગત્યના સત્યો સામે આવે છે. ખડગેએ ચર્ચા દરમિયાન શૂદ્રો માટે જે કઠોર સજાઓનો ઉલ્લેખ કર્યો હતો, તે વાસ્તવમાં મૂળ મનુસ્મૃતિમાં નહીં પરંતુ 'ગૌતમ ધર્મસૂત્ર' ના અધ્યાય ૧૨ ના શ્લોક ૪ થી ૬ માં વર્ણવાયેલી છે, જોકે બાદમાં ખડગેએ પોતે સ્પષ્ટતા કરી હતી કે આ સંદર્ભ ગૌતમ ઋષિ દ્વારા લખવામાં આવ્યો હતો. આ સિવાય ભાજપના સાંસદ સુધાંશુ ત્રિવેદીના દાવા સામે પણ ફેક્ટ ચેકમાં સ્પષ્ટતા થઈ છે. સુધાંશુ ત્રિવેદીએ દાવો કર્યો હતો કે ૧૭૯૦ માં કલકત્તા હાઈકોર્ટના જજ વિલિયમ જોન્સે મનુસ્મૃતિનો જે અનુવાદ કર્યો હતો તે પુસ્તક હવે ઉપલબ્ધ નથી. જોકે વાસ્તવિકતા એ છે કે વિલિયમ જોન્સે મનુસ્મૃતિનો પ્રથમ અંગ્રેજી અનુવાદ ૧૭૯૪ માં 'ઇન્સ્ટિટ્યૂટ્સ ઓફ હિન્દુ લૉ, ઓર ધ ઓર્ડિનન્સિસ ઓફ મેનુ' નામથી પ્રકાશિત કર્યો હતો અને આ પુસ્તક આજે પણ પબ્લિક ડોમેનમાં સંપૂર્ણપણે સુરક્ષિત છે તેમજ ગૂગલ બુક્સ, ઈન્ટરનેટ આર્કાઈવ અને બ્રિટિશ લાઈબ્રેરીની વેબસાઈટ્સ પરથી મફતમાં વાંચી શકાય છે.

આ ઉપરાંત, સુધાંશુ ત્રિવેદીએ ડો. બાબા સાહેબ આંબેડકરના પ્રસિદ્ધ પુસ્તક 'હૂ વર ધ શુદ્રાજ' નો સંદર્ભ આપતા દાવો કર્યો હતો કે આધુનિક અનુસૂચિત જાતિઓ અને પ્રાચીન વૈદિક કાળના શૂદ્રો વચ્ચે કોઈ સીધો સંબંધ નથી. ફેક્ટ ચેક અનુસાર, બાબા સાહેબે પોતાના પુસ્તકમાં લખ્યું છે કે આધુનિક સમયના શૂદ્ર અને પ્રાચીન વૈદિક કાળના શૂદ્ર એક સમાન વર્ગ નહોતા. પ્રાચીન કાળના શૂદ્રો મૂળ રૂપે ક્ષત્રિય વર્ગના હતા, જેમને બ્રાહ્મણો સાથે થયેલા વિવાદો અને મતભેદો બાદ 'ઉપનયન સંસ્કાર' થી વંચિત કરી દેવામાં આવ્યા હતા, જેના પરિણામે તેઓ ચોથા વર્ણમાં ધકેલાઈ ગયા હતા.



# વડોદરા માથે ભારે વરસાદનું સંકટ

## શહેરમાં મોડી રાતથી 45 થી 55 કિમીની ઝડપે પવન સાથે ભારે વરસાદની શક્યતા, આજે તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર

**વડોદરા, તા.30**

વડોદરા જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા આગામી 24 કલાક દરમિયાન ભારે થી અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. જેના કારણે વડોદરા શહેર - જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે ત્યારે વડોદરા જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લાવાસીઓને સુરક્ષિત રહેવા અપીલ કરી છે. વહીવટીતંત્ર હવામાન વિભાગની આગાહીના પગલે સજ્જ બન્યું છે. બંગાળની ખાડીમાં સર્જાયેલું ડીપ ડિપ્રેશન વધુ તીવ્ર બનવાની શક્યતાઓને પગલે જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે એલર્ટ મોડ પર આવી ગયું છે.

કલેક્ટર અનિલ ધામેલિયાના જણાવ્યા અનુસાર, મોડી રાતથી લઈને આવતીકાલ દરમિયાન જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. આ સમયગાળા દરમિયાન તાપમાનમાં ફેરફાર સાથે 45 થી 55 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાવાની પણ પૂરેપૂરી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા વડોદરાના નાગરિકોને બિનજરૂરી ઘરની બહાર ન નીકળવા ખાસ અપીલ કરવામાં આવી છે.

સુરક્ષાના પગલારૂપે જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, ખાનગી કોચિંગ ક્લાસ અને પોલિટેકનિક બંધ રાખવાના સ્પષ્ટ નિર્દેશ જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, વિવિધ કંપનીઓ અને ખાનગી સંસ્થાઓને પણ પોતાના કર્મચારીઓની સુરક્ષા માટે શક્ય હોય ત્યાં સુધી વર્ક ફ્રોમ હોમની પદ્ધતિ અપનાવવા જણાવાયું છે. નાગરિકોની સલામતી માટે નદી, તળાવ અને કોઝવે જેવા જળાશયો નજીક ન જવા અને પાણી ભરાયેલા કોઝવે ક્રોસ ન કરવા કડક સૂચના આપવામાં આવી છે. તમામ પ્રકારની માછીમારી અને જળ પ્રવૃત્તિઓ પર તાત્કાલિક અસરથી રોક લગાવી દેવામાં આવી છે. જિલ્લા કલેક્ટરે જર્જરિત અને અસુરક્ષિત મકાનોમાં વસવાટ કરતા લોકોને સલામત સ્થળે ખસી જવા વિનંતી કરી છે.

ભારે વરસાદની આગાહીના પગલે જ્યાં જરૂર જણાય ત્યાં તંત્ર દ્વારા પ્રિકોશનરી ઈવેક્યુએશન (સાવચેતીના ભાગરૂપે સ્થળાંતર) ની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સ્થળાંતરની આ પ્રક્રિયા



દરમિયાન સ્થાનિક નાગરિકોને વહીવટી તંત્રને પૂર્ણ સહયોગ આપવા અપીલ કરાઈ છે. હાલમાં સમગ્ર જિલ્લાનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ તંત્ર સંપૂર્ણ એલર્ટ મોડ પર મૂકવામાં આવ્યું છે. કંટ્રોલ રૂમ 24 કલાક કાર્યરત કરી દેવાયો છે અને તમામ સરકારી મશીનરી સક્રિય છે.

વડોદરા જિલ્લા કલેક્ટરે જિલ્લાવાસીઓને સાવચેત રહેવાની અપીલ કરી છે અને અફવાઓથી સાવધાન રહેવા માટેની અપીલ કરી છે. લોકોએ પોતાનું તેમજ પોતાની આસપાસના લોકોનું ધ્યાન રાખવા અપીલ કરવામાં આવી છે. શહેરમાં કોઈ પણ સ્થિતિને પહોંચી વળવા તંત્ર સજ્જ બન્યું છે. કટોકટીની સ્થિતિમાં જરૂર પડશે તો NDRF, SDRF, આર્મી અને એરફોર્સની મદદ પણ લેવામાં આવશે તેમ કલેક્ટરે ઉમેર્યું હતું.

આ ચારેય વાતાવરણીય સિસ્ટમની કાર્યપદ્ધતિ અને તેની ક્ષમતા સમજવી ખૂબ જરૂરી છે. સામાન્ય રીતે હવામાનમાં લો પ્રેશરથી શરૂ કરીને વેલ માર્કડ લો પ્રેશર, ડિપ્રેશન અને ત્યારબાદ ડીપ ડિપ્રેશન બને છે, જે વાવાઝોડા પહેલાનું છેલ્લું પગથિયું ગણાય છે. જ્યારે પવનની ઝડપ ૩૧ થી ૬૧ કિમી પ્રતિકલાક સુધી પહોંચે અને હવાનું દબાણ અત્યંત ઘટી જાય ત્યારે તેને 'ડીપ ડિપ્રેશન' કહે છે. આ સિસ્ટમ પોતાની સાથે ભારે પ્રમાણમાં ભેજ અને ચક્રવાતી પવનો લાવે છે, જેનાથી અતિશયથી અતિ અતિભારે વરસાદ પડે છે. આ તીવ્ર પવનોને કારણે વૃક્ષો ધરાશાયી થવા, માર્ગો બંધ થવા અને નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની ભારે કટોકટી સર્જાય છે. બીજી સિસ્ટમ એટલે કે 'મોન્સૂન ટ્રફ', જે ઓછા દબાણની એક લાંબી પટ્ટી છે. ચોમાસા દરમિયાન રાજસ્થાનના ગંગાનગરથી શરૂ થઈને બંગાળની ખાડી સુધી વિસ્તરેલી આ પટ્ટી ચોમાસા માટેનો મુખ્ય હાઈવે ગણાય છે. જો આવી બે અલગ-અલગ શાખાઓ કે પટ્ટીઓ સક્રિય થાય, તો તેને બે મોન્સૂન ટ્રફ કહેવાય છે. આ પટ્ટી પસાર થાય ત્યાં અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના ભેજવાળા પવનો ભેગા થતાં વ્યાપક અને સાર્વત્રિક ભારે વરસાદ થાય છે. ત્રીજી સિસ્ટમ 'અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન' છે, જે પૃથ્વીની સપાટીથી ૧.૫ થી ૫.૮ કિલોમીટરની ઊંચાઈ પર પવનો ચકરાવા આકારે ફરવાથી સર્જાય છે. આ સિસ્ટમ આસપાસના ભેજને પોતાની તરફ ખેંચીને ઘનઘોર વાદળોનો જમાવડો કરે છે અને સ્થાનિક સ્તરે મુશળધાર વરસાદ લાવે છે, જે ઘણીવાર મજબૂત બનીને લો પ્રેશરમાં ફેરવાઈ જાય છે.

છેલ્લી અને ચોથી સિસ્ટમ 'વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ' છે, જે ભારતની ભૂમિ પર નહીં પરંતુ ભૂમધ્ય સમુદ્ર પરથી ઉદ્ભવતી એક બિન-ચોમાસુ પ્રણાલી છે. આ સિસ્ટમ પશ્ચિમી જેટ સ્ટ્રીમ પવનો દ્વારા ઈરાન, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન થઈને ભારતમાં પ્રવેશે છે. ચોમાસા સિવાય પણ શિયાળા કે ઉનાળાના પ્રારંભમાં પશ્ચિમી રાજ્યોના હવામાન પર આની વ્યાપક અસર પડે છે. આ ભેજવાળા પવનો હિમાલય સાથે અથડાઈને પહાડી રાજ્યોમાં ભારે હિમવર્ષા લાવે છે.

# પોલીસ ભવનની બાજુમાં જ નર્મદા ભવનમાં તસ્કરો ત્રાટક્યા

■ કચેરીમાંથી પંખા અને LED લાઈટ ચોરી ગયા, નવી જગ્યાએ કચેરી શિફ્ટ થતા રીનોવેશન ચાલતું હતું

**વડોદરા, તા.30**

વડોદરામાં પોલીસ પેટ્રોલિંગના મોટા મોટા દાવા થઈ રહ્યા છે, ત્યારે વડોદરા પોલીસ ભવનથી નજીક આવેલા નર્મદા ભવનમાં તસ્કરોએ ત્રાટક્યા હતા અને ચોરી કરીને કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડી દીધા છે. કચેરી શિફ્ટ થતાં જ સક્રિય થયેલા ચોરોએ નર્મદા ભવનમાં આવેલી અધિક નોંધણી સર નિરીક્ષકની જૂની કચેરીને દરવાજાનું પ્લાય તોડીને ક્રોમ્પ્ટન અને એન્કર જેવી બ્રાન્ડેડ કંપનીના પંખા-લાઈટોની સરેઆમ ચોરી કરી હતી. આ મામલે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. જેને આધારે પોલીસે તપાસ હાથ ધરી છે. શહેરના જેલ રોડ પર આવેલા નર્મદા ભવનમાંથી તસ્કરો સરકારી સામાન ચોરી કરીને ભાગી ગયા હતા. નર્મદા ભવન ખાતે આવેલી અધિક નોંધણી સર નિરીક્ષકની જૂની કચેરીને જુલાઈ-2025થી દિવાળીપુરા સ્થિત નવી કલેક્ટર કચેરી ખાતે ખસેડવામાં આવી હતી. જૂની કચેરીમાં હાલ રિનોવેશન કામ ચાલતું હોવાથી તેનો લાભ તસ્કરોએ ઉઠાવ્યો હતો. 28 જુલાઈ 2026ના રોજ રાત્રે રૂટીન ચેકિંગ દરમિયાન સરકારી મિલકત ગાયબ હોવાનું સામે




આવ્યું હતું.

બીજા દિવસે સવારે તપાસ કરતા રૂમ નંબર 620ના મુખ્ય દરવાજાના નીચેના ભાગનું પ્લાય તોડેલી હાલતમાં મળી આવ્યું હતું. આખરે તપાસમાં બહાર આવ્યું કે, ચોરો ક્રોમ્પ્ટન કંપનીના 10 સિલિંગ ફેન અને એન્કર કંપનીની 12 એલઈડી લાઈટ મળી રૂ. 16 હજારનો સરકારી સામાન ચોરી ગયા છે.

છેલ્લે 18 જુલાઈના રોજ તપાસ થઈ ત્યારે બધું સલામત હતું, એટલે કે આ સમયગાળા દરમિયાન ચોરોએ ચોરીને અંજામ આપ્યો છે. આ અંગે મદદનીશ નોંધણી સર નિરીક્ષક સૂર્યકાંત હઠીલાની ફરિયાદના આધારે રાવપુરા પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધીને ધરપકડ માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. વડોદરામાં પોલીસ પેટ્રોલિંગના મોટા મોટા દાવા થઈ રહ્યા છે, ત્યારે વડોદરા પોલીસ ભવનથી નજીક આવેલા નર્મદા ભવનમાં તસ્કરોએ ત્રાટક્યા હતા અને ચોરી કરીને કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડી દીધા છે. કચેરી શિફ્ટ થતાં જ સક્રિય થયેલા ચોરોએ નર્મદા ભવનમાં આવેલી અધિક નોંધણી સર નિરીક્ષકની જૂની કચેરીને દરવાજાનું પ્લાય તોડીને ક્રોમ્પ્ટન અને એન્કર જેવી બ્રાન્ડેડ કંપનીના પંખા-લાઈટોની સરેઆમ ચોરી કરી હતી.

# 26 સપ્તાહ પ્રેગ્નેન્ટ દુષ્કર્મ પીડિત સગીરાના ગર્ભપાતને મંજૂરી

## સોલા સિવિલને ટીમ બનાવી પ્રક્રિયા હાથ ધરવા આદેશ, વાડજ પોલીસમાં ગુનો નોંધાયો હતો

**અમદાવાદ, તા.30**

ગુજરાત હાઈકોર્ટમાં 15 વર્ષીય સગીરા દુષ્કર્મ પીડિતાના 26 સપ્તાહના ગર્ભના ગર્ભપાત માટે એડવોકેટ દીપમાલા દેસાઈ મારફતે અરજી કરવામાં આવી હતી. જેને હાઈકોર્ટે મંજૂરી આપી છે. સગીરા સાથે આચરાયેલા દુષ્કર્મ સંબંધે અમદાવાદના વાડજ પોલીસ મથકે BNS અને પોક્સો એક્ટ અંતર્ગત ગુન્હો નોંધાયો હતો.

સોલા સિવિલ હોસ્પિટલ અમદાવાદના સ્ત્રીરોગ નિષ્ણાત, સાયકિયાટ્રિસ્ટ, ફિઝિશિયન અને રેડિયોલોજિસ્ટની તબીબી પેનલ દ્વારા પીડિતાની તપાસ કરવામાં આવી હતી. જેના અહેવાલ મુજબ પીડિતાનો ગર્ભ 26 અઠવાડિયા અને 3 દિવસનો હતો. ડૉક્ટરોના જણાવ્યા અનુસાર MTP એક્ટ મુજબ ગર્ભપાત કરી શકાય તેમ છે.

હાઈકોર્ટે આદેશ પસાર કર્યો હતો કે સોલા સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે તમામ જરૂરી તબીબી સુવિધાઓ સાથે સગીરાના ગર્ભપાત કરાવવાની મંજૂરી આપવામાં આવે છે. સોલા સિવિલના સુપ્રિન્ટેન્ડન્ટને તુરંત જ સિનિયર સ્ત્રીરોગ નિષ્ણાતો, મનોચિકિત્સક અને સહિતના તબીબોની ટીમ બનાવી પ્રક્રિયા હાથ ધરવા આદેશ કરાયો છે.

પીડિતા પોતાના જોખમે આ સર્જરી કરાવી રહી છે તે અંગેનું



યોગ્ય બાંહેધરી પત્રક રજૂ કરશે. તબીબોએ ગર્ભના પેશીઓના જરૂરી નમૂના વૈજ્ઞાનિક પદ્ધતિથી એકત્ર કરી તપાસ અધિકારીને DNA ટેસ્ટિંગ માટે સોંપવાના રહેશે. જો બાળક જીવિત જન્મે તો હોસ્પિટલે બાળકને શ્રેષ્ઠ તબીબી સારવાર પૂરી પાડવાની રહેશે જેથી તે સ્વસ્થ રીતે ઉછરી શકે. જો પીડિતા કે તેનું કુટુંબ બાળકની જવાબદારી લેવા તૈયાર ન હોય, તો રાજ્ય સરકાર અને તેની એજન્સીઓએ જ્યુવેનાઈલ જસ્ટિસ એક્ટના કાયદાકીય પ્રાવધાનો હેઠળ તે બાળકની સંપૂર્ણ જવાબદારી અને સારસંભાળ સ્વીકારવાની રહેશે.

મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એટલે કે MTP કાયદા હેઠળ મહિલાઓને 20 સપ્તાહના ગર્ભને એક ડોક્ટરની સલાહ પર ખતમ કરવાની મંજૂરી છે. વિશેષ કેટેગરીવાળી મહિલાઓ માટે બે ડોક્ટરોની સલાહ પર પ્રથમ 20 સપ્તાહ સુધી અબોર્શનની અનુમતિ હતી, જેને વધારીને 24 સપ્તાહ કરવામાં આવી હતી. જો ગર્ભ 24 સપ્તાહથી વધુનો હોય તો નવા કાયદા અંતર્ગત મેડિકલ બોર્ડની અનુમતિથી ગર્ભપાત કરી શકાશે.

મહિલાઓ એક ડોક્ટરની સલાહથી 20 સપ્તાહના ગર્ભને ટર્મિનેટ કરાવી શકે છે. વિશેષ કેટેગરીવાળી મહિલાઓ માટે કાયદાકીય રીતે ગર્ભપાત માટે ગર્ભની વયને 20થી વધારીને 24 સપ્તાહ છે. નવા કાયદા અનુસાર જો ગર્ભ 20 સપ્તાહથી વધુનો છે તો અબોર્શન કરી શકાશે. પરંતુ તેની શરતો છે. જેમાં ગર્ભવતી મહિલાના જીવનને જોખમ હોય કે તેના શારીરિક કે માનસિક આરોગ્યને ઊંડો આઘાત લાગવાનો ડર હોય.

### અમિતનગર પાસે નિર્માણાધીન ડીમાર્ટ સાઈટ પર માટીની ભેખડ ધસી: બે દટાયા

# સ્થાનિક કામદારોએ 15 મિનિટમાં દિલધડક રેસ્ક્યુ કરીને શ્રમજીવીને બહાર કાઢ્યા....

**વડોદરા, તા.30**

વડોદરાના અમિતનગર વિસ્તાર નજીક આવેલી નિર્માણાધીન ડીમાર્ટની કન્સ્ટ્રક્શન સાઈટ પર આજે 30 જુલાઈ એક ગંભીર દુર્ઘટના સામે આવી છે. સાઈટ પર કામગીરી દરમિયાન અચાનક માટીની મોટી ભેખડ ધસી પડતાં બે શ્રમજીવીઓ દટાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલાં સ્થાનિક કામદારોએ અદ્ભુત સમયસૂચકતા અને હિંમત દર્શાવીને 15 મિનિટનું દિલધડક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું અને બંને શ્રમજીવીઓને સુરક્ષિત બહાર કાઢી લીધા હતા.



મળતી માહિતી મુજબ, કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ ચાલી રહ્યું હતું ત્યારે અચાનક માટીની ભેખડ નીચે ધસી પડી હતી, જેમાં એક પુરુષ અને એક મહિલા શ્રમજીવી દટાયા હતા. આ દુર્ઘટનાને પગલે સાઈટ પર અફરાતફરી મચી ગઈ હતી. જોકે, ત્યાં હાજર અન્ય સ્થાનિક મજૂરોએ જરાય સમય બગાડ્યા વિના જાતે જ બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. સ્થાનિક મજૂરોએ ભારે જહેમત બાદ સૌથી પહેલાં પુરુષ શ્રમજીવીને બહાર કાઢ્યો હતો. ત્યારબાદ લગભગ 15 મિનિટના દિલધડક રેસ્ક્યુ પછી ભેખડમાં દટાયેલી મહિલાને પણ બહાર કાઢવામાં સફળતા મળી હતી. આ દુર્ઘટનામાં મહિલાના પગના ભાગે ઈજાઓ પહોંચી હોવાથી તેમને તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ બનાવ અંગે માહિતી આપતાં ફાયર સ્ટેશન ઓફિસર પ્રતાપભાઈ ડામોરે જણાવ્યું હતું.

### ત્રણ લાખમાં 8 દિવસનું નવજાત મુંબઈના ડોક્ટરને વેચ્યું:

# મહેસાણાના ગામથી દંપતી ડિલિવરી કરવા જતા ઝડપાયું

## 8 સામે ગુનો દાખલ, બાળ તસ્કરીના મોટા કૌભાંડની આશંકા

**વડોદરા, તા.30**

વડોદરા ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે-48 પર આવેલી લેજન્ડ હોટલ નજીક બસમાંથી એક દંપતીને ઝડપી પાડી 8 દિવસના નવજાત બાળકને મુક્ત કરાવ્યું છે. મુંબઈના ડોક્ટર સાથે 3 લાખમાં આ બાળકની તસ્કરી કરવાનો સોદો થયો હોવાનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. પોલીસે દંપતી સહિત આ કૌભાંડમાં સંડોવાયેલા કુલ 8 આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ડીસીબી પોલીસ સ્ટેશનને મળેલી ચોક્કસ બાતમીના આધારે હાઈવે પર ઉભેલી બસમાં તપાસ કરતા મનોજભાઈ કેશાભાઈ રાવળ અને તેમના પત્ની વિણાબેન રાવળ (રહે. ચાટાવાડા, તા. સિદ્ધપુર, જી. પાટણ) તેમના 8 વર્ષના પુત્ર તથા 8 દિવસના નવજાત બાળક સાથે મળી આવ્યા હતા. બંનેની સઘન પૂછપરછમાં મુંબઈના એક કથિત ડોક્ટર સાથે બાળકનો 3 લાખમાં સોદો નક્કી થયો હતો. સોદામાંથી 2 લાખ બાળકના માતા-પિતાને, 10 હજાર દલાલી પેટે નગીન નામના શખ્સને અને 20 હજાર બાળકને મુંબઈ પહોંચાડવા બદલ મનોજભાઈ તથા વિણાબેનને મળવાના હતા. વિણાબેનના ભાઈ સુનિલ રાવળ અને દલાલ શ્રવણ પારગીએ મુંબઈના ડોક્ટર સાથે સંપર્ક કરાવી આપ્યો હતો. રેસ્ક્યુ કરાયેલા આઠ દિવસના નવજાત બાળકને તબીબી સારવાર અને સભાળ માટે વડોદરાની એસએસજી (SSG) હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું છે. વડોદરા પોલીસે આ મામલે મનોજ રાવળ, વિણાબેન રાવળ, સુનિલ રાવળ, નગીન, દલાલ શ્રવણ પારગી, બાળકના કથિત માતા-પિતા (બે અજાણ્યા વ્યક્તિઓ) અને મુંબઈના કથિત ડોક્ટર સહિત કુલ 8 લોકો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) 2023 અને બાળ ન્યાય અધિનિયમ 2015 ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી સમગ્ર નેટવર્કના મૂળ સુધી પહોંચવા તપાસ તેજ કરી છે.

# 65 લાખની જમીનનો છેતરપિંડી કેસ: બોગસ પાવર ઓફ એટર્ની બનાવી પ્લોટ વેચી મારનાર બે શાતિર આરોપીઓની પાંડેસરા પોલીસે કરી ધરપકડ

**સુરત, તા.30**

સુરત શહેરમાં જમીન-મકાન અને પ્રોપર્ટી ખરીદીમાં છેતરપિંડી આચરતી ગુનાહિત ટોળકીઓ સામે પોલીસે કડક ઝુંબેશ હાથ ધરી છે. આ અંતર્ગત પાંડેસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બોગસ અને બનાવટી દસ્તાવેજોના આધારે 65 લાખ રૂપિયાની રકમ મેળવી છેતરપિંડી આચરવાના પ્રકરણમાં પોલીસે ત્વરિત કાર્યવાહી કરી બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે. સંજીવ ઉર્ફે ચંચલ સુરેન્દ્ર બહાદુરસિંહ રાજપૂત દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે પોલીસે ગુનાહિત કાવતરું રચવા અને સરકારી તથા અર્ધ-સરકારી દફતરે ખોટા કાગળો ખરા તરીકે વાપરવા બદલ ગુનો દાખલ કર્યો હતો. આ ઘટના પ્રકાશમાં આવતા જ પોલીસે ચક્રો ગતિમાન કરી આરોપીઓને જેલભેગા કર્યા છે. પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર, આ સમગ્ર ખેલ વર્ષ 2021ના સમયગાળા દરમિયાન રચાયો હતો. આરોપીઓએ એકસંપ થઈ પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરું ઘડ્યું હતું. સુરત ડિસ્ટ્રિક્ટ, સબ ડિસ્ટ્રિક્ટ સિટી શહેરના મોજે વડોદ ગામમાં આવેલ 'એશિયાડ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ' માં પ્લોટ નંબર 01 તથા પ્લોટ નંબર 02 આવેલ છે. આરોપીઓએ આ બંને પ્લોટોનો બોગસ અને બનાવટી પાવર ઓફ એટર્ની ઊભો કર્યો



હતો. આ ખોટા દસ્તાવેજોના આધારે ફરિયાદી સાથે બંને પ્લોટનો સોદો નક્કી કરવામાં આવ્યો હતો. ફરિયાદી પાસેથી અવેજ પેટે 65 લાખ રોકડા તથા ચેકથી મેળવી લેવામાં આવ્યા હતા અને સંયુક્ત રજિસ્ટર્ડ દસ્તાવેજ કરી આપવામાં આવ્યો હતો.

દસ્તાવેજ કરી આપ્યા બાદ જ્યારે ફરિયાદીએ બંને પ્લોટના અસલ કાગળો તથા જમીનનો પ્રત્યક્ષ કબજો માંગ્યો, ત્યારે આરોપીઓ બહાનાબાજી કરવા લાગ્યા હતા. ફરિયાદીને શંકા જતાં તેમણે પોતાના નાણાં પરત માંગ્યા હતા, પરંતુ આરોપીઓએ નાણાં આપવાની ચોખી ના પાડી દીધી હતી અને છેતરપિંડી આચરી હતી. આખરે ભોગ બનનારે પાંડેસરા પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે આ મામલે તા. 06/07/2026 ના રોજ IPC કલમ 420, 465, 467, 468, 471, 34 અને 120(B) મુજબ સાત શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. આ ષડયંત્રમાં શિવમ રાજપૂત, સંદીપ મિશ્રા, રાજ મિશ્રા, મંગલાપ્રસાદ યાદવ, મિન્હાજુદ્દિન પટેલ, જાવેદ પઠાણ અને લાલમોહંમદ સિદ્દીકી સંડોવાયેલા હતા.

પાંડેસરા પોલીસની ટીમે બાતમીના આધારે ગુનામાં સંડોવાયેલા બે મુખ્ય આરોપીઓને પકડી પાડવામાં સફળતા મેળવી છે. ઝડપાયેલા આરોપીઓમાં: 1. મંગલાપ્રસાદ શિરોમણી યાદવ (ઉં.વ. 39): ધંધો- જમીન દલાલી, રહે. સાંઈધામ સોસાયટી, ગોડાદરા, સુરત (મૂળ રહે. જોનપુર, ઉત્તર પ્રદેશ). 2. શિવમ ઉર્ફે રીંકુ સ્વતંત્રપ્રતાપ સિંહ (ઉં.વ. 41): ધંધો- નોકરી, રહે. અપેક્ષાનગર, પત્રકાર કોલોની પાસે, પાંડેસરા, સુરત (મૂળ રહે. પ્રતાપગઢ, ઉત્તર પ્રદેશ). પોલીસ તપાસમાં એ પણ ચોંકાવનારો ખુલાસો થયો છે.

# 'સોશિયલ મીડિયા પર મોટી વાતો, પણ જમીન પર કશું નહીં': લિંબાયતના ક્રાંતિનગરના 300થી વધુ પરિવારો કેશડોલ સહાયથી વંચિત, વિરોધ સાથે મામલતદાર કચેરીએ પહોંચ્યા

**સુરત, તા.30**

સુરતમાં તાજેતરમાં આવેલા ખાડી પૂરના કારણે હજારો પરિવારો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. પૂરના પાણી ઓસરી ગયા બાદ રાજ્ય સરકારે પૂરગ્રસ્તોને રાહત આપવાના હેતુથી પ્રતિ પરિવાર 6,800ની કેશડોલ સહાય જાહેર કરી હતી. પરંતુ તંત્રની ઘોર બેદરકારી અને અનિયમિતતાના કારણે આજે પણ શહેરના કેટલાક વિસ્તારોમાં પૂરગ્રસ્તો આ સરકારી સહાયથી સંપૂર્ણપણે વંચિત રહ્યા છે. આ અન્યાય સામે લિંબાયત વિસ્તારના ક્રાંતિનગરના પૂરપીડિતોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. પોતાના હક્કની સહાય મેળવવા માટે 300થી વધુ સ્થાનિક નાગરિકો, ખાસ કરીને મહિલાઓ, એકત્ર થઈને ભારે વિરોધ પ્રદર્શન સાથે મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા અને સરકાર તેમજ સ્થાનિક વહીવટી તંત્ર સામે હલ્લાબોલ કર્યો હતો. સુરતના લિંબાયત સ્થિત ક્રાંતિનગર વિસ્તાર ખાડીના કાંઠે આવેલો હોવાથી દર વખતે ખાડીના પૂરના પાણી સૌથી પહેલા આ વિસ્તારમાં પ્રવેશ કરે છે. તાજેતરમાં આવેલા ખાડી પૂરમાં ક્રાંતિનગરના ઘરોમાં પાણી ભરાઈ ગયું હતું, જેના કારણે લોકોની ઘરવખરી, અનાજ અને કિંમતી સામાન પાણીમાં ગરકાવ થઈને બરબાદ થઈ ગયા હતા. દિવસો સુધી પાણી ભરાયેલા રહ્યા બાદ હવે જ્યારે પૂરમાંથી રાહત મળી છે અને પાણી ઉતરી ગયા છે, ત્યારે સ્થાનિકો સમક્ષ પુનઃવસન અને રોજીરોટીનો મોટો પ્રશ્ન ઊભો થયો છે. અન્ય વિસ્તારોમાં કેશડોલની વહેંચણી શરૂ થઈ ગઈ હોવા છતાં ક્રાંતિનગરમાં હજુ સુધી એક પણ રૂપિયો પહોંચ્યો નથી, જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો આર્થિક સંકટમાં મુકાયા છે.

મામલતદાર કચેરી ખાતે પૂરગ્રસ્તોના પ્રતિનિધિ તરીકે રજૂઆત કરવા આવેલા નૂરભાઈ ચાઈનીઝે તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા અને મીડિયા માધ્યમો મારફતે સ્પષ્ટ જાહેરાત



કરી હતી કે જેના જેના ઘરમાં પૂરના પાણી ભરાયા છે તે દરેક વ્યક્તિને 6,800ની કેશડોલ સહાય આપવામાં આવશે. પરંતુ વાસ્તવિકતા સાવ અલગ છે. ક્રાંતિનગરમાં પાણી પૂરાઈને ઉતરી પણ ગયા હોવા છતાં સ્થાનિકોને હજુ સુધી સહાયનો રૂપિયો મળ્યો નથી. સરકારી જાહેરાતો માત્ર કાગળ પર અને સોશિયલ મીડિયા પુરતી જ સીમિત રહી ગઈ છે અને જરૂરિયાતમંદ લોકો આજે પણ કચેરીઓના ચક્કર કાપવા મજબૂર બન્યા છે. મામલતદાર કચેરીએ પહોંચેલી 300થી વધુ મહિલાઓના અવાજ બનીને સ્થાનિક અગ્રણી ફરઝાના સૈયદે સરકારી સર્વે નીતિ પર ગંભીર આક્ષેપો કર્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે, ક્રાંતિનગરમાં સર્વે માટે અધિકારીઓ આવ્યા જરૂર હતા, પરંતુ તેઓ માત્ર અડધી-પડધી 2 ગલીઓમાં જઈને સર્વે કરીને ચાલતી પકડી હતી અને બાકીનો આખો વિસ્તાર છોડી દીધો હતો. ક્રાંતિનગરના 300થી વધુ પરિવારો એવા છે જેમના ઘરોમાં પાણી ભરાયા હતા પરંતુ તેમનું નામ સર્વે યાદીમાં સામેલ જ કરવામાં આવ્યું નથી. આ પ્રકારનો અર્ધકચરો અને ભેદભાવપૂર્ણ સર્વે સાંખી લેવાશે નહીં. અન્ય વિસ્તારોના પૂરગ્રસ્તોને જે રીતે કેશડોલ મળી છે તે જ રીતે ક્રાંતિનગરના દરેક પીડિત પરિવારને વળતર મળવું જ જોઈએ.

સ્થાનિકોનો મોરચો જ્યારે મામલતદાર કચેરીએ પહોંચ્યો ત્યારે મામલતદાર શ્રી અન્ય સરકારી કામગીરી માટે બહાર ગયા હોવાથી ઉપસ્થિત ન હતા. આથી આક્રોશિત લોકોએ કચેરી પરિસરમાં જ રજૂઆત ચાલુ રાખી હતી. પરિસ્થિતિને ધ્યાને રાખીને મામલતદાર કચેરીના આસિસ્ટન્ટ અધિકારીએ પૂરગ્રસ્તોના મંડળ સાથે વિગતવાર ચર્ચા કરી હતી. અધિકારીએ હકારાત્મક વલણ દાખવીને લોકોને આશ્વાસન આપ્યું હતું કે કાલે જ ક્રાંતિનગર વિસ્તારમાં વધારાના સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની ટીમો મોકલવામાં આવશે. આ ટીમો ફટાફટ સમગ્ર વિસ્તારનો નવેસરથી સર્વે કરશે અને જે પણ લોકોના ઘરમાં પાણી ભરાયા છે તેવા તમામ સાચા લાભાર્થીઓને તાત્કાલિક ધોરણે કેશડોલ સહાય ચૂકવવાની વ્યવસ્થા કરવામાં આવશે.

તંત્ર દ્વારા આપવામાં આવેલા આશ્વાસન બાદ હાલ પૂરતા સ્થાનિકો શાંત પડ્યા છે અને કાલે થનારા સર્વેની રાહ જોઈ રહ્યા છે. જોકે, ક્રાંતિનગરના રહેવાસીઓએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો આવતીકાલે વહીવટી તંત્ર દ્વારા યોગ્ય સર્વે કરવામાં નહીં આવે અથવા કેશડોલની ચૂકવણીમાં વિલંબ કરવામાં આવશે તો તેઓ ચૂપ બેસશે નહીં. 300થી વધુ અસરગ્રસ્ત પરિવારો પોતાના ન્યાયિક હક્ક માટે ઉગ્ર આંદોલન કરવા અને મામલતદાર કચેરી સામે ધરણા કરવા મજબૂર બનશે. હવે જોવાનું એ રહેશે કે સરકારી તંત્ર પોતાનું વચન પાળે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



# નેપાળમાં સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળી, 2 લોકોનાં મોત

## ઘણા જિલ્લાઓમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો, કાવડ યાત્રા દરમિયાન ડીજે વગાડવાને લઈને વિવાદ

**કાઠમંડુ, તા.30**

નેપાળના સુનસરી જિલ્લામાં રવિવારે રાત્રે કાવડ યાત્રા દરમિયાન મોટા અવાજે ડીજે વગાડવાને લઈને શરૂ થયેલો એક નાનો વિવાદ હવે મોટા સાંપ્રદાયિક તણાવમાં ફેરવાઈ ગયો છે.

શરૂઆતમાં આ મામલો બે સમુદાયો વચ્ચે બોલાચાલી પૂરતો મર્યાદિત હતો, પરંતુ જોતજોતામાં હિંસા ફેલાઈ ગઈ અને પોલીસને પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ગોળીબાર કરવો પડ્યો.

આ હિંસામાં અત્યાર સુધીમાં બે લોકોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો ઘાયલ થયા છે. ઘટના બાદ સમગ્ર તરાઈ-મધેશ ક્ષેત્રમાં વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા. પ્રદર્શન દરમિયાન સિરાહામાં વધુ એક યુવકના મોત બાદ તણાવ વધુ વધી ગયો.

પરિસ્થિતિને જોતા પ્રશાસને સિરાહા, ધનુષા સહિત ઘણા જિલ્લાઓમાં આગામી આદેશ સુધી કર્ફ્યુ લગાવી દીધો છે.

શ્રદ્ધાળુઓ કોસી બેરેજમાંથી જળ લઈને પાછા ફરી રહ્યા હતા અને તેમની સાથે ડીજે અને લાઉડસ્પીકર પણ વાગી રહ્યા હતા. આ દરમિયાન બીજા સમુદાયના કેટલાક લોકોએ જોરથી વાગી રહેલા સંગીત પર વાંધો ઉઠાવ્યો.

પહેલા બંને પક્ષો વચ્ચે દલીલ થઈ, પછી ધક્કામુક્કી શરૂ થઈ ગઈ અને જોતજોતામાં મામલો હિંસક અથડામણમાં બદલાઈ ગયો.

શરૂઆતમાં સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને બંને પક્ષોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો. પરંતુ થોડી જ વારમાં બંને સમુદાયના વધુ



લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા.

ઘણા લોકોના હાથમાં લાકડી, વાંસ, પથ્થર અને ભાલા જેવા હથિયારો હતા. આ પછી બંને તરફથી પથ્થરમારો શરૂ થઈ ગયો.

પથ્થરમારામાં 8 પોલીસકર્મીઓ, જેમાં એક ઈન્સ્પેક્ટર પણ સામેલ હતા, ઘાયલ થયા. પરિસ્થિતિ વણસતા આસપાસના પોલીસ સ્ટેશનો અને આર્મ્ડ પોલીસ ફોર્સ (APF)ની વધારાની ટીમોને બોલાવવામાં આવી.

પોલીસના જણાવ્યા અનુસાર, ભીડને પહેલા કાબૂમાં લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો. એક પોલીસ અધિકારીએ ત્રણ હવામાં ફાયર પણ કર્યા, પરંતુ હિંસા અટકી નહીં. ત્યારબાદ રાત્રે લગભગ 10:45 વાગ્યે પોલીસે ગોળીબાર કર્યો.

ગોળી વાગવાથી ઓમ પ્રકાશ મહેતાનું મૃત્યુ થયું. અન્ય ઘણા લોકો પણ ગોળી વાગવાથી ઘાયલ થયા. બાદમાં સારવાર દરમિયાન જયપ્રકાશ મહેતાનું પણ મૃત્યુ થયું, જેનાથી આ ઘટનામાં મૃત્યુ પામનારાઓની સંખ્યા બે થઈ ગઈ.

નેપાળના મધેશ અને તરાઈ પ્રદેશમાં વધતા સાંપ્રદાયિક તણાવ અંગે સુરક્ષા એજન્સીઓએ સરકારને ત્રણ વર્ષ પહેલા જ ચેતવણી આપી દીધી હતી, પરંતુ તેના પર કોઈ ખાસ કાર્યવાહી થઈ ન હતી. હવે સુનસરી અને મધેશમાં થયેલી તાજેતરની હિંસા પછી આ રિપોર્ટ ફરી ચર્ચામાં છે.

કાંતિપુરના રિપોર્ટ અનુસાર, નેપાળના સીમા સુરક્ષા અને રમખાણ નિયંત્રણ દળ આર્મ્ડ પોલીસ ફોર્સ (APF)એ ત્રણ વર્ષ પહેલા સરકારને એક ગુપ્ત રિપોર્ટ સુપરત કર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે તરાઈ પ્રદેશમાં ધર્મ અને જાતિના આધારે લોકોને વિભાજિત કરવાના સંગઠિત પ્રયાસો થઈ રહ્યા છે.

રિપોર્ટમાં ઓલી સરકારને તાત્કાલિક રાજકીય અને વહીવટી પગલાં લેવાની ભલામણ કરવામાં આવી હતી, પરંતુ અધિકારીઓનું કહેવું છે કે તે સમયે સરકારે તેને ગંભીરતાથી લીધું ન હતું.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે નેપાળે ભારતના મણિપુર અને દક્ષિણ એશિયાના અન્ય દેશોમાં થયેલી સાંપ્રદાયિક હિંસામાંથી બોધપાઠ લેવો જોઈએ.



નવી દિલ્હીમાં રાજ્યમાં કથિત પેપર લીક થવાના મામલે પંજાબના શિક્ષણ પ્રધાન હરજોત સિંહ બેન્સના રાજીનામાની માંગણી સાથે ભાજપના સમર્થકોએ આમ આદમી પાર્ટીના કાર્યાલય ખાતે વિરોધ પ્રદર્શન કર્યું.

# અમેરિકાએ માનવી જેવા દેખાતા રોબોટ પર પ્રતિબંધ મૂક્યો: દેશની સુરક્ષાને ખતરો ગણાવ્યો

**વોશિંગ્ટન, તા.30**

અમેરિકાએ ચીન સહિત અન્ય દેશોમાંથી આવતા માણસ જેવા દેખાતા (હ્યુમનૉઇડ) અને ચાર પગે ચાલતા (ક્વાડ્રુપેડ) રોબોટની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. અમેરિકાના ફેડરલ કોમ્યુનિકેશન્સ કમિશન (FCC) એ આ નિર્ણય પાછળ રાષ્ટ્રીય સુરક્ષા અને સાયબર સુરક્ષા સંબંધિત જોખમોનો ઉલ્લેખ કર્યો છે. જોકે, આ પ્રતિબંધ ફક્ત તે રોબોટ પર લાગુ પડશે જે હજુ અમેરિકા પહોંચ્યા નથી. પહેલાંથી ઉપયોગમાં લેવાઈ રહેલા રોબોટ આ નિર્ણયના દાયરામાં આવશે નહીં. આ નિર્ણય પર ચીને સખત પ્રતિક્રિયા આપી છે. વોશિંગ્ટન સ્થિત ચીની દૂતાવાસે આરોપ લગાવ્યો કે અમેરિકા કોઈ પણ પુરાવા વિના ચીની કંપનીઓને નિશાન બનાવી રહ્યું છે. ચીને કહ્યું કે તે પોતાના હિતોની રક્ષા માટે જરૂરી વળતા પગલાં લેશે. અમેરિકાનું માનવું છે કે જો દેશની આવશ્યક સેવાઓમાં વિદેશી કંપનીઓના રોબોટનો ઉપયોગ વધતો જશે, તો રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો વધી શકે છે.

સરકારને આશંકા છે કે કોઈ વિવાદ કે તણાવની સ્થિતિમાં આ રોબોટનો પુરવઠો પ્રભાવિત થઈ શકે છે. આ ઉપરાંત, સાયબર હુમલાઓ દ્વારા વીજળી ગ્રીડ, સંચાર નેટવર્ક અને અન્ય મહત્વપૂર્ણ સિસ્ટમોને પણ નિશાન બનાવી શકાય છે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે અમેરિકા અને ચીન વચ્ચે AI, રોબોટિક્સ અને અન્ય અદ્યતન



તકનીકોમાં પ્રભુત્વ મેળવવાની સ્પર્ધા તેજ બની છે. અમેરિકા ઈચ્છે છે કે ભવિષ્યની મહત્વપૂર્ણ તકનીકો માટે તેની વિદેશી કંપનીઓ પરની નિર્ભરતા ઓછી થાય અને સ્થાનિક કંપનીઓ મજબૂત બને. પ્રતિબંધ તમામ વિદેશી કંપનીઓ પર લાગુ પડશે, પરંતુ તેની સૌથી મોટી અસર ચીન પર પડવાની અપેક્ષા છે. કારણ કે ચીન આજે વિશ્વનો સૌથી મોટો રોબોટ ઉત્પાદક અને સૌથી મોટો બજાર બની ચૂક્યું છે. 2024માં ચીને તેની ફેક્ટરીઓમાં 2.95 લાખ ઔદ્યોગિક રોબોટ લગાવ્યા, જ્યારે અમેરિકાએ માત્ર 34,200 રોબોટ લગાવ્યા. એટલે કે ચીને અમેરિકા કરતાં લગભગ 9 ગણા વધુ રોબોટ લગાવ્યા. આ સમયે ચીનની ફેક્ટરીઓમાં 20 લાખથી વધુ ઔદ્યોગિક રોબોટ કામ કરી રહ્યા છે, જ્યારે અમેરિકામાં તેમની સંખ્યા લગભગ 3.94 લાખ છે.

અમેરિકામાં ઉપયોગમાં લેવાતા મોટાભાગના ઔદ્યોગિક રોબોટ્સ જાપાન અને યુરોપમાંથી આવે છે. પરંતુ હ્યુમનૉઇડ રોબોટ્સના ક્ષેત્રમાં ચીન ઝડપથી સૌથી આગળ નીકળી ગયું છે. ગયા વર્ષે અમેરિકા જ ચીનમાં બનેલા હ્યુમનૉઇડ રોબોટ્સનો સૌથી મોટો વિદેશી ખરીદનાર હતો. નિષ્ણાતોનું કહેવું છે કે સૌથી અદ્યતન AI મોડલ વિકસાવવામાં અમેરિકા હજુ પણ આગળ છે. જોકે, ચીને ઓછા સમયમાં ઘણા નવા AI મોડલ રજૂ કર્યા છે અને AI સંચાલિત હ્યુમનૉઇડ રોબોટ્સના ઉત્પાદનમાં મોટી છલાંગ લગાવી છે. AP અનુસાર, દુનિયામાં તૈનાત લગભગ 85% હ્યુમનૉઇડ રોબોટ ચીનના છે. જ્યારે મોર્ગન સ્ટેનલીનો અંદાજ છે કે 2030 સુધીમાં ચીનનું હ્યુમનૉઇડ રોબોટ બજાર 15 અબજ ડોલરનું થઈ શકે છે. રિસર્ચ ફર્મ ઓમ્ડિયા અનુસાર, 2025માં દુનિયાભરમાં લગભગ 15 હજાર હ્યુમનૉઇડ રોબોટ મોકલવામાં આવ્યા. તેમાં ચીનની યુનિટ્રી અને એજીઆઈબોટે એકલાએ 5-5 હજારથી વધુ રોબોટ સપ્લાય કર્યા.

# ઈરાન-અમેરિકા યુદ્ધમાં પહેલી વખત ઈજિપ્ત પર હુમલો: દામિયાતા પોર્ટ પર ડ્રોન એટેક, ગેસ ભરેલા બે જહાજોમાં આગ લાગી....

**તહેરાન, તા.30**

ઈરાન-અમેરિકા વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે ઈજિપ્ત સુધી પહોંચી ગયું છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, ઈજિપ્ત સરકારે ગુરુવારે જણાવ્યું કે બુધવારે દમિયાતા બંદર પર બે ગેસ ટેન્કરોમાં લાગેલી આગ અકસ્માત નહોતો, પરંતુ ડ્રોન હુમલાનું પરિણામ હતું. રિપોર્ટ્સ અનુસાર, ડ્રોને અમેરિકી કંપનીના નેચરલ ગેસ સ્ટોરેજ ટેન્કર એનરગોસ વિન્ટરને નિશાન બનાવ્યું, જેના પછી આગ નજીકમાં ઉભેલા બીજા ટેન્કર ગેસલોગ સલેમ સુધી ફેલાઈ ગઈ. જોકે, ફાયર બ્રિગેડની ટીમે ઝડપથી આગ પર કાબૂ મેળવી લીધો અને કોઈ જાનહાનિ થઈ નહોતી. આ હુમલા પાછળ ઈરાનનો હાથ હોવાનું કહેવાય છે.

ન્યૂયોર્ક ટાઈમ્સના બે ઈરાની સૂત્રોના હવાલાથી દાવો કરવામાં આવ્યો છે કે હુમલાનો હેતુ એ સંદેશ આપવાનો હતો કે જો યુદ્ધ વધુ વધશે તો દુનિયાની દરિયાઈ શિપિંગ અને એનર્જી સપ્લાય પણ ગંભીર રીતે પ્રભાવિત થઈ શકે છે.

ટ્રમ્પે ઈરાનને ફરીથી સૈન્ય કાર્યવાહીની ચેતવણી આપી: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે જો સ્થિતિ બગડશે તો અમેરિકા ઈરાન પર 'ખૂબ જ જોરદાર હુમલો' કરશે. જોકે, તેમણે ભવિષ્યમાં સમજૂતીની શક્યતાને પણ નકારી નથી.

અમેરિકા-સાઉદીના સંયુક્ત હુમલા, ઈરાકમાં 20 PMF લડવૈયા માર્યા ગયા: અમેરિકા અને સાઉદી અરેબિયાએ ઈરાકમાં ઈરાન સમર્થિત PMFના ઠેકાણાઓ પર સંયુક્ત હવાઈ હુમલા કર્યા. PMF અનુસાર, હુમલામાં ઓછામાં ઓછા 20 લડવૈયા માર્યા ગયા અને અન્ય ઘણા ઘાયલ થયા.

ઈજિપ્તના બંદર પર અમેરિકી ગેસ ટેન્કર પર ડ્રોન હુમલો: ઈજિપ્તના દમિયત્તા પોર્ટ પર અમેરિકી ગેસ સ્ટોરેજ ટેન્કરને ડ્રોનથી નિશાન બનાવવામાં આવ્યું. હુમલા બાદ આગ લાગી ગઈ, પરંતુ પ્રશાસને સ્થિતિ પર ઝડપથી કાબૂ મેળવી લીધો.

ક્રૂડ ઓઈલનો ભાવ 90 ડોલરની નજીક, 100 ડોલર સુધી જવાની આશંકા: મિડલ ઈસ્ટમાં વધતા તણાવ વચ્ચે બ્રેન્ટ ક્રૂડ લગભગ 90 ડોલર પ્રતિ બેરલ પહોંચી ગયું. નિષ્ણાતોનું માનવું છે કે જો સ્થિતિ વધુ બગડશે તો કિંમત



100 ડોલર સુધી જઈ શકે છે.

ઈરાન બોલ્યું- અમારી પરવાનગી વિના હોર્મુઝમાંથી કોઈ જહાજ પસાર થશે નહીં: ઈરાની નૌકાદળે દાવો કર્યો કે હોર્મુઝ સ્ટ્રેટ અને આસપાસના દરિયાઈ વિસ્તાર પર તેનું સંપૂર્ણ નિયંત્રણ છે. તેણે કહ્યું કે તેની પરવાનગી વિના કોઈ જહાજની અવરજવર થઈ શકે નહીં. કેન્દ્ર સરકારે કહ્યું છે કે દુબઈની એક ઈરાની હોસ્પિટલ બંધ થવાથી પ્રભાવિત 130થી વધુ ભારતીય નાગરિકોને શક્ય તમામ સહાયતા આપવામાં આવી રહી છે. સરકારે આ મુદ્દો રાજદ્વારી માધ્યમો દ્વારા સંયુક્ત આરબ અમીરાત (UAE)ના અધિકારીઓ સમક્ષ પણ ઉઠાવ્યો છે. સરકાર મુજબ, હોસ્પિટલ બંધ થવાથી ત્યાં કાર્યરત 130થી વધુ ભારતીયો પ્રભાવિત થયા છે. ભારતીય દૂતાવાસ અને સંબંધિત અધિકારીઓ પ્રભાવિત લોકોના સંપર્કમાં છે તથા તેમને આવશ્યક સહાયતા પુરી પાડવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે.

કેન્દ્રએ કહ્યું કે આ મુદ્દાને રાજદ્વારી માધ્યમો દ્વારા UAE પ્રશાસન સમક્ષ ઉઠાવવામાં આવ્યો છે. જોકે, વિઝા જારી કરવા, તેનું નવીનીકરણ અથવા અન્ય વિઝા સંબંધિત નિર્ણય યજમાન દેશનો સાર્વભૌમ અધિકાર હોય છે અને તેના પર અંતિમ નિર્ણય તે જ દેશની સરકાર લે છે.

સરકારે ભરોસો અપાવ્યો કે તે પ્રભાવિત ભારતીય નાગરિકોના હિતોની રક્ષા માટે પ્રતિબદ્ધ છે અને સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે આરબ દેશો પોતાને આ સંઘર્ષથી દૂર રાખવા માંગે છે. મિડલ ઈસ્ટ મામલાઓના જાણકાર ફેલો ઝૈદોન અલકિનાનીએ અલ જઝીરા સાથેની વાતચીતમાં કહ્યું કે આ સંઘર્ષની સૌથી નજીક રહેલા તમામ આરબ દેશોનો એક જ હેતુ છે - કોઈપણ ભોગે સીધા સંઘર્ષનો ભાગ બનવાથી બચવું. તેમના મતે, ઈરાન અને ઈઝરાયલ બંને ઈચ્છે છે કે યુદ્ધનો વ્યાપ વધે અને અન્ય દેશો પણ તેમાં કોઈને કોઈ રીતે સામેલ થાય. અલકિનાનીના મતે, ઈરાન ઈચ્છે છે કે આરબ દેશોને અનુભવાય કે તેમની સુરક્ષા પણ આ યુદ્ધ સાથે જોડાયેલી છે. જો વર્તમાન સંઘર્ષની વાત કરીએ તો, ઈરાને પહેલાથી જ ઈરાક, કુવૈત, કતાર અને બહેરીન જેવા દેશોમાં હુમલા કર્યા છે.

# ચીને LAC નજીક તહેનાત કર્યા 12 J-20 સ્ટીલ્થ ફાઈટર જેટ, સેટેલાઈટ તસવીરોમાં ખુલાસો...

**નવી દિલ્હી, તા.30**

ભારત સાથેની વાસ્તવિક નિયંત્રણ રેખા(LAC) સામે ચીનની સરહદે ચીની વાયુસેનાની મોટી હલચલ સામે આવી છે. સેટેલાઈટ તસવીરોમાં ખુલાસો થયો છે કે ચીને ભારતીય સરહદ તરફ તેના બે એરબેઝ પર ઓછામાં ઓછા 12 અત્યાધુનિક J-20 સ્ટીલ્થ ફાઈટર જેટ તહેનાત કર્યા છે. તાજેતરના વર્ષોમાં સરહદ નજીક ફિફ્થ જનરેશન સ્ટીલ્થ વિમાનોનો આ સૌથી મોટો જમાવડો માનવામાં આવી રહ્યો છે.

'વાન્ટોર' (Vantor) નામની કોમર્શિયલ સેટેલાઈટ ફર્મ દ્વારા લેવાયેલી આ તસવીરોમાં પીપલ્સ લિબરેશન આર્મી એરફોર્સ (PLAAF) દ્વારા શિનજિયાંગના હોટાન એરબેઝ અને તિબેટના દામક્ષુંગ એરબેઝ પર આ વિમાનો તહેનાત કરાયેલા દેખાય છે. હોટાન એરબેઝ (શિનજિયાંગ): 9 જુલાઈની તસવીરો અનુસાર, શિનજિયાંગ ઉઈઘુર સ્વાયત્ત વિસ્તારમાં આવેલા આ નાગરિક અને લશ્કરી (દ્વાર-ઉપયોગી) એરબેઝના ટારમેક (રન-વે) પર 8 J-20 'માઈટી ડ્રેગન' સ્ટીલ્થ ફાઈટર પાર્ક કરેલા જોવા મળ્યા હતા. હોટાન એરબેઝ ઉત્તર લદાખમાં આવેલી ભારતીય



વાયુસેનાની દૌલત બેગ ઓલ્ડી (DBO) નામની ફોરવર્ડ પોસ્ટ (સેનાની ચોકી) આશરે 245 કિ.મી. અને લેહથી આશરે 389 કિમી દૂર આવેલું છે. દામક્ષુંગ એરબેઝ (તિબેટ): 25 જૂનની અન્ય એક સેટેલાઈટ તસવીરમાં તિબેટના લ્હાસા પ્રદેશમાં આવેલા દામક્ષુંગ એરબેઝ પર વધુ 4 J-20 વિમાનો પ્રોટેક્ટિવ કેનોપી કવર (રક્ષણાત્મક શેડ) નીચે પાર્ક થયેલા દેખાયા હતા. આ એરબેઝ અરુણાચલ પ્રદેશના તવાંગથી ઉત્તર-પશ્ચિમમાં આશરે 344 કિમી દૂર છે. આમ, માત્ર બે સપ્તાહના સમયગાળામાં જ બંને લોકેશન પર મળીને કુલ 12 જેટલા J-20 સ્ટીલ્થ ફાઈટર વિમાનો કેમેરામાં કેદ થયા છે. J-20 એ ચીનનું પ્રમુખ સ્ટીલ્થ ફાઈટર છે, જે તેની ખાસ એરફ્રેમ ડિઝાઈનને કારણે રડારની પકડમાં આવ્યા વિના હુમલો કરી શકે છે. તે ચીનના વિમાનોના કાફલાનું સૌથી અદ્યતન ફાઈટર જેટ ગણાય છે.

સંરક્ષણ સૂત્રોના જણાવ્યા મુજબ, ઊંચાઈવાળા વિસ્તારોમાં આવેલા એરબેઝ પર J-20 વિમાનોનું વારંવાર દેખાવું એ દર્શાવે છે કે ચીન હવે કોઈ ચોક્કસ ઘટનાના પ્રતિભાવરૂપે અસ્થાયી ધોરણે નહીં, પરંતુ નિયમિત લશ્કરી વ્યૂહરચનાના ભાગરૂપે જ આ તહેનાતી કરી રહ્યું છે. આ તહેનાતી એવા સમયે સામે આવી છે જ્યારે ભારતીય વાયુસેના તેના ઘટતા ફાઈટર સ્ક્વોડ્રનની સમસ્યાનો સામનો કરી રહી છે. ભારતનો સ્વદેશી LCA તેજસ Mk1A પ્રોજેક્ટ બે વર્ષથી વધુ સમયથી વિલંબમાં છે, જ્યારે રાફેલ સહિત 114 મલ્ટી-રોલ ફાઈટર એરક્રાફ્ટ(MRFA)ની ખરીદી પ્રક્રિયા હજુ સરકારી પ્રક્રિયા હેઠળ જ આગળ વધી રહી છે.

# કોંગોમાં ઈબોલા વાઈરસનો એટેક! 24 કલાકમાં 50ના મોત, 1 કરોડ લોકો પર ખાદ્યનું સંકટ: સંયુક્ત રાષ્ટ્ર ચિંતામાં

**કોંગો, તા.30**

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (DRC)માં ઈબોલા વાયરસનો પ્રકોપ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે, જેને પગલે સંયુક્ત રાષ્ટ્ર (UN)ના બે વરિષ્ઠ અધિકારીઓએ આંતરરાષ્ટ્રીય સમુદાયને તાત્કાલિક ધોરણે રાહત પ્રયાસો વધારવા હાકલ કરી છે. કોંગોમાં આ રોગચાળો બચાવ કામગીરી કરતાં પણ વધુ ઝડપે ફેલાઈ રહ્યો છે. યુએનના વરિષ્ઠ ઈબોલા સંયોજક જ્યુલિયન હાર્નીસ અને વિશ્વ ખાદ્ય કાર્યક્રમ (WFP)ના કાર્યકારી નિયામક કાર્લ સ્કાઉએ કોંગોના ઈતુરી પ્રાંતની રાજધાની બૂનિયાથી એક વર્ચ્યુઅલ પ્રેસ બ્રીફિંગ દરમિયાન આ ગંભીર પરિસ્થિતિ અંગે વૈશ્વિક સમુદાયનું ધ્યાન દોર્યું હતું. ઉલ્લેખનીય છે કે, બૂનિયા હાલમાં આ ઈબોલા પ્રકોપનું મુખ્ય કેન્દ્ર બનેલું છે.



અધિકારીઓએ આપેલા આંકડા મુજબ, કોંગોમાં માત્ર 24 કલાકમાં ઈબોલાના કારણે 50 લોકોના મોત થયા છે. અહીં દર 20 દિવસે કેસની સંખ્યા બમણી થઈ રહી છે, જે બચાવ ટુકડીઓની કામગીરી કરતાં ઘણી વધારે સ્પીડથી આગળ વધી રહી છે.

WFPના નિયામક કાર્લ સ્કાઉના જણાવ્યા અનુસાર, કોંગોમાં આ અત્યાર સુધીનો સૌથી ઝડપથી ફેલાતો ઈબોલા સંકટ છે. ભૂતકાળની સરખામણી કરતા તેમણે જણાવ્યું કે, પશ્ચિમ આફ્રિકામાં જ્યારે 1000 લોકોના મોત માટે 8 મહિનાનો સમય લાગ્યો હતો, તેની સામે કોંગોમાં છેલ્લા માત્ર બે મહિનામાં જ 1000 લોકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે. પૂર્વ કોંગોમાં લાંબા સમયથી ચાલી રહેલા આંતરિક સંઘર્ષને કારણે સ્થિતિ વધુ વણસી છે. હાલમાં આશરે 1 કરોડ લોકો ખાદ્ય અસુરક્ષા અને ગંભીર સંકટનો સામનો કરી રહ્યા છે. ઈબોલાનું કેન્દ્ર ગણાતા ઈતુરી વિસ્તારમાં જ લગભગ 20 લાખ લોકોને તાત્કાલિક અનાજ અને ખાદ્ય સહાયની જરૂરિયાત છે. રોગચાળો અને ભૂખમરો બંને એકસાથે આવતા સ્થાનિક નાગરિકોની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે.

યુએનના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે વધુ ફંડિંગ, તબીબી સામગ્રી, મેડિકલ ટીમો અને અસરગ્રસ્ત વિસ્તારો સુધી પહોંચવાની મંજૂરી ખૂબ જ જરૂરી છે. જ્યુલિયન હાર્નીસે વિશ્વના દેશોને તેમની સીમાઓ ખુલ્લી રાખવા વિનંતી કરી છે, જેથી રાહત કાર્યકરો અને જરૂરી તબીબી સાધનો વગર કોઈ અવરોધે કોંગો સુધી પહોંચાડી શકાય.




સંસદના ચાલુ ચોમાસા સત્ર દરમિયાન અયોધ્યાના શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં દાનની કથિત ઉચાપત અંગે JMM સાંસદ મહુઆ માજી, TMC સાંસદ મહુઆ મોઈત્રા અને કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા, કેસી વેણુગોપાલ, સંજના જાટવ અને અન્યોએ નવી દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કર્યું.

## તંત્રી લેખ

# શું યુપીએ સરકાર પર થયેલા ભ્રષ્ટાચારના આક્ષેપો પોલા હતા?

૨૦૧૨માં યુપીએ સરકારમાં ભ્રષ્ટાચાર વધ્યો હોવાનો આક્ષેપ કરીને અન્ના હજારે અને અરવિંદ કેજરીવાલે મોટું આંદોલન કર્યું હતું. એમની માંગણી જન લોકપાલ બીલની હતી, પરંતુ મુખ્ય ટાર્ગેટ તત્કાલીન કેન્દ્ર સરકાર હતી. એ વખતે વિરોધપક્ષોએ પણ આંદોલનનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો હતો. હવે એક પછી એક એવા ચુકાદા આવી રહ્યા છે કે, યુપીએ સરકાર સામે ભાજપે કરેલા ભ્રષ્ટાચારના આક્ષેપો ખોટા પુરવાર થઈ રહ્યા છે. તત્કાલીન વડાપ્રધાન ડો. મનમોહન સિંહ સામે કોલસા બ્લોક વહેંચણી મામલે ભ્રષ્ટાચારનો કેસ થયો હતો, એ કેસ સુપ્રિમ કોર્ટે બંધ કરીને મનમોહન સિંહને ક્લિનચીટ આપી છે. નવાઈની વાત એ છે કે મનમોહન સિંહનું મૃત્યુ બે વર્ષ પહેલા થઈ ગયું હતું અને હવે સુપ્રિમ કોર્ટે હુકમ કર્યો છે કે, મનમોહન સિંહ અને બીજા આરોપીઓને સમન્સ પાઠવવાનો સ્પેશ્યલ કોર્ટનો હુકમ રદ કરવામાં આવે છે. આપણા દેશની ન્યાય પ્રણાલી એટલી હદે ખાડે ગઈ છે કે, આવા અગત્યના કેસોના ચુકાદા પણ જ્યારે સમયસર નહીં આવતા હોય ત્યારે બીજા કેસોનું તો શું કહેવું.

કોકરોચ જનતા પાર્ટીએ ફરીથી દેશવ્યાપી આંદોલન કરવાની ચેતવણી આપી છે. પક્ષનો આક્ષેપ છે કે કેન્દ્ર સરકાર પેપર લીક વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ સામે થયેલી એફઆઈઆર પરત લેવાના વચનથી પીછેહટ કરી રહી છે. સીજેપીનુ કહેવું છે કે સરકાર પોતાની મનમાની કરવા માટે સુપ્રિમ કોર્ટે કરેલી ટીપ્પણીઓની મદદ લે છે. સીજેપીના સ્થાપક અભિજીત દિપકેએ કહ્યું હતું કે, જો વિદ્યાર્થીઓને પરેશાન કરવાનું બંધ નહીં થાય અને એમની સામે થયેલી ફરિયાદો પાછી નહીં ખેંચાય તો એમનો પક્ષ ટુંક સમયમાં ફરીથી રસ્તા પર ઉતરશે. ૨૦ જુલાઈએ વિદ્યાર્થીઓએ પોલીસની લાઠીઓ ખાઈ છે. જો સરકાર વિદ્યાર્થીઓને હેરાન કરવાનું ચાલુ રાખશે તો એને ભારે પડશે. દિપકેનું એમ પણ કહેવું છે કે એફઆઈઆર પાછી ખેચવા માટે સુપ્રિમ કોર્ટે કહ્યું નથી.'

આરએસએસના સર સંઘચાલક મોહન ભાગવતે ફરી વખત એક એવું નિવેદન કર્યું છે કે, સંઘના ટેકેદારો તેમજ ભાજપના નેતાઓ દ્વિધામાં પડી ગયા છે. કોકરોચ જનતા પાર્ટીએ દિલ્હીમાં જે આંદોલન કર્યું એનાથી ભાજપના નેતાઓ અને સંઘના સ્વયંસેવકો સ્વાભાવિક છે કે નારાજ થયા હતા. જોકે ૭૫ વર્ષના મોહન ભાગવત કંઈક અલગ માનતા હોય એમ લાગે છે. એમ લાગે છે કે, મોહન ભાગવત આંદોલનકારીઓને મનોમન ટેકો આપતા હતા. હૈદરાબાદમાં વિશ્વ માંગલ્ય સભા દ્વારા આયોજીત એક કાર્યક્રમમાં ભાગવતે કહ્યું હતું કે, આજના યુવાનો વિવિધ ટ્રેન્ડ્સથી ભારે પ્રભાવિત થાય છે અને લાગણીશીલ પણ થઈ જાય છે. તેઓ કોઈ વખત શાંત મનથી વિચારતા નથી. ભાગવતે કહ્યું હતું કે, 'જેન ઝી સારી છે, પરિસ્થિતિ પ્રમાણે સમાધાન કરી લે છે. સ્વભાવથી લાગણીશીલ છે. જો એમની સામે કોઈ વસ્તુ પ્રમાણીકતાપુર્વક રજુ કરવામાં આવે તો તેઓ આકર્ષિત થઈ જાય છે.'

મધ્યપ્રદેશમાં ખેડૂતોનું આંદોલન ધીરે ધીરે જોર પકડી રહ્યું છે. મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં લગભગ ત્રણ હજાર ખેડૂતોએ રસ્તા પર અડીંગો જમાવ્યો છે. તેઓ મુખ્યમંત્રીના નિવાસસ્થાને કૂચ કરવાની તૈયારીમાં છે. 'મીનીમમ સપોર્ટ પ્રાઈઝ ઈન એગ્રીકલ્ચર' (એમએસપી) પર મગની ૧૦૦ ટકા ખરીદ કરવાની માંગણી ખેડૂતો કરી રહ્યા છે. સંયુક્ત કિસાન મોરચાના બેનર હેઠળ ૧૯ ખેડૂત સંગઠનો સરકાર સામે દેખાવો કરી રહ્યા છે. જે રીતે કેન્દ્રમાં ખેડૂત આંદોલન વખતે ખેડૂતો બોરીયા બીસ્તર સાથે રસ્તા પર બેસી ગયા હતા, એ જ રીતે મધ્યપ્રદેશના ખેડૂતો ખાવાનું બનાવવાના વાસણો, રેશન, કપડા અને ગાદલા તકિયા સાથે ભોપાલ પહોંચી ગયા છે. જે રીતે રાજ્યભરમાંથી ખેડૂતો ભોપાલ તરફ આવી રહ્યા છે એ જોઈને મધ્યપ્રદેશ સરકારની ઊંઘ ઉડી ગઈ છે. દિલ્હીમાં વિદ્યાર્થીઓએ કરેલા પ્રદર્શન બાબતે વિવાદાસ્પદ નિવેદન આપનાર આરએસએસના નેતા ટીજી મોહનદાસ વિરુદ્ધ કેરળની પોલીસે કેસ દાખલ કર્યો છે.

ચીન દ્વારા તાજેતરમાં પોતાના પૂર્વ કિનારે આવેલા સમુદ્રમાં એક વિશાળ જહાજમાંથી 'કોમર્શિયલ ગ્રેવિટી-૧' નામના રોકેટનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેનાથી સમગ્ર વિશ્વમાં એક નવી વૈશ્વિક ચર્ચાએ જન્મ લીધો છે. સ્પેસરેસમાં આ પરીક્ષણને એક અત્યંત મહત્વપૂર્ણ અને રણનીતિક પાસું માનવામાં આવી રહ્યું છે, કારણ કે આ પ્રયોગ દ્વારા ચીને સમગ્ર વિશ્વ સામે એ વાત સિદ્ધ કરી બતાવી છે કે તે હવે જમીન પરના પરંપરાગત લોન્ચ પેડ પર નિર્ભર રહ્યા વગર દરિયામાંથી કોઈપણ જગ્યાએથી રોકેટ છોડી શકે છે અને ઓર્બિટમાં સેટેલાઈટ લોન્ચ કરી શકે છે

# સ્પેસરેસ અને વૈદિક જ્ઞાન: ભારત માટે 'વેદ અને વેબ' દ્વારા વિશ્વગુરુ બનવાનો અવસર


## વૈશ્વિક ટેક્નોલોજીકલ સ્પર્ધા વચ્ચે પ્રાચીન સાહિત્યિક વિરાસત અને યુવા શક્તિનો અનોખો સંગમ

ચીન દ્વારા તાજેતરમાં પોતાના પૂર્વ કિનારે આવેલા સમુદ્રમાં એક વિશાળ જહાજમાંથી 'કોમર્શિયલ ગ્રેવિટી-૧' નામના રોકેટનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેનાથી સમગ્ર વિશ્વમાં એક નવી વૈશ્વિક ચર્ચાએ જન્મ લીધો છે. સ્પેસરેસમાં આ પરીક્ષણને એક અત્યંત મહત્વપૂર્ણ અને રણનીતિક પાસું માનવામાં આવી રહ્યું છે, કારણ કે આ પ્રયોગ દ્વારા ચીને સમગ્ર વિશ્વ સામે એ વાત સિદ્ધ કરી બતાવી છે કે તે હવે જમીન પરના પરંપરાગત લોન્ચ પેડ પર નિર્ભર રહ્યા વગર દરિયામાંથી કોઈપણ જગ્યાએથી રોકેટ છોડી શકે છે અને ઓર્બિટમાં સેટેલાઈટ લોન્ચ કરી શકે છે. દરિયાઈ વિસ્તારમાંથી આ પ્રકારના ફ્લેક્સિબલ અને ક્વિક-રેસ્પોન્સ લોન્ચ ક્ષમતા પ્રાપ્ત કરવી એ લશ્કરી અને તકનીકી બંને દ્રષ્ટિએ ચીન માટે એક બહુ મોટી સિદ્ધિ ગણાય છે.

આટલું જ નહીં, ટેક્નોલોજીકલ પ્રભુત્વ મેળવવાની પોતાની આક્રમક યોજના હેઠળ ચીને તાજેતરમાં જ પોતાનો સૂરજ બનાવવાની દિશામાં એટલે કે આર્ટિફિશિયલ સન પ્રોજેક્ટમાં પણ એક નવો ઈતિહાસ રચ્યો છે. તેણે પોતાના ન્યુક્લિયર ફ્યુઝન રિયેક્ટર માટે ૫૮૨ ટન વજન ધરાવતા દુનિયાના સૌથી મોટા સુપર કન્ડક્ટિંગ મેગ્નેટ અને સેન્ટ્રલ સોલનોઈડ કોઈલનું સફળ પરીક્ષણ કરીને પોતાની ક્ષમતાનો પરિચય આપ્યો છે. આ ટેક્નોલોજી ભવિષ્યમાં અખૂટ અને સ્વચ્છ ઉર્જાનો સ્ત્રોત બની શકે છે. આ સતત થઈ રહેલા પ્રયોગો સાથે ટેક્નોલોજી, ઉત્પાદન અને સંશોધન ક્ષેત્રે ચીનના વધતા જતા વર્ચસ્વ અંગે ફરી એક વખત વૈશ્વિક સ્તરે ગંભીર મંથન શરૂ થયું છે.

જો દક્ષિણ એશિયા અને એશિયાઈ દેશોના રાજકીય માળખાની વાત કરીએ તો બાંગ્લાદેશ, શ્રીલંકા, નેપાળ, પાકિસ્તાન અને ભારતમાં તાજેતરના સમયમાં 'જેનઝી' આંદોલનો અને યુવા અસંતોષની ઘટનાઓ સામે આવી છે. આ સમગ્ર ભૌગોલિક અને રાજનૈતિક પરિદ્રશ્યમાં જ્યારે સાઉથ એશિયા કે સમગ્ર એશિયા ખંડની વાત આવે છે, ત્યારે એક આર્થિક અને લશ્કરી મહાસત્તા તરીકે ચીનની સ્થિતિ અત્યંત મજબૂત માનવામાં આવે છે. આ એક એવી વાસ્તવિકતા છે જેને હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ કોઈ અવગણી શકે તેમ નથી.

બીજી તરફ, ભારત વિશ્વનો એક વિશાળ, લોકશાહી ધરાવતો અને મજબૂત દેશ હોવા છતાં વૈશ્વિક રાજનીતિ અને કૂટનીતિના મંચ પર એવી ચર્ચા અવારનવાર થાય છે કે વૈશ્વિક નેતૃત્વ સ્વીકારવા માટે ભારત પાસે હજુ પણ એક સુસ્પષ્ટ પાસું અને દીર્ઘદ્રષ્ટિ ધરાવતા નેતૃત્વનો અભાવ છે. જોકે આ ચર્ચાના સિક્કાની બીજી બાજુ વિચારીએ તો વાસ્તવિકતા એ છે કે હાલમાં ભારત પાસે મજબૂત નેતૃત્વ છે, વિશાળ યુવાધન છે અને દેશમાં આધુનિક ટેક્નોલોજી પણ ખૂબ ઝડપથી વિકસી રહી છે. પરંતુ સૌથી મોટી ખામી એ વાતની છે કે આ બધી ક્ષમતાઓ, સંસાધનો અને શક્તિઓને એકસૂત્રે સાંકળે તેવી કોઈ વ્યવસ્થિત સિસ્ટમ કે માળખું આપણી પાસે હજુ સુધી પૂર્ણપણે તૈયાર થઈ શક્યું નથી. ભારત પાસે વર્તમાન સમયમાં સાચા અર્થમાં 'વિશ્વગુરુ' બનીને સમગ્ર વિશ્વને દિશાનિર્દેશ કરવાનો શ્રેષ્ઠ અવસર ઉપલબ્ધ છે, પરંતુ તે દિશામાં જે પ્રકારનું સુસંગત, સક્રિય અને નક્કર અમલીકરણ થવું જોઈએ તેનો હજુ પણ અભાવ જોવા મળે છે. ૨૧મી સદી સંપૂર્ણપણે ટેક્નોલોજી, અર્થતંત્ર અને ભૌગોલિક-રાજનૈતિક પ્રભાવની સદી બની ચૂકી છે. આજના ઝડપથી બદલાતા યુગમાં દરેક રાષ્ટ્ર વિશ્વભરમાં પોતાનો દબદબો બનાવવા માટે પોતાની તમામ શક્તિઓ અજમાવી રહ્યું છે. આ દોડમાં પાડોશી દેશ ચીન આર્થિક અને ઔદ્યોગિક ક્ષેત્રે વિશાળ ઉત્પાદન ક્ષમતા સાથે સતત આગળ વધી રહ્યો છે. પરંતુ, ભારત અને ચીનની આ તુલનાને માત્ર ફેક્ટરીઓના ઉત્પાદન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે જીડીપીના આંકડા




પૂરતી સીમિત રાખવી એ એક મોટી ભૂલ હશે. ભારત પાસે એક એવી અજોડ અને અનન્ય ક્ષમતા છે જે વિશ્વના અન્ય કોઈ પણ દેશ પાસે નથી - એક તો આપણું અનાદિકાળનું શ્રેષ્ઠ જ્ઞાન-વિરાસત અને બીજું વિશ્વની સૌથી મોટું અને યુવાન વસતીનું ભંડાર. જો ભારતે વૈશ્વિક સ્તરે પોતાનું નેતૃત્વ પ્રસ્થાપિત કરવું હોય અને ચીન જેવા ભૌતિકવાદી દેશો સામે સ્થાયી વિજય મેળવવો હોય, તો તેણે પોતાની પ્રાચીન વૈદિક વિરાસતને આધુનિક ટેક્નોલોજી સાથે જોડીને પોતાની 'જેનઝી' એટલે કે આધુનિક યુવા પેઢીને એક સકારાત્મક અને નવી દિશા આપવી જ પડશે. ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો, એક સમય એવો હતો જ્યારે સમગ્ર વિશ્વ જ્ઞાન, સંસ્કૃતિ, વિજ્ઞાન અને આધ્યાત્મિકતાના માર્ગદર્શન માટે માત્ર ભારત તરફ જોતું હતું. ભારત માત્ર સોનાની ચિડિયા તરીકે ભૌતિક સંપત્તિથી જ સમૃદ્ધ નહોતું, પરંતુ બૌદ્ધિક, વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક ક્ષેત્રે પણ સમગ્ર દુનિયાનું માર્ગદર્શક હતું. વિશ્વભરમાંથી જિજ્ઞાસુઓ અને પ્રવાસીઓ જ્ઞાન મેળવવા તક્ષશિલા અને નાલંદા જેવા ભારતીય વિદ્યાપીઠોની મુલાકાતે આવતા હતા. ભારતના સનાતની ગ્રંથો જેવા કે વેદો, ઉપનિષદો અને આરણ્યકો એ માત્ર ધાર્મિક ઉપદેશો કે પૂજા-પાઠના પુસ્તકો નથી, પરંતુ તે વિજ્ઞાન, ખગોળશાસ્ત્ર, ગણિત, આયુર્વેદ, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ધાતુશાસ્ત્રનો અગાધ ભંડાર છે. શૂન્યની શોધ, દશાંશ પદ્ધતિ, પાઈનું મૂલ્ય, પૃથ્વીનું પોતાની ધરી પર ભ્રમણ અને પૃથ્વી તથા સૂર્ય વચ્ચેનું ચોક્કસ અંતર ભારતીય ઋષિઓ અને ગણિતશાસ્ત્રીઓએ આધુનિક વિજ્ઞાનના જન્મના સદીઓ પહેલાં જ શોધી કાઢ્યું હતું.

આજે સમગ્ર વિશ્વ આયુર્વેદ અને યોગની ક્ષમતાને સ્વીકારી રહ્યું છે, જેને માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે ઉત્કૃષ્ટ ગણવામાં આવે છે. ભારતીય જીવનશૈલીમાં યુગોથી આ બંને પદ્ધતિઓ વણાયેલી રહી છે. પરંતુ આપણું સૌથી મોટું દુર્ભાગ્ય એ રહ્યું કે સમય જતાં સતત થયેલા વૈદેશિક આક્રમણો અને લાંબા ગાળાની ગુલામીના કારણે આપણે આપણી જ આ મહાન વિરાસતને ભૂલી ગયા. આપણે આપણી પોતાની શ્રેષ્ઠતા અને જ્ઞાન પર શંકા કરવા લાગ્યા અને પશ્ચિમી સંસ્કૃતિનું અંધાનુકરણ કરવા લાગ્યા. પરંતુ, આજે ફરીથી એ સમય પાછો ફર્યો છે જ્યારે દુનિયા આયુર્વેદ અને સનાતન જ્ઞાન તરફ વળી રહી છે. જે જ્ઞાન આપણા પ્રાચીન ગ્રંથોમાં સુરક્ષિત છે, તે આજના આધુનિક વિજ્ઞાન કરતાં જોજનો આગળ છે. ભારતીય ઋષિપરંપરાએ આપેલા સિદ્ધાંતો આજના આધુનિક સમયમાં પણ સંપૂર્ણપણે સાપેક્ષ અને વિજ્ઞાન કરતાં પણ ડગલું આગળ સાબિત થઈ રહ્યા છે.

વિશ્લેષકોના મતે, ચીને છેલ્લાં ચાર દાયકામાં મેન્યુફેક્ચરિંગ, રોબોટિક્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા ક્ષેત્રોમાં અભૂતપૂર્વ અને ઝડપી પ્રગતિ કરી છે. તેમણે આ સસ્તી ટેક્નોલોજી અને ઉત્પાદન ક્ષમતા વિકસાવીને સમગ્ર વિશ્વના બજારો પર પોતાનો કબજો જમાવી લીધો છે. પરંતુ, ચીનની આ સમગ્ર પ્રગતિ મોટે ભાગે કેન્દ્રીય સત્તાના દબાણ, અતિ-ભૌતિકવાદ અને કડક સરકારી નિયંત્રણ પર આધારિત છે. તેની સામે ભારત પાસે એક ખુલ્લી અને જીવંત શક્તિ છે. ભારત પાસે લોકશાહી અને વિચારોની સ્વતંત્રતા છે, જે કોઈપણ સમાજમાં નવીનતા, સર્જનાત્મકતા અને મૂળભૂત વિચારોને જન્મ આપે છે. ચીન ભલે ગમે તેટલી ભૌતિક કે ટેક્નોલોજીકલ પ્રગતિ કરી લે, પરંતુ જો ભારત પોતાની આ યુવા શક્તિને યોગ્ય દિશા અને સંસ્કાર આપે, તો ભારત ચીન સહિત તમામ વિકસિત દેશોને પાછળ છોડી શકે તેમ છે. ચીન પાસે માત્ર મશીનો અને પ્રોડક્શન લાઈન હોઈ શકે છે, પરંતુ ભારત પાસે મશીન અને માનવતા બંનેનો શ્રેષ્ઠ આદર્શ સમન્વય કરવાની અદભુત ક્ષમતા છે. આ સમયે સૌથી મહત્ત્વની વાત એ છે કે હાલમાં ભારત વિશ્વનો સૌથી યુવાન દેશ છે, જ્યાં વસતીનો એક મોટો હિસ્સો 'જેનઝી'નો છે. આ નવી પેઢીની પોતાની કેટલીક વિશિષ્ટ ખાસિયતો છે. આ પેઢી જન્મથી જ ઈન્ટરનેટ, સ્માર્ટફોન, સોશિયલ મીડિયા અને ડિજિટલ દુનિયાની વચ્ચે ઉછરીને મોટી થઈ છે. તેઓ નવી ટેક્નોલોજીને અત્યંત ઝડપથી શીખી શકે છે અને વૈશ્વિક સ્તરે શું પરિવર્તનો થઈ રહ્યા છે તેનાથી સંપૂર્ણપણે માહિતગાર રહે છે. પરંતુ, આ અનંત ઉર્જા ધરાવતા યુવા ધનને જો યોગ્ય માર્ગદર્શન અને રાષ્ટ્રહિતની દિશા ન મળે, તો તેમની આ ભીષણ ઉર્જા ગેરમાર્ગે દોરવાઈ જવાની કે વેડફાઈ જવાની પૂરતી શક્યતા રહેલી છે.

તાજેતરમાં દિલ્હી ખાતે બનેલી ઘટનાઓમાં આપણે તેનું જ્વલંત ઉદાહરણ જોયું છે. એક તરફ યુવાનોની એકત્રિત તાકાત અને આક્રોશને પગલે સરકારે કેટલાક નીતિગત નિર્ણયો બદલવા કે લેવા પડ્યા, તો બીજી તરફ આ જ પેઢીના કૂટમાર્ગે દોરાયેલા કેટલાક ઘટકોએ પોતાના જ દેશ વિરોધી, દેશના વડાપ્રધાન વિરોધી તેમજ ધર્મ, સંસ્કૃતિ અને દેવતાઓ વિરોધી અત્યંત બિભત્સ વાતો કરી, ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કર્યા અને સોશિયલ મીડિયા પર રીલ્સ બનાવીને પ્રસારિત કરી. આ ઘટનાઓ દર્શાવે છે કે આ નવી પેઢી પાસે જુસ્સો, તકનીકી સાધનો અને જૂથબંધીની તાકાત તો છે, પરંતુ તેમની આ ઉર્જાને સાચી દિશામાં કાબુ કરનાર કે સકારાત્મક માર્ગે વાળનાર કોઈ યોગ્ય વ્યવસ્થા હજી સુધી બની નથી. તેથી જ, ભારતે અત્યારે તાકીદના ધોરણે એક સંગઠિત 'જેનઝી આર્મી' સજ્જ કરવાની જરૂર છે. આ સૈન્ય દેશના રક્ષણ માટે સરહદ પર લડવા માટે જ નહીં, પરંતુ સમાજના દરેક ક્ષેત્રમાં જેમ કે ટેક્નોલોજી, સંશોધન, વ્યાપાર, શિક્ષણ, ઈનોવેશન અને કળામાં આગળ આવીને વૈશ્વિક સ્તરે ભારતનું નેતૃત્વ કરવા માટે તૈયાર કરવાનું છે. અહીં સમજવા જેવી મૂળભૂત વાત એ છે કે, ચીનનો ઉદ્દેશ્ય માત્ર વિશ્વનું વિશાળ કારખાનું કે 'વર્લ્ડ્સ ફેક્ટરી' બનવાનો છે, જ્યારે ભારતનો પરમ ઉદ્દેશ્ય સાચા અર્થમાં વિશ્વને દિશા આપનાર 'વિશ્વગુરુ' બનવાનો હોવો જોઈએ. વૈશ્વિક નેતા કે મહાસત્તા એ નથી જે માત્ર પોતાની આર્થિક કે સૈન્ય શક્તિનો રોફ બતાવીને અન્ય નાના દેશોને ડરાવે કે ધમકાવે, પરંતુ સાચો વૈશ્વિક નેતા એ છે જે સમગ્ર માનવજાતને કલ્યાણ અને શાંતિનો સાચો માર્ગ બતાવે. આજે સમગ્ર વિશ્વ પર્યાવરણીય સંકટ, માનસિક તણાવ, આતંકવાદ અને વિનાશક યુદ્ધોથી ઘેરાયેલું છે. આ સ્થિતિમાં ભારત પાસે વેદોનું 'પૃથ્વી સૂક્ત' છે જે આપણને પર્યાવરણ અને પ્રકૃતિના રક્ષણનો પાઠ શીખવે છે, અને ભારતીય સંસ્કૃતિમાં 'શાંતિ પાઠ' છે જે વૈશ્વિક શાંતિ અને વસુધૈવ કુટુંબકમનો Message આપે છે. જો ભારતની આ જેનઝી પેઢી પોતાના એક હાથમાં આધુનિક લેપટોપ અને સુપર-ટેક્નોલોજી રાખશે અને બીજા હાથમાં ઉપનિષદો તથા ગીતાનું ગહન જ્ઞાન રાખીને આગળ વધશે, તો સમગ્ર વિશ્વ પાસે ભારતનું અનુકરણ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેશે નહીં.

# જીવનનો બોજ હળવો ત્યારે થાય જ્યારે સેવાનો ભાવ અને અર્પણનો આનંદ પ્રકાશે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

જીવન એક યાત્રા છે. આ યાત્રામાં આપણે બધા કોઈને કોઈ થેલી ખભે લઈને ચાલીએ છીએ. કોઈની થેલીમાં સોનું-ચાંદી હોય છે, કોઈની થેલીમાં કરુણા અને પ્રેમ હોય છે. રસ્તો એક જ છે,પણ થેલીનું વજન નક્કી કરે છેકે આપણે કેટલા હળવા અને કેટલા મુક્ત ચાલી શકીએ. મહાભારતના સમયથી માંડીને આજના દિવસ સુધી ઋષિ ઓએ એક જ વાત શીખવી છે જે આપે છે તે જ પામે છે, જે સમર્પિત થાય છે તે જ પૂર્ણ થાય છે.

હસ્તિનાપુર નજીક ધૌમ્ય ઋષિનો આશ્રમ અને ભાગવતની ભક્તિ પરંપરા, બંને આપણને એક જ સત્ય તરફ લઈ જાય છે: બાહ્ય વસ્તુઓથી નહીં, ભાવથી ઈશ્વર રાજી થાય છે. જ્યારે સેવા નિઃસ્વાર્થ બને અને અર્પણ પ્રેમથી થાય, ત્યારે જીવનનો સાચો પ્રકાશ અંદર પ્રગટે છે.

બે થેલી અને બે માર્ગ ધૌમ્ય ઋષિનો આશ્રમ વિદ્યાનું જ નહીં, સંસ્કારનું પણ કેન્દ્ર હતો. ત્યાં રાજકુમારો શસ્ત્રવિદ્યા શીખતા, પણ સાથે ધર્મ, કરુણા અને ત્યાગ પણ શીખતા. ઋષિના બે શિષ્ય હતા.

સત્યકેતુ નામ પ્રમાણે સત્યમાંસ્થિત સરળ, દયાળુ, જે મળે તેમાં સંતુષ્ટ.

લોભિતા બુદ્ધિશાળી, પણ મનમાં ધન અને વૈભવનો તીવ્ર લોભ.

એક દિવસ ઋષિએ બંનેને હિમાલય ની તળેટીમાં રહેતા મિત્ર ઋષિ લોમાશના ખબર લેવા મોકલ્યા. વિદાય વખતે બંનેને એક-એક થેલી આપી. સત્યકેતુની થેલી અનાજ, ફળ, ઔષધિ અને વસ્ત્રોથી ભરેલી હતી. લોભિતાની થેલી ખાલી હતી.

ઋષિએ સૂચના આપી: 'સત્યકેતુ, રસ્તામાં જે ભૂખ્યો, તરસ્યો, બીમાર કે લાચાર મળે તેને આ આપી દેજે. અને લોભિતા,તને રસ્તામાં જે કિંમતી વસ્તુ મળે તે તારી થેલીમાં ભરતો જા.'અહીંથી જ બે જીવન બે દિશામાં વળ્યાં. સત્યકેતુ ચાલ્યો. જ્યાં વૃદ્ધને ફળની જરૂર હતી ત્યાં ફળ આપ્યું. ભૂખ્યા બાળકને રોટલો ખવડાવ્યો. ઘાયલ પથિકને પોતાની ઔષધિ લગાવી. જેમ-જેમ તે આપતો ગયો,તેનીથેલી હળવી થતી ગઈ. પણ વિચિત્ર વાત એ હતી કે થેલી હળવી થાય તેમ તેનું હૃદય ભારે આનંદથી ભરાતું ગયું.કારણ તે સમજી ગયો હતો આપવામાં જ પૂર્ણતા છે.

બીજી તરફ લોભિતા ચાલ્યો. રસ્તામાં તાંબાના સિક્કા મળ્યા, ઉપાડ્યા. પછી ચાંદીના ઘરેણા મળ્યા, થેલીમાં મૂક્યા. આગળ જતાં એક ત્યજાયેલી ગુફામાં સોનાના સિક્કા અને સોનાની ઈંટો મળી. લોભે કહ્યું 'લઈ લે, આનાથી જીવન બદલાઈ જશે.' તેણે બધું ભરી દીધું. થેલી એટલી ભારે થઈ કે પગ ઉપાડવા મુશ્કેલ બન્યા. પરસેવાથી લથપથ તે ઢળી પડ્યો અને બેભાન થઈ ગયો. જંગલના પશુઓ નજીક આવવા લાગ્યા.

ત્યાં જ સત્યકેતુ પાછો ફર્યો. તેણે મિત્રની ભારે થેલી બાજુએ મૂકી, પાણી પાયું, દવા કરી અને પોતાના ખભે ટેકો આપી આશ્રમ સુધી લઈ આવ્યો.

આશ્રમમાં ધૌમ્ય ઋષિ હસ્યા અને કહ્યું: 'બેટા, આ સંસાર પણ આવી જ યાત્રા છે. જે ફક્ત ધન-સોનું ભેગું કરે છે તે પોતાના જ બોજથી દબાઈ જાય છે. પણ જે બીજાના દુઃખમાં ભાગીદાર બને છે, તેનો બોજ આપોઆપ હળવો થઈ જાય છે. મહાભારત કહે છે મનુષ્યની સૌથી મોટી સંપત્તિ બલિદાન, સેવા અને કરુણા છે. સોનાની ઈંટ કોઈને મહાન નથી બનાવતી, પણ એક રોટલીનું દાન માણસને અમર બનાવી દે છે.'

તે દિવસે લોભિતાની આંખમાંથી પસ્તાવાના આંસુ વહ્યા.તેણે સોના નો મોહ છોડ્યો અને જીવનભર સેવા-દાનનો માર્ગ અપનાવવાનો સંકલ્પ કર્યો. અર્પણનો ભાવ: ઈશ્વરને શું જોઈએ? આ જ વાત ભક્તિના ક્ષેત્રમાં પણ સાચી છે. આપણે ઘણીવાર પૂછીએ છીએ 'ભગવાનને શું ચઢાવું? કેવી પૂજા કરું?'

શાસ્ત્રોનો જવાબ સ્પષ્ટ છે: ઈશ્વરને આપણી કોઈ વસ્તુની જરૂર નથી. તે નિષ્કામ છે. તેને ભૂખ નથી, તરસ નથી.તો પછી નૈવેદ્ય શા માટેઆરતી શા માટે? સેવા શા માટે?કારણ એક જ છે આ બધું ઈશ્વરનું ઈશ્વરને પાછું અર્પણ કરવાનું છે. આપણી પાસે જે છે તે બધું તેમણે જ આપ્યું છે. આપણે કોઈ નવી વસ્તુ ઉત્પન્ન કરી શકતા નથી. જમીન, પાણી, અનાજ, શક્તિ બધું તેમનું.એટલે જ્યારે પ્રેમ થી એક દીવો કરીએ, એક ફૂલ ચઢાવીએ,એક ગ્રાસ ભોગ ધરીએ, ત્યારે ખરેખર આપણે આપણો ભાવ અર્પણ કરીએ છીએ, ભગવાનને ઘરે કોઈ વસ્તુની ખોટ નથી તેમને જોઈએ છે ફક્ત તમારો ભાવ. તમે પ્રેમથી આપો તો એક તુલસીદળ પણ તેમને પ્રિય લાગે. ભાવ વગરનું સોનું પણ નકામું.

એટલે જ કહેવાયું છે ભાગવત નિવેદન કર્યા વગર કંઈ ખાશો નહીં. કારણ જે ઈશ્વરને અર્પણ કર્યા વગર ખવાય તે પાપનું ભોજન બને છે. પણ જે અર્પણ કરીને ખવાય, તે પ્રસાદ બની જાય છે. અને ઈશ્વર તેને અનંતગણું કરીને પાછું આપે છે. માત્ર સામગ્રી નહીં,શાંતિ,સંતોષ અને કૃપા રૂપે.

સેવા અને પૂજાનો ભેદ અહીં એક સૂક્ષ્મ વાત સમજવાની છે. પૂજામાં મંત્ર પ્રધાન હોય છે, વિધિ પ્રધાન હોય છે.સેવામાં પ્રેમ પ્રધાન હોય છે.

દીવો કરવાથી ભગવાનના ઘરમાં અજવાળું નથી થતું તેમનું અંગ તો સ્વયં પ્રકાશમય છે.આરતી ઉતારવા થી તેમને સુખ નથી મળતું તેઓ તો પરમાનંદ સ્વરૂપ છે.દીવો અને આરતીથી આપણા હૃદયમાં અજવાળું થાય છે. સેવા કરવાથી સેવકને સુખ મળે છે.

સારાં કપડાં બગડી જશે એવી બીક થી જો આપણે ભગવાનને સાષ્ટાંગ દંડવત્ ન કરીએ,તો વિચારો આપણે વસ્ત્રોની કેટલી ચિંતા કરીએ છીએ અને આત્માના નરકમાં પડવાની કેટલી બેદરકારી!

દક્ષિણની એક લોકકથા આ વાતને ખૂબ સરસ રીતે સમજાવે છે. એક ગામમાં લગ્ન હતું.વિઘ્નહર્તા ગણપતિની પૂજા કરવાની હતી, પણ મૂર્તિ ન મળી.ગોર મહારાજે નૈવેદ્યનો ગોળ લઈને તેમાંથી જ ગણપતિની આકૃતિ બનાવી. પૂજા થઈ. નૈવેદ્યનો સમય આવ્યો ત્યારે તે જ ગોળના ગણપતિમાંથી થોડો ગોળ તોડીને નૈવેદ્ય ધરાવ્યો. ગોળના ગણપતિ અને ગોળનું જ નૈવેદ્ય! છતાં યજમાનનું કામ નિર્વિઘ્ને પાર પડ્યું. કેમ? કારણ ભાવ શુદ્ધ હતો.

વસ્તુનું મહત્વ નથી,ભાવની મહત્તા છે. થોડું કરો, પણ પ્રેમપૂર્વક કરો. સેવા કરતાં રોમાંચ થાય, આંખમાં આંસુ આવે,હૃદય ભરાઈ આવે તે જ સાચી સેવા છે. સેવા ક્રિયાત્મક ઓછી અને ભાવાત્મક વધુ હોવી જોઈએ.આજના જીવનમાં આ ઉપદેશ આજે આપણે પણ બે થેલીઓ વચ્ચે જીવીએ છીએ. એક થેલીમાં કારકિર્દી,બેંક બેલેન્સ, પ્રતિષ્ઠા,વસ્તુ ઓ છે. બીજી થેલીમાં સમય,ધીરજ માણસાઈ અને પ્રાર્થના છે.

લોભિતાની જેમ જો આપણે ફક્ત ભેગું કરવામાં જીવન વિતાવીશું તો એક દિવસ થાકીને ઢળી પડીશું. સંબંધો તૂટશે, મન અશાંત થશે, અને છતાં સંતોષ નહીં મળે.પણ સત્યકેતુની જેમ જો આપણે રસ્તા માં મળતા લોકોને થોડી મદદ કરીશું, ભૂખ્યાને જમાડીશું,દુ:ખિયાને સાંત્વના આપીશું,અને જે કંઈ છે તે ઈશ્વરને અર્પણ કરીને પછી વાપરીશું તો આપણી થેલી હળવી થશે અને જીવન પ્રકાશથી ભરાઈ જશે.

# એકમાત્ર સદગુરુ જ અભય પદનું દાન કરનારા છે! સ્વયં ઈશ્વર પણ નિયતિને આગળ ધરે છે!

હિંદુ સંસ્કૃતિ ઋષિ મુનિઓ અને સાધુ સંતોની ભૂમિ છે, એટલે કે સંન્યાસ, વૈરાગ્ય, એવાં શબ્દો આવે એટલે, સહજ આંખ આગળ ભગવો ભેખ ધારણ કરેલો હોય, એવો સન્યાસી દેખાય અને જેના વૈરાગ્યને કારણે તેનું ભાલ તેજથી ઝગારા મારતું હોય, અને તેના જ્ઞાનની કોઈ સીમા હોય નહીં, તથા કોઈપણ વિષયો પ્રત્યે તેની આસક્તિ ન હોય, એવા સંન્યાસીનું એક કલ્પનાચિત્ર દરેકના મનમાં આવી જાય છે, પરંતુ કબીર સાહેબ સંસારી હતાં અને તેનો વ્યવસાય તથા દેખાવ એકદમ સામાન્ય હતો,છતાં એ પરમ જ્ઞાનને પામી ગયા, અને



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

એટલે કબીર સાહેબ એવાં સદગુરુને ચીંધે છે, જે આપણાં જેવાં સંસારી સાધકને વૈરાગી બનાવે છે, જેમાં વેશ મહતવનો હોતો નથી, વૃત્તિમાં વૈવિધ્યનો વૈરાગ્ય જ અધ્યાત્મ તરફ દોરી જાય છે, એ નિતાંત સત્યથી ભરેલ જ્ઞાન અનુભવે સિદ્ધ કરે છે. ગઈકાલે આપણે એમનાં પાંચ દોહા વિશે ચિંતન કર્યું આજે બીજા પાંચ દોહાનું ચિંતન કરીશું.

ગુરુ કીજૈ જાણિ કે, પાણી પીજૈ છાણિ;
બિના વિચારે ગુરુ કરે, પડે ચોરાસી ખાણિ.

(૬) જેમ પાણી પીતા પહેલાં તેને ગાળી લેવું જોઈએ, તેમ સામાન્ય ગુરુ (શિક્ષક) બનાવતા પહેલાં પણ તેના જ્ઞાન, ચારિત્ર્ય અને જીવનને સારી રીતે પરખવું જોઈએ. ઉતાવળમાં ગુરુ બનાવવાથી નુકસાન થઈ શકે. ખોટા ગુરુ જીવને સાચા માર્ગે લઈ જઈ શકતા નથી. જે ગુરુ પોતે જ અજ્ઞાનમાં હોય, તે શિષ્યને પણ ભટકાવે છે. પરિણામે જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિ મળતી નથી, માટે વિશ્વાસ કરતાં પહેલાં વિવેક રાખવો.

ગુરુ સમાન દાતા નથી, યાચક શિષ્ય સમાન; ત્રણ લોકની સંપદા, સો ગુરુ દીન્હી દાન.(૭) ગુરુ જેવું દાન આપનાર બીજું કોઈ નથી, કારણ કે તે જ્ઞાન આપે છે. અને શિષ્ય જેવો સાચો માંગનાર પણ કોઈ નથી. ગુરુ શિષ્યને આત્મજ્ઞાન આપે છે, જે ત્રણેય લોકની સંપત્તિ કરતાં પણ શ્રેષ્ઠ છે. ભૌતિક સંપત્તિ નાશવંત છે, પરંતુ જ્ઞાન શાશ્વત છે.

ગુરુ પારસ કો અંતરો, જાણત છે સબ સંત;
વહ લોહા કંચન કરે, યહ કરે આપ સમાન.(૮)

પારસ પથ્થર લોખંડને સોનું બનાવી શકે છે, પરંતુ ગુરુ શિષ્યને પોતાના જેવો જ જ્ઞાની બનાવી શકે છે. સાચો ગુરુ માત્ર જીવનમાં સુધારો નથી લાવતો, પરંતુ શિષ્યમાં ચેતનાનું રૂપાંતર કરે છે. તે શિષ્યને આત્મસ્વરૂપનો અનુભવ કરાવે છે. ગુરુનું કાર્ય બહારનો બદલાવ નહીં, અંદરનું રૂપાંતર છે.

સતગુરુ મળ્યા તો જાણીએ, મિટે મોહ તન તાપ;
હરખ શોક વ્યાપે નહીં, ગુરુ રાખે આપ.(૯)

સાચા ગુરુ મળ્યાનું લક્ષણ એ છે કે મનની ચિંતા, મોહ અને દુઃખ ઓછાં થવા લાગે છે. જ્યારે સદગુરુનો ઉપદેશ હૃદયમાં ઉતરે છે, ત્યારે સુખ દુઃખ બંનેમાં સમતા આવે છે, મન સ્થિર બને છે, અને આત્મશાંતિ પ્રાપ્ત થાય છે.સદગુરુના આવવાથી જીવનમાં શાંતિ આવે છે.

પૂરા ગુરુની કરણીથી, પૂરું થાય સબ કામ;
કબીરા પૂરા ગુરુ મળ્યા, જપું નિરંતર નામ.

(૧૦) પૂર્ણ જ્ઞાની ગુરુનાં માર્ગદર્શનથી જીવનનાં મહત્વના કાર્યો સફળ થાય છે. સદગુરુ જીવને નામસ્મરણ, ભક્તિ અને આત્મજ્ઞાનનો માર્ગ બતાવે છે. તેથી જીવનનું પરમ લક્ષ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે. ગુરુના માર્ગે ચાલવાથી જીવન સફળ બને છે.

નરસિંહ મહેતા મીરાં કબીર તુલસી જેવાં તત્વ ચિંતકોનાં જીવન વિશે આપણે જાણીએ જ છીએ! કે એમની જીવન યાત્રા કેટલી કઠિન રહી! આજે આપણે એમને આટલું માન આપીએ છીએ, પણ ત્યારે તો એમની પરીક્ષા જ થતી હતી! અને છતાં એમણે એમનું લક્ષ્ય સિદ્ધ કર્યું, અને એટલે જ કહેવાયું છે કે, સત્ય નો માર્ગ શૂરાનો! શૂરવીર હોય એ જ અધ્યાત્મમાં છેક સુધી હિમ્મત હારતાં નથી! અને આપણાં જેવાં માટે માર્ગ તરાશી જાય છે. એક સદગુરુ જ એવું તત્વ છે, જે શિષ્યને પોતાની તમામ વિદ્યા એવમ જ્ઞાન અને શક્તિ પ્રદાન કરી પોતાનાં જેવા જ બનાવે છે.

સદગુરૂ જીવનને આધ્યાત્મિક યાત્રા તરફ દોરનાર, એટલે કે સત્ ચિત્ આનંદ સ્વરૂપ તરફ લઈ જનાર તત્વ છે. સંતોષ, શાંતિ, અને આનંદ માટે કોઈપણ શારીરિક અવસ્થામાં લક્ષ્ય સુધી લઈ જનાર માત્ર સદગુરુ છે. શરણાગતનું અસ્તિત્વ જ સદગુરુ હોય છે, તેને તેના ચરણો સિવાય ક્યાંય રહેવું હોતું નથી.

દેહમાં દેહી તરીકે જે આત્મા પડ્યો છે, તે તત્વને ઉજાગર કરી આત્મદીપ પ્રગટાવીને ખુદનું અજવાળું એટલું વધારવાનું છે, કે તે જ્યોતિથી આકર્ષાઈને પરમાત્મા ત્યાં આવશે, એ સત્ય સમજાવે છે. સાકાર બ્રહ્મ તરીકે સ્વીકાર્યું હતું તે રુપ કે સ્વરૂપની પણ ત્યાં તમા રહેતી નથી, એટલે કે આગ્રહ રહેતો નથી કે આ જ સ્વરૂપે ઈશ્વર મળે. હૃદયમાં સત્ય પ્રેમ અને કરુણાનાં ભાવની પરાકાષ્ઠાએ જગતનાં કણકણમાં તેના દર્શન કરી, દિવ્ય અનુભૂતિ કરે છે. મૃત્યુનો સીધો સાદો અર્થ કરીએ તો મોહ, માયા, મમતા માંથી મુક્તિ, એટલે કે દેહ પ્રત્યેની મમતા, પરિવાર તરફની મમતા, રૂપિયા-પૈસાની માયા, અને રૂપ સ્વરૂપનો મોહ, આ બધું જ દેહ સાથે સમાપ્ત થાય છે. પરંતુ સદગુરૂ આપણાં જીવતાં જ આ બધામાંથી મુક્ત કરી જીવન મોક્ષ તરફ દોરી જનાર છે. સમાધિ એટલે શું? માત્ર ઈન્દ્રિયોની સુષુપ્ત અવસ્થા? કે ફક્ત બેઠા રહેવું એ? એક જગ્યાએ બેઠા રહેવું એમ નહીં, પણ ઈન્દ્રિયો અસ્તિત્વ સંચાલિત બને, તેને પણ સમાધિ કહેવામાં આવે છે. શિષ્ય જ્યારે ત્રણે ગુણ અને ત્રણે કાળને સદગુરુ ચરણે મૂકીને નિર્ભાર થાય છે, ત્યારે અસ્તિત્વ તેને નિમિત્ત બનાવીને કાર્ય કરે, એને પણ સમાધિ કહે છે. ટૂંકમાં સદગુરુની કોઈ પણ વ્યાખ્યા આપણે કરી શકીએ નહીં, આ તત્વને સમજવા મથીએ, એમ એનું રહસ્ય ગુઢ થતું જાય, અને એટલે જ નરહરિ રૂપ તારીકે તેને લોકમાનસે સ્વીકાર્યા છે. સદગુરૂ એ કોઈ વ્યક્તિ નથી, સકળ અસ્તિત્વ છે, જે અસ્તિત્વના બધાં રહસ્ય જાણતાં હોવા છતાં, પોતાની એક પણ સિદ્ધિનો ઉપયોગ કરતાં નથી. સદગુરૂ વિરલ વ્યક્તિત્વની ખાણ છે. તેના મસ્તકથી શરૂ કરી અને ચરણનાં નખ સુધી બધાં જ અંગ શુભ તરફ ગતિ કરનાર, અને તેની સાથે જોડાયેલા તમામને શુભ મંગલ તરફ દોરનાર છે. જ્યાં આગળ ભલભલાનાં શબ્દ નિધિ ખૂટી જાય, એટલી કૃપાથી ભરેલ કૃપા સિંધુ છે. શિષ્યનો પડછાયો બની સતત તેની સાથે ચાલે છે, પણ શરુંમાં સદગુરુ શિષ્યને એટલા બધા પરાજય અપાવે છે, કે પછી તેને પાસે હારવા માટે કંઇ રહેતું જ નથી, અને ત્યાંથી જ સાચી જીતની શરૂઆત થાય છે. ત્રણ ગુણ અને ત્રણ કાળ તો, પહેલેથી જ તેણે સદગુરુ ચરણે મૂકી દીધા છે. હવે તેની પાસે રમવા, જમવા, કે સુવા માટે કોઈ જ ગુણ બાકી રહેતો નથી, એટલે કે ભોગ કે વિષયનો એક પણ ગુણ ના રહેતા તે,

# રામનાથ મહાદેવ મંદિર ગંદકીમુક્ત બનશે: રાજકોટ મનપાએ આજીનદીમાં મુકેલા ટ્રેશ બેરિયરનો પાયલટ પ્રોજેક્ટ સફળ, 128 ટનથી વધુ જળકુંભીનો નિકાલ કરાયો



રાજકોટ, તા.30

રાજકોટ મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા આજી નદીમાં ફેલાયેલા જળકુંભી અને ગાંડીવેલના સામ્રાજ્યને કાયમી ધોરણે દૂર કરવા માટે એક અત્યંત મહત્વકાંક્ષી અને નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. આ ટ્રેશ બેરિયર પાયલટ પ્રોજેક્ટને અભૂતપૂર્વ પ્રારંભિક સફળતા મળી છે.

આજી નદીના પ્રવાહમાં જળકુંભીને આગળ વધતી અટકાવવા માટે મૂકવામાં આવેલા ખાસ બેરિયરના પરિક્ષણ દરમિયાન આશાસ્પદ પરિણામો સામે આવ્યા છે. જેમાં ગત 1 જુલાઈથી પ્રાયોગિક ધોરણે શરૂ કરાયેલા આ પ્રોજેક્ટને કારણે અત્યાર સુધીમાં નદીમાંથી 128 ટનથી પણ વધુ જળકુંભીનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે. જેને લઈને આગામી દિવસોમાં રામનાથ મંદિરની આસપાસનો વિસ્તાર ગંદકીમુક્ત બનવાની શક્યતા છે.

પ્રાપ્ત વિગત મુજબ ચોમાસાની ઋતુ દરમિયાન આજી નદીમાં આવતા પૂરના પાણીની સાથે વિશાળ માત્રામાં ગાંડીવેલ, જળકુંભી, પ્લાસ્ટિકનો કચરો અને અન્ય તરતો કચરો તણાઈને આવે છે. રાજકોટના લાખો શ્રદ્ધાળુઓ માટે આસ્થાના પ્રતીક અને શ્રદ્ધા બિંદુના કેન્દ્ર સમાન રામનાથ મહાદેવ મંદિર પરિસરમાં દર વર્ષે ચોમાસામાં નદીના પ્રવાહ સાથે આવતી આ જળકુંભી અને દુર્ગંધયુક્ત ગંદકી ઠલવાતી હતી. આ ગંભીર અને વર્ષો જૂની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા મનપાનાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા આજી નદીમાં રામનાથપરા મહાદેવ મંદિર પહેલા ટ્રેશ બેરિયર સ્થાપિત કરવાનો નિર્ણય લીધો હતો.

આ બેરિયર મૂકવાને કારણે નદીના વહેણમાં આવતી જળકુંભી અને કચરો મંદિરના પરિસરમાં પહોંચે તે પહેલાં જ અટકી જાય છે. તંત્રના આયોજન મુજબ અત્યાર સુધીમાં માત્ર બેરિયર પોઈન્ટ પર જ 110 ટન જેટલી જળકુંભીને રોકીને તેને સફળતાપૂર્વક નદી બહાર નિકાલ કરવામાં આવી છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા આ સફળ પ્રયોગ દરમિયાન માત્ર જળકુંભી જ નહીં, પરંતુ શહેરીજનો અને અસામાજિક તત્વો દ્વારા નદીમાં ફેંકવામાં આવતો અન્ય ભયાનક કચરો પણ મોટા પ્રમાણમાં બહાર આવી રહ્યો છે.

બેરિયર પાસે એકત્ર થતા કચરામાં સિંગલ યુઝ પ્લાસ્ટિક, બોટલો, કચરાની થેલીઓ તેમજ બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરો દ્વારા ગેરકાયદેસર રીતે ઠાલવવામાં આવતો સીએનડી વેસ્ટ એટલે કે બાંધકામનો કચરો પણ વિશાળ માત્રામાં મળી આવ્યો છે. મ્યુનિસિપલ કમિશનરના સીધા માર્ગદર્શન અને દેખરેખ હેઠળ આ પર્યાવરણીય પ્રોજેક્ટ માટે સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન (સીઈઈ) ડિપાર્ટમેન્ટ સાથે ખાસ એમઓયુ કરવામાં આવ્યા છે. આ તકનીકી સહયોગના કારણે નદીમાં પાણીના કુદરતી પ્રવાહને કોઈ નુકસાન પહોંચાડ્યા વિના કચરો રોકવાની કામગીરી અત્યંત સારી રીતે ચાલી રહી છે.

આજી નદીમાં બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરો દ્વારા નિયત ડમ્પિંગ સાઈટના બદલે બેરોકટોક ઠલવાતા બાંધકામ વેસ્ટ સામે રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરોએ પણ ભૂતકાળમાં અનેક વખત અવાજ ઉઠાવ્યો છે અને મનપાની જનરલ બોર્ડની બેઠકોમાં વિગતવાર પ્રશ્નો પૂછીને હોબાળો મચાવ્યો છે. જોકે, મહાનગરપાલિકાનું તંત્ર આજી નદીમાં ગેરકાયદેસર રીતે ઠલવાતા આ બાંધકામના કચરાને અટકાવવામાં વર્ષોથી સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યું હતું. નદીના પેટાળમાં અને કાંઠે ખડકાતા આ બાંધકામ વેસ્ટના કારણે ચોમાસામાં ભારે વરસાદ પડે ત્યારે પૂરના પાણીનો કુદરતી માર્ગ અટવાઈ જાય છે અને પરિણામે આસપાસના નીચાણવાળા રહેણાંક વિસ્તારોમાં નદીના પાણી ઘૂસી જવાની વિકટ પરિસ્થિતિ સર્જાતી હતી.

આ સમસ્યાના ઉકેલ માટે ગત જૂન માસના પ્રથમ સપ્તાહથી જ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે તૈયારીઓ આરંભી હતી અને સમગ્ર રાજ્યમાં પ્રથમ એવા આ પાયલટ પ્રોજેક્ટની અમલવારી શરૂ કરી હતી. આજી નદીમાં કરવામાં આવેલા આ નવતર અને મોડેલ ટ્રેશ બેરિયર આયોજનને કારણે હવે ચોમાસા દરમિયાન પણ નદીમાં પાણીનો પ્રવાહ અવરોધાયા વિના સડસડાટ આગળ વધી શકે છે. બેરિયર પાસે પાણી સાથે તણાઈને આવતો પ્લાસ્ટિકનો કચરો, ગાંડીવેલ તેમજ અન્ય તમામ પ્રકારનો તરતો કચરો એક જગ્યાએ અટકી જતો હોય મહાનગરપાલિકાની ટીમ માટે પણ નદીમાંથી કચરો બહાર કાઢવાનું કામ ખૂબ સરળ બની ગયું છે.

મનપા દ્વારા બેરિયર પાસે એકત્રિત થતા તમામ કચરાને દર અઠવાડિયે જેસીબી અને મોટા હેવી મશીનોની મદદથી નિયમિત રીતે નદીમાંથી ઉપાડી લેવામાં આવે છે અને ત્યારબાદ તેને વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રોસેસિંગ માટે નિયત સાઈટ પર મોકલીને નિકાલ કરવામાં આવી રહ્યો છે. આ પ્રયોગની સફળતાથી ઉત્સાહિત થયેલું મનપા તંત્ર હવે આજી નદીની સાથે શહેરના અન્ય જળાશયો અને નાળાઓમાં પણ ટ્રેશ બેરિયર મૂકવા વિચારણા કરી રહ્યું છે. હાલ મનપાના આ પગલાંને કારણે ચાલુ વર્ષની જન્માષ્ટમીમાં રામનાથ મહાદેવ મંદિરે દર્શનાર્થે આવતા હજારો શ્રદ્ધાળુઓને પવિત્ર અને સ્વચ્છ વાતાવરણનો અનુભવ થાય તેવી શક્યતા છે.

### QR કોડથી વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્ર પર પહોંચી શકશે

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીની ઐતિહાસિક પહેલ,પીએચ.ડી. પ્રવેશ પરીક્ષાના દિવસે જ જાહેર થશે પરિણામ




વડોદરા, તા.30

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીએ વિદ્યાર્થીલક્ષી, પારદર્શક અને ઝડપી પ્રવેશ પ્રક્રિયાને પ્રોત્સાહન આપવા અનોખી પહેલ કરી છે. યુનિવર્સિટી દ્વારા 31 જુલાઈ, 2026ના રોજ યોજાનારી પીએચ.ડી.પ્રવેશ પરીક્ષાનું પરિણામ પણ એ જ દિવસે જાહેર કરવામાં આવશે. દેશની રમતગમત યુનિવર્સિટીઓમાં પ્રથમ વખત અમલમાં મુકાઈ રહેલી આ વ્યવસ્થા વિદ્યાર્થીઓને લાંબી રાહમાંથી મુક્તિ અપાવશે અને પ્રવેશ પ્રક્રિયાને વધુ સરળ બનાવશે.

રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલ, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા તા.31-07-2026ના રોજ પીએચ.ડી.પ્રવેશ માટેની એન્ટ્રન્સ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણ ક્ષેત્રમાં પારદર્શિતા અને કાર્યક્ષમતાને વધુ મજબૂત બનાવવાના હેતુથી યુનિવર્સિટીએ પરીક્ષાના દિવસે જ પરિણામ જાહેર કરવાની ઐતિહાસિક અને નવીન પહેલ અમલમાં મૂકી છે.

યુનિવર્સિટીના જણાવ્યા મુજબ, પરીક્ષા પૂર્ણ થયા બાદ તે જ દિવસે સત્તાવાર વેબસાઈટ પર પરિણામ જાહેર કરવામાં આવશે. આથી વિદ્યાર્થીઓને પરિણામ માટે લાંબો સમય રાહ જોવી નહીં પડે તેમજ સમગ્ર પ્રવેશ પ્રક્રિયા વધુ પારદર્શક, ઝડપી અને સુગમ બનશે.

પરીક્ષાની સમગ્ર પ્રક્રિયા ગોપનીયતા અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને આયોજનબદ્ધ રીતે હાથ ધરવામાં આવી રહી છે. પેપર લીક જેવી કોઈપણ સંભાવનાને ટાળવા માટે લીકપ્રૂફ સિસ્ટમ અપનાવવામાં આવી છે અને મૂલ્યાંકન પ્રક્રિયામાં પણ સંપૂર્ણ ચોકસાઈ રાખવામાં આવશે.

વિદ્યાર્થીઓની સુવિધા માટે યુનિવર્સિટીએ 29 જુલાઈ, 2026ના રોજ QR કોડ સાથેની હોલ ટિકિટ સત્તાવાર વેબસાઈટ પર અપલોડ કરી છે. હોલ ટિકિટમાં પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવા માટેનું લોકેશન પણ સમાવાયું છે, જેથી ઉમેદવારોને પરીક્ષા સ્થળે પહોંચવામાં સરળતા રહેશે.

રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલના ડાયરેક્ટર ડૉ. પુનીતભાઈ તેરૈયાએ જણાવ્યું હતું કે, ભવિષ્યમાં પણ શૈક્ષણિક પ્રક્રિયાઓને વધુ સરળ, પારદર્શક અને વિદ્યાર્થીલક્ષી બનાવવા માટે યુનિવર્સિટી સતત પ્રયાસશીલ રહેશે. ઉમેદવારોને વધુ માહિતી માટે યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઇટની મુલાકાત લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકારના નિર્દેશ અને કુલપતિ ડૉ.મનીષભાઈ રાવલના માર્ગદર્શન હેઠળ પરીક્ષાની સમગ્ર કામગીરી પરીક્ષા નિયામક ડૉ. નિશાંતભાઈ ઓઝા, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેલના ડાયરેક્ટર ડૉ. પુનીતભાઈ તેરૈયા તેમજ ડૉ. પાલાભાઈ કારિયા, ડૉ. મીતાબેન વ્યાસ, ડૉ. મનહર રાઠવા, જીતેન્દ્રભાઈ ડાંગી, હિતભાઈ ચૌધરી અને દીવ્યરાજસિંહ વનારની ટીમ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

# 95 વર્ષીય વૃદ્ધના કેરટેકરે ચેક પર ખોટા સહી કરીને 1.20 લાખની છેતરપિંડી, પેન્શનમાં 22 લાખ ઉપાડવાનો પ્રયાસ કર્યો




વડોદરા, તા.30

વડોદરા શહેરમાં માનવતા અને વિશ્વાસને શરમાવે તેવી ઘટના સામે આવી છે. 95 વર્ષીય નિવૃત્ત વૃદ્ધની સંભાળ રાખવા માટે રાખવામાં આવેલા કેરટેકરે જ પરિવારના વિશ્વાસનો ગેરલાભ ઉઠાવી બેંકના ચેક પર ખોટી સહીઓ કરીને 1.20 લાખ ઉપાડી લીધા હતા. એટલું જ નહીં, આરોપીએ 22 લાખ રૂપિયાનો વધુ એક ચેક ક્લિયર કરાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પરિવારની સતર્કતાને કારણે સમયસર 'સ્ટોપ પેમેન્ટ' થઈ જતાં આ મોટી છેતરપિંડી અટકી ગઈ હતી. આ અંગે અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, વડોદરાના દીવાળીપુરા વિસ્તારમાં રહેતા અને ટેલિકોમ કોન્ટ્રાક્ટના વ્યવસાય સાથે સંકળાયેલા જાગૃતભાઈ ભાસ્કરભાઈ વોરાએ પોતાના 95 વર્ષીય નિવૃત્ત પિતા ભાસ્કરભાઈ વોરાની દેખભાળ માટે ફેબ્રુઆરી-2026માં 'મયુર કેર એજન્સી' મારફતે અનિલભાઈ અંબાલાલ મકવાણા (રહે. ગુરુકૃપા સોસાયટી, ખંભાત, જી. આણંદ) ને કેરટેકર તરીકે રાખ્યા હતા. ઘરમાં ફરજ બજાવતી વખતે કેરટેકર અનિલ મકવાણાને વૃદ્ધના રૂમમાં રાખવામાં આવેલા મહત્વના દસ્તાવેજો, બેંકની ચેકબુક અને અન્ય અંગત વિગતોની જાણ થઈ ગઈ હતી. જે બાદ મે મહિનામાં આરોપી અનિલ અચાનક જ કામ પર આવવાનું બંધ કરી દીધું હતું.

1 જૂનના રોજ જ્યારે જાગૃતભાઈ પોતાના પિતાના એ.ટી.એમ. કાર્ડથી પૈસા ઉપાડવા ગયા ત્યારે બેંક એકાઉન્ટમાંથી 1.20 લાખ ઓછો હોવાનું સામે આવ્યું હતું. આ અંગે તપાસ કરતા જાણવા મળ્યું કે, ખંભાત સ્થિત ICICI બેંકની શાખામાંથી વૃદ્ધ પિતાની બોગસ (ખોટી) સહી કરીને ચેક મારફતે આ રકમ ઉપાડી લેવામાં આવી હતી.

તપાસ દરમિયાન વધુ એક ચોંકાવનારી વિગત બહાર આવી હતી કે, આરોપી કેરટેકરે બેંક ઓફ ઈન્ડિયાના પેન્શન ખાતામાંથી ૨૨ લાખનો વધુ એક ચેક પણ ક્લિયર કરાવવા માટે બેંકમાં રજૂ કર્યો હતો. જોકે, બેંકમાંથી પરિવારના મોબાઈલ પર મેસેજ આવતા જ પરિવારજનોએ સમયસૂચકતા વાપરીને તાત્કાલિક બેંકનો સંપર્ક કરી 'સ્ટોપ પેમેન્ટ' કરાવી દીધું હતું, જેના કારણે મોટી રકમની છેતરપિંડી થતાં અટકી ગઈ હતી.

પોતાના પિતાની સંભાળ માટે રાખેલા કેરટેકરે વિશ્વાસઘાત કરી, ખોટી સહીઓ વડે ચેકનો દુરુપયોગ કરીને છેતરપિંડી આચરતાં જાગૃતભાઈ વોરાએ અકોટા પોલીસ સ્ટેશનમાં અનિલ અંબાલાલ મકવાણા વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધીને આરોપીને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# સુરત શહેરના વિસ્તાર સાથે ફાયર સુવિધા પણ વધારાશે: ફાયર બ્રિગેડને આધુનિક બનાવવા 13 કરોડના ખર્ચે 10 ટેંકર અને 7 વોટર બ્રાઉઝર ખરીદાશે

સુરત, તા.30




સુરત શહેરમાં થઈ રહેલા ઝડપી વિકાસ અને સતત વધતી જતી વસ્તીની સુરક્ષા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકા દ્વારા ફાયર વિભાગને વધુ સુસજ્જ અને આધુનિક બનાવવાની દિશામાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. મહાનગરપાલિકા દ્વારા શહેરના ફાયર સ્ટેશનો માટે કુલ 13 કરોડના અંદાજિત ખર્ચે 10 નવા ફાયર ટેંકર અને 07 હાઈ-કેપેસિટી વોટર બ્રાઉઝર ખરીદવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. આ અંગે દરખાસ્ત તૈયાર કરીને સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકવામાં આવી છે, જેના પર આવતી કાલે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આખરી મહોર મારવામાં આવશે.

સુરત શહેર માત્ર વસ્તીની દ્રષ્ટિએ જ નહીં, પરંતુ ભૌગોલિક રીતે પણ ઝડપથી વિસ્તરી રહ્યું છે. સુરત મહાનગરપાલિકાની હદમાં નવા વિસ્તારોનો સતત સમાવેશ થઈ રહ્યો છે. શહેરના ખૂણે-ખૂણે રહેણાંક વિસ્તારો (રેસિડેન્શિયલ ઝોન), હાઈ-રાઈઝ બિલ્ડિંગો, વિશાળ કોમર્શિયલ કોમ્પ્લેક્સ, મોલ, મલ્ટિપ્લેક્સ, કાપડ અને ટેક્સટાઈલ માર્કેટો તેમજ ઔદ્યોગિક એકમોની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થયો છે.

આવા સંજોગોમાં સુરક્ષા સંબંધિત પડકારો પણ વધી ગયા છે. મોટો અકસ્માત કે આગ જેવી કટોકટીની સ્થિતિ સર્જાય ત્યારે ફાયર વિભાગ પાસે પૂરતા પ્રમાણમાં સાધન-સામગ્રી અને સુવિધાઓ હોવી અત્યંત જરૂરી બની જાય છે. મહાનગરપાલિકાના શાસકો અને તંત્ર દ્વારા અગાઉથી જ તમામ સંભવિત જરૂરિયાતોને પહોંચી વળવા માટે દૂરદર્શિતા વાપરીને આ ખરીદી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ફાયર બ્રિગેડના કાફલાને મજબૂત કરવાના ભાગરૂપે રૂ. 7.07 કરોડના ખર્ચે 10 નવા આધુનિક ફાયર ટેંકરો ખરીદવામાં આવશે. આ ટેંકરો શહેરના જુદા જુદા વિસ્તારોમાં બરાબર સમયસર પહોંચીને નાની-મોટી આગ પર ત્વરિત કાબૂ મેળવવામાં અત્યંત મદદરૂપ સાબિત થશે. હાલમાં સુરતમાં કુલ ૨૫ ફાયર સ્ટેશનો કાર્યરત છે. આગામી દિવસોમાં નવા ઉમેરાનારા ફાયર સ્ટેશનોની જરૂરિયાતને પહોંચી વળવા માટે પણ આ ટેંકરો અત્યંત ઉપયોગી નીવડશે.

ટેક્સટાઈલ માર્કેટ, ઔદ્યોગિક વસાહતો કે મોટા મોલમાં જ્યારે ભીષણ આગ લાગે છે, ત્યારે સૌથી મોટો પડકાર સતત અને પૂરતા પ્રમાણમાં પાણીનો પુરવઠો જાળવી રાખવાનો હોય છે. ભૂતકાળમાં પાણીના અભાવે કે પુરવઠો ખૂટી જવાથી રાહત અને બચાવ કામગીરીમાં અવરોધ ઊભા થયાના કિસ્સાઓ બન્યા છે.

આ સમસ્યાના કાયમી ઉકેલ માટે, 12,000 લીટર પાણીની વિશાળ ક્ષમતા ધરાવતા 07 મોટા વોટર બ્રાઉઝર ખરીદવાની કવાયત હાથ ધરાઈ છે. આ 07 વોટર બ્રાઉઝર પાછળ આશરે રૂ. 6.07 કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. વિશાળ જળક્ષમતા ધરાવતા આ બ્રાઉઝર આવી પહોંચવાથી મોટી આગની ઘટનાઓમાં સતત પાણીનો પુરવઠો જળવાઈ રહેશે અને રાહત કામગીરી વગર અટકાવે ઝડપથી કરી શકાશે.

સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા 10 ફાયર ટેંકર (રૂ. 7.07 કરોડ) અને 7 વોટર બ્રાઉઝર (રૂ. 6.07 કરોડ) મળી કુલ 13 કરોડથી વધુના ખર્ચે સાધનો ખરીદવાની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકવામાં આવી છે. આ દરખાસ્તને મંજૂરી મળ્યા બાદ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને ટૂંક સમયમાં જ ફાયર વિભાગના કાફલામાં આ આધુનિક વાહનોનો સમાવેશ કરી દેવામાં આવશે.

# ફીનો પેમેન્ટ બેંકની ગોલ્ડ લોન સ્કીમના નામે 1.70 કરોડની છેતરપિંડી: બોગસ લેટરહેડનો ઉપયોગ કર્યો



વડોદરા, તા.30

વડોદરમાં ફીનો પેમેન્ટ બેંકની સુવર્ણ ગોલ્ડ લોન સ્કીમ અને કેશ મેનેજમેન્ટમાં રોકાણ કરાવવાના નામે એક રોકાણકાર સાથે રૂ.1.70 કરોડથી વધુની મસમોટી છેતરપિંડી આચરવામાં આવી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આરોપીઓએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ તબક્કાવાર કુલ રૂ.3.30 કરોડનું રોકાણ કરાવ્યું હતું. જોકે, પાછળથી આરોપીઓએ રૂ.1.60 કરોડ પરત કર્યા હતા, પરંતુ બાકી નીકળતા રૂ.1.70 કરોડ તેમજ કોઈ વળતર કે નફો આપ્યા વગર છેતરપિંડી આચરતા સમા પોલીસ મથકમાં ફરિયાદ નોધાઈ હતી.

આ સમગ્ર કૌભાંડમાં કલ્પિત અશોકભાઈ સોની, સુરેન્દ્રકુમાર કિશોરલાલ શર્મા અને બિલાલ શાહીદઅહેમદ સૈયદ નામના શખ્સોએ ભેગા મળીને છેતરપિંડી આચરી હતી. તેઓએ ફરિયાદીને સ્કીમમાં ઊંચું કમિશન અને નફો મેળવવાની લાલચ આપી હતી. આ માટે આરોપીઓએ ફીનો પેમેન્ટ બેંકના બનાવટી પૅમ્પ્લેટ, ચોપાનિયાં અને બેંકના બોગસ લેટરપેડને સાચા તરીકે રજૂ કરી ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. ફરિયાદી પાસેથી આરોપીઓએ અલગ-અલગ તારીખોમાં કુલ રૂ.3.30 કરોડ આરોપી કુંજલસિંહ વિક્રમસિંહ સોલંકીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લીધા હતા.

આ છેતરપિંડીમાં નવી મુંબઈ સ્થિત ફીનો પેમેન્ટ બેંકના જવાબદાર અધિકારીઓની પણ સંડોવણી સામે આવી છે. નવી મુંબઈ સ્થિત ફીનો પેમેન્ટ બેંકના 'કંપની સેક્રેટરી અને એવીપી લીગલ બસ્વરાજ લોની દ્વારા બેંકના લેટરહેડ પર વોલેટ એકાઉન્ટ ખોલવા માટે આઈસીઆઈસીઆઈ બેંકને પત્ર લખવામાં આવ્યો હતો. આ ઉપરાંત, બેંકના SDM હિમાંશુ મિશ્રાએ વોટ્સએપ વીડિયો કોન્ફરન્સ આઈસીઆઈસીઆઈ દ્વારા ફરિયાદી સાથે સંવાદ કરી સ્કીમની શરતો સમજાવી હતી અને માસિક 3થી 5 સુધીનું ખાતરીપૂર્વકનું વળતર મળશે તેવી પાકી બાંહેધરી આપી હતી.

# રાજકોટ શહેરનાં માર્ગો ખાડામુક્ત બનશે: મહાનગરપાલિકા દ્વારા ત્રણેય ઝોનમાં ખાડાઓ બુરવા માટે જુદી-જુદી ટીમો ઉતારાઈ

## વરસાદના કારણે પડેલા ખાડા પૂરી રસ્તા મરામતની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ



રાજકોટ, તા.30

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચોમાસા દરમિયાન રસ્તા પર પડેલા ખાડાથી નાગરિકોને પડતી અગવડતા દૂર કરવા તમામ ત્રણેય ઝોનમાં યુદ્ધના ધોરણે પેચવર્ક કામગીરી હાથ ધરાઈ છે. જેમાં વેસ્ટ ઝોનનાં ગોવિંદ રત્ન-2, રોયલ પાર્ક-1, સર્વોદય સ્કૂલ સામેનો વિસ્તાર, આર.કે.નગર મેઈન રોડ, વૃંદાવન મેઈન રોડ, મુંજકા ચોક તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રોડ જેવા વિસ્તારોમાં માર્ગની સ્થિતિ મુજબ ડામર પેચવર્ક, મેટલ-મોરમ, સીસી અને બ્લોક પેચવર્ક હાથ ધરવામાં આવ્યું છે.

ઉપરાંત રાજકોટનાં સેન્ટ્રલ અને ઈસ્ટ ઝોનનાં વિવિધ વિસ્તારોમાં પણ સ્થળની સ્થિતિ અને જરૂરિયાત મુજબ કામગીરી શરૂ કરવામાં આવી છે, નાગરિકોને વાહન વ્યવહારમાં સરળતા અને સુરક્ષા મળી રહે તેના માટે આ કામગીરી હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં કામગીરીમાં વધુ ઝડપ અને કાર્યક્ષમતા લાવવા માટે જેટ પેચર મશીન દ્વારા પણ પેચવર્ક શરૂ કરવામાં આવશે. બાંધકામ શાખાના સિટી એન્જિનિયર જણાવ્યા મુજબ, તંત્ર દ્વારા સમગ્ર ઝોનમાં માર્ગોની સતત સમીક્ષા કરવામાં આવી રહી છે. જ્યાં પણ ખાડા કે ખરાબ રસ્તા જણાશે ત્યાં તાત્કાલિક ધોરણે મરામતની કામગીરીઓ કરવામાં આવશે.

રાજકોટ મનપા આરોગ્ય શાખા, ફેડરેશન ઓફ આયુષ ડોક્ટર્સ અને પી.ડી.યુ. મેડીકલ કોલેજના સંયુક્ત ઉપક્રમે પૂજ્ય પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે ચાંદીપુરા વાયરસની અટકાયત, જનજાગૃતિ અને બાળકોમાં એક્યુટ એન્સેફેલાઈટિસ સિન્ડ્રોમના સમયસર નિદાન તથા સારવાર અંગે સતત તબીબી શિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ શહેરમાં હજુ સુધી આ વાયરસના 0 કેસ નોંધાયા છે, છતાં કાર્યક્રમમાં નાયબ આરોગ્ય અધિકારીઓ અને આયુષ ડોકટરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પી.ડી.યુ. મેડિકલ કોલેજ તરફથી ડો. મનાલી વીરપરિયા, ડો. મધુલિકા મિસ્ત્રી અને ડો. ભાવેશ કાનાબાર દ્વારા ચાંદીપુરા વાયરસ અંગે જનજાગૃતિ, રોગની વહેલી ઓળખ, સમયસર રિફરલ, અસરકારક સર્વેલન્સ અને નિવારક પગલાં અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ આરોગ્ય વિભાગ અને આયુષ તબીબો વચ્ચેના સંકલનને મજબૂત બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. નાયબ આરોગ્ય અધિકારી ડો. આશીષ કોડીયાતરે શંકાસ્પદ કેસોની તત્કાલ જાણ કરવા અપીલ પણ કરી હતી.

આવકવેરા વિભાગ દ્વારા વ્યક્તિગત કરદાતાઓ માટે ઈન્કમટેક્ષ રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ નક્કી કરવામાં આવી છે. દેશના અનેક રાજ્યોમાં અતિવૃષ્ટિ, પૂર અને વીજ-ઈન્ટરનેટ સેવાઓ ખોરવાવાને કારણે કરદાતાઓ માટે આ સમયગાળો પૂરતો નથી. આ ઉપરાંત ઈ-ફાઈલીંગ પોર્ટલ પર સર્વર ધીમું ચાલવું, લોગિનમાં મુશ્કેલી, સિસ્ટમ ટાઈમ-આઉટ અને AIS, TIS તેમજ Form 26AS ડેટા રિકન્સિલેશન સંબંધિત ટેકનિકલ ક્ષતિઓને લીધે કરદાતાઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને ટેક્સ પ્રોફેશનલ્સને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. જ્યારે બિન-ઓડિટના કેસોમાં ITR-3 અને ITR-4 માટે 31 ઓગસ્ટ સુધીની મુદત પહેલેથી આપવામાં આવેલ છે. આ તમામ કુદરતી અને ટેકનિકલ મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને વ્યક્તિગત કરદાતાઓ અને ટેક્સ પ્રોફેશનલ્સના હિતમાં રિટર્ન ફાઈલ કરવાની સમયમર્યાદામાં 15 દિવસનો તાત્કાલિક વધારો કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવ દ્વારા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (CBDT) ના ચેરમેન સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

# પશ્ચિમ રેલવે દ્વારા ચાર જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તારિત કરવામાં આવ્યા

અમદાવાદ, તા.30

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ મંડળમાંથી દોડતી ચાર જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તારિત કરવામાં આવ્યા છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

1. ટ્રેન નં. 01906/01905 અસારવા-કાનપુર સેન્ટ્રલ સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નં. 01906 અસારવા-કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલના ફેરા 1 સપ્ટેમ્બર, 2026 સુધી વિસ્તારિત કરવામાં આવ્યા છે. તે જ રીતે ટ્રેન નં. 01905 કાનપુર સેન્ટ્રલ-અસારવા સ્પેશિયલના ફેરા 31 ઓગસ્ટ, 2026 સુધી વિસ્તારિત કરવામાં આવ્યા છે.

2. ટ્રેન નં. 01909/01910 અસારવા-આગ્રા કેન્ટ સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નં. 01909 અસારવા-આગ્રા કેન્ટ સ્પેશિયલના ફેરા 1 સપ્ટેમ્બર, 2026 સુધી વિસ્તારિત કરવામાં આવ્યા છે. તે જ રીતે ટ્રેન નં. 01910 આગ્રા કેન્ટ-અસારવા સ્પેશિયલના ફેરા 31 ઓગસ્ટ, 2026 સુધી વિસ્તારિત કરવામાં આવ્યા છે.

3. ટ્રેન નં. 09465/09466 અમદાવાદ-દરભંગા સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નં. 09465 અમદાવાદ-દરભંગા સ્પેશિયલના ફેરા 11 સપ્ટેમ્બર, 2026 સુધી વિસ્તારિત કરવામાં આવ્યા છે. તે જ રીતે ટ્રેન નં. 09466 દરભંગા-અમદાવાદ સ્પેશિયલના ફેરા 14 સપ્ટેમ્બર, 2026 સુધી વિસ્તારિત કરવામાં આવ્યા છે.

4. ટ્રેન નં. 04112/04111 ગાંધીગ્રામ-પ્રયાગરાજ દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નં. 04112 ગાંધીગ્રામ-પ્રયાગરાજ સ્પેશિયલના ફેરા 30 ઓગસ્ટ, 2026 સુધી વિસ્તારિત કરવામાં આવ્યા છે. તે જ રીતે ટ્રેન નં. 04111 પ્રયાગરાજ-ગાંધીગ્રામ સ્પેશિયલના ફેરા 29 ઓગસ્ટ, 2026 સુધી વિસ્તારિત કરવામાં આવ્યા છે.

ઉપરોક્ત સ્પેશિયલ ટ્રેનોના વિસ્તારિત ફેરાઓ માટેનું બુકિંગ તમામ પીઆરએસ (PRS) કાઉન્ટરો તેમજ IRCTCની વેબસાઈટ પર શરૂ થઈ ગયું છે. ટ્રેનોના સમય, સ્ટોપેજ તથા રેક સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે.

# ક્રિકેટને 'બાય-બાય' કહેનારા અજિંક્ય રહાણેની કરોડોની સંપત્તિ: મુંબઈમાં આલીશાન ઘર અને કિંમતી કારોનું કલેક્શન!

**નવી દિલ્હી, તા.30**

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ વાઈસ કેપ્ટન અને વરિષ્ઠ બેટ્સમેન અજિંક્ય રહાણે લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી બહાર ચાલી રહ્યો છે. તાજેતરમાં જ જ્યારે શ્રીલંકા પ્રવાસ માટે ભારતીય ટેસ્ટ ટીમની જાહેરાત કરવામાં આવી, ત્યારે ફરી એકવાર રહાણેની ઉપેક્ષા કરવામાં આવી છે. આ નિર્ણય બાદ સોશિયલ મીડિયા પર રહાણેના રીટાયરમેન્ટને લઈને ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. જોકે, આંતરરાષ્ટ્રીય સ્તરે ટીમમાં સ્થાન ન મળવા છતાં રહાણેની લોકપ્રિયતા, બિઝનેસ નેટવર્ક અને તેમની ઊંચી કમાણી પર કોઈ ખાસ અસર પડી નથી. આજે એ વિશે જાણીએ કે આ દિગ્ગજ ભારતીય ક્રિકેટરની કુલ સંપત્તિ કેટલી છે અને કયા-કયાથી કરોડોની કમાણી આવે છે એ જોવું રહ્યું. વિવિધ મીડિયા અહેવાલો અને સત્તાવાર આંકડાઓ અનુસાર, અજિંક્ય રહાણેની અંદાજિત કુલ સંપત્તિ આશરે 80 કરોડ રૂપિયાથી વધુ છે. ભલે તેઓ અત્યારે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના કેન્દ્રીય કરારમાં સામેલ નથી, તેમ છતાં તેની વાર્ષિક આવક 6 કરોડ રૂપિયાની આસપાસ છે, જે જુદા જુદા બિઝનેસ અને પ્રીમિયમ લીગમાંથી આવે છે.



અજિંક્ય રહાણેની આવકના મુખ્ય સ્ત્રોતોમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ, ઘરેલું ક્રિકેટ અને અગાઉની આંતરરાષ્ટ્રીય મેચોનો સમાવેશ થાય છે: IPL સેલરી: રહાણે હાલમાં IPLમાં મહેન્દ્ર સિંહ ધોનીની ટીમ ચેન્નઈ સુપર કિંગ્સનો મહત્ત્વનો હિસ્સો છે, જ્યાં ફ્રેન્ચાઈઝી દ્વારા તેને દર વર્ષે 50 લાખ રૂપિયાની મેચ સેલરી ચૂકવવામાં આવે છે. ભૂતકાળમાં તેઓ IPLથી વાર્ષિક 4થી 5 કરોડ રૂપિયા સુધીની કમાણી કરી ચૂક્યા છે.

ઘરેલું ક્રિકેટ અને કાઉન્ટી ક્રિકેટ: રહાણે મુંબઈ રણજી ટીમ તરફથી રમે છે, જેની તેમને નિયત મેચ ફી મળે છે. આ સિવાય તે વિદેશમાં ઈંગ્લિશ કાઉન્ટી ક્રિકેટ રમીને પણ મોટી કમાણી કરે છે.

ઈન્ટરનેશનલ મેચ ફી: ભારતીય ટીમ તરફથી રમતી વખતે તેને ટેસ્ટ મેચ દીઠ 15 લાખ રૂપિયા, વનડે મેચ દીઠ 6 લાખ રૂપિયા અને T20 મેચ દીઠ 3 લાખ રૂપિયાની ફી મળતી હતી.

અજિંક્ય રહાણે માત્ર એક સારો ક્રિકેટર જ નહીં, પરંતુ એક સ્માર્ટ ઈન્વેસ્ટર પણ છે. તેણે ઘણા સ્ટાર્ટઅપ્સ અને બિઝનેસમાં મોટું રોકાણ કર્યું છે: રોકાણ: રહાણેએ ઓર્ગેનિક ગ્રોથ એગ્રીટેક સ્ટાર્ટઅપ 'મેરાકિસાન'માં નોંધપાત્ર રોકાણ કર્યું છે. આ ઉપરાંત તેણે સ્પોર્ટ્સ ટેકનોલોજી કંપનીઓ અને રિયલ એસ્ટેટ પ્રોપર્ટીઝમાં પણ લાખો રૂપિયા રોક્યા છે.

બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ: રહાણે સ્પોર્ટ્સ બ્રાન્ડ્સ, ફાઈનાન્સ, નિયોગ્રોથ, Gamezy અને કન્ઝ્યુમર ગુડ્સ સાથે જોડાયેલી ઘણી મોટી બ્રાન્ડ્સની જાહેરાતો કરે છે, જેના માટે તેઓ વાર્ષિક 1 કરોડ રૂપિયા સુધીની મોટી ફી વસૂલ કરે છે. અજિંક્ય રહાણે પોતાના પરિવાર સાથે મુંબઈના પોશ વિસ્તાર માટુંગામાં આવેલા એક અતિ આલીશાન એપાર્ટમેન્ટમાં રહે છે. આ હાઈ-રાઈઝ બિલ્ડિંગમાં આવેલા ફ્લેટની અંદાજિત કિંમત કરોડો રૂપિયામાં છે. આ સિવાય દેશના અન્ય ભાગોમાં પણ તેની પાસે કરોડોની કિંમતી જમીન અને કોમર્શિયલ પ્રોપર્ટી છે.

આ સિવાય, રહાણેને મોંઘી અને લક્ઝુરિયસ ગાડીઓનો પણ ઘણો શોખ છે. તેની કાર કલેક્શનમાં આશરે 1.5 કરોડ રૂપિયાની કિંમતની Audi Q7, BMW 5 Series, Volvo XC90 અને મધ્યમ વર્ગની મનપસંદ Maruti Suzuki Wagon R પણ સામેલ છે, જે તેમની સાદગી દર્શાવે છે. ભલે ભારતીય ટીમમાં તેમની વાપસી મુશ્કેલ લાગી રહી હોય, પરંતુ આર્થિક અને બિઝનેસના મોરચે રહાણે અત્યંત મજબૂત સ્થિતિમાં છે.

# ભારતીય હોકી ટીમની 'ભગવા' ટી-શર્ટ અંગે હોબાળો, પૂર્વ કેપ્ટને ઉઠાવતા ખેલ જગતમાં શરૂ થઈ ચર્ચા

**નવી દિલ્હી, તા.30**

બેલ્જિયમ અને નેધરલેન્ડ્સની યજમાનીમાં રમાઈ રહેલા FIH મેન્સ હોકી વર્લ્ડ કપ 2026માં ભારતીય ટીમ મેદાન પર શાનદાર પ્રદર્શન કરી રહી છે. પરંતુ રમતની સાથે સાથે અત્યારે ટીમ ઈન્ડિયા તેની નવી કિટને લઈને ચર્ચા અને વિવાદના કેન્દ્રમાં આવી ગઈ છે. વર્લ્ડ કપની મેચો દરમિયાન ભારતીય હોકી ટીમ પરંપરાગત બ્લુ જર્સીના બદલે સંપૂર્ણ ભગવા રંગની કિટ પહેરીને મેદાન પર ઉતરી છે. જર્સીના આ કલર બદલાવને કારણે સોશિયલ મીડિયા પર નવી ચર્ચા છેડાઈ છે, જેમાં સ્પોર્ટ્સ જગતના દિગ્ગજો પણ કૂદી પડ્યા છે.

ભારતીય હોકી ટીમના પૂર્વ કેપ્ટન અને દિગ્ગજ ખેલાડી વીરેન રસ્કીન્હાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ મામલે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. વીરેને ભારતીય ટીમના ફોટો શેર કરતા લખ્યું કે, 'ભારતીય ટીમની આ જર્સી મને બિલકુલ પસંદ નથી આવી રહી. વર્ષોથી આંતરરાષ્ટ્રીય



સ્તરે ભારતીય રમતગમતની ઓળખ 'મેન ઇન બ્લુ' તરીકેની રહી છે. આપણી હોકી ટીમે જ્યારે પણ ઈતિહાસ રચ્યો છે, ત્યારે વાદળી રંગ જ આપણી આગવી ઓળખ રહ્યો છે. અચાનક આ ઓળખને બદલીને સંપૂર્ણ ભગવા રંગની જર્સી આપવાનું કોઈ તાર્કિક કારણ મને સમજાતું નથી.'

વીરેન રસ્કીન્હાની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે અને રમતપ્રેમીઓ પણ આ મુદ્દે બે ભાગમાં વહેંચાઈ ગયા છે. કેટલાક લોકો પૂર્વ કેપ્ટનની વાત સાથે સહમત થઈ રહ્યા છે, જ્યારે કેટલાક યુઝર્સનું કહેવું છે કે જર્સીનો રંગ રાષ્ટ્રધ્વજના ત્રણ રંગોમાંથી જ એક છે, તેથી આમાં કોઈ વિવાદ ન હોવો જોઈએ. સૂત્રો અને અહેવાલો અનુસાર, આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘના નિયમો મુજબ, જ્યારે બે ટીમોની જર્સીના રંગ એકસરખા અથવા મળતા આવતા હોય, ત્યારે એક ટીમે પોતાની 'અવે જર્સી' એટલે કે વૈકલ્પિક જર્સી પહેરવી પડે છે. આ વર્લ્ડ કપમાં જર્મની, આર્જેન્ટિના, ફ્રાન્સ અને ગ્રેટ બ્રિટન જેવી ટીમોની હોમ જર્સી પણ વાદળી અથવા તેને મળતા આવતા શેડની છે. ટેલિવિઝન બ્રોડકાસ્ટ અને અમ્પાયરિંગની સરળતા માટે ભારતીય ટીમે હોમ જર્સી તરીકે સ્કાય બ્લુ અને અવે જર્સી તરીકે ભગવા રંગની પસંદગી કરી છે. જોકે, વિવાદ એ વાતનો છે કે ટીમ માત્ર અવે મેચોમાં જ નહીં, પરંતુ સતત આ નવી ભગવી જર્સીમાં જ જોવા મળી રહી છે. રમતગમતમાં ભારતીય ટીમની જર્સીનો રંગ બદલાયો હોય અને વિવાદ થયો હોય તેવો આ પ્રથમ કિસ્સો નથી. આ અગાઉ વર્ષ 2019ના ક્રિકેટ વર્લ્ડ કપ દરમિયાન ઈંગ્લેન્ડ સામેની મેચમાં વિરાટ કોહલીની કેપ્ટનશિપ હેઠળની ભારતીય ક્રિકેટ ટીમે પણ કલર ક્લેશને કારણે પાછળના ભાગે ઓરેન્જ રંગ વાળી જર્સી પહેરી હતી.

# શરમજનક હાર વચ્ચે બે પાકિસ્તાની ખેલાડીઓને ICC એ ફટકાર્યો મોટો દંડ, મેદાન પર કરી આવી હરકત

**નવી દિલ્હી, તા.30**

વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં 90 રનથી કારમી હારનો સામનો કર્યા બાદ પાકિસ્તાન ક્રિકેટ ટીમ માટે વધુ એક ખરાબ સમાચાર આવ્યા છે. મેદાન પર અણછાજતું વર્તન કરવા બદલ પાકિસ્તાનના બે મુખ્ય ફાસ્ટ બોલરો ખુર્રમ શહઝાદ અને મોહમ્મદ અબ્બાસ સામે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા કડક શિસ્તભંગના પગલાં લેવામાં આવ્યા છે. આ બંને ખેલાડીઓ વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનો આઉટ થયા બાદ મેદાન પર અતિ આક્રમક અને ઉશ્કેરણીજનક ઉજવણી કરતા જોવા મળ્યા હતા, જેને કારણે ICCએ તેમને દોષિત ઠેરવી દંડ અને ઠપકો આપ્યો છે.

ICC દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, બંને પાકિસ્તાની ફાસ્ટ બોલરોને ICCની



આચારસંહિતાની કલમ 2.5 (લેવલ-1 ગુનો) હેઠળ દોષિત માનવામાં આવ્યા છે. આ નિયમ આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન કોઈ પણ બેટ્સમેન આઉટ થયા બાદ તેની સામે એવી ભાષા, હાવભાવ કે એક્શન કરવા પર પ્રતિબંધ લગાવે છે જે બેટ્સમેનને ઉશ્કેરી શકે અથવા તેના પ્રત્યે અપમાનજનક હોય.

વેસ્ટ ઈન્ડિઝની બીજી ઈનિંગ્સની 17મી ઓવરમાં ખુર્રમ શહઝાદે શાઈ હોપની વિકેટ લીધા બાદ બેટ્સમેનની એકદમ નજીક જઈને અતિ આક્રમક રીતે ઉજવણી કરી હતી. ICCના મતે, શહઝાદની આ હરકત બેટ્સમેન તરફથી બિનજરૂરી પ્રતિક્રિયા ઉશ્કેરી શકી હોત. આ જ મેચમાં વેસ્ટ ઈન્ડિઝની ઈનિંગ્સની છેલ્લી વિકેટ જોમેલ વોરિકનની ઝડપ્યા બાદ મોહમ્મદ અબ્બાસે પણ તેની નજીક જઈને ઉશ્કેરણીજનક અંદાજમાં જશ્ન મનાવ્યો હતો.

આ વર્તન બદલ ICCના મેચ રેફરી જેફ ક્રોએ બંને ખેલાડીઓ માટે સજા નક્કી કરી છે. ફાસ્ટ બોલર ખુર્રમ શહઝાદ પર તેની મેચ ફીના 15 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. જ્યારે બીજી તરફ, ઈનિંગ્સમાં 5 વિકેટ ઝડપનાર મોહમ્મદ અબ્બાસને આ પ્રકારની પ્રથમ ભૂલ હોવાને કારણે સત્તાવાર રીતે લેખિત ઠપકો આપીને છોડી દેવાયો છે. જોકે, દંડ ઉપરાંત આ બંને ખેલાડીઓના શિસ્ત રેકોર્ડમાં 1-1 ડિમેરિટ પોઈન્ટ ઉમેરી દેવામાં આવ્યો છે. પાછલા 24 મહિનામાં આ બંને ખેલાડીઓનો ટ્રેક રેકોર્ડ એકદમ ક્લીન હતો.

# 10 મેચમાં 60 વિકેટો ઝડપી તોય ટીમ ઇન્ડિયામાં મોકો નહીં... પસંદગીકારો પર ભડક્યો પઠાણ

**નવી દિલ્હી, તા.30**

ભારતીય ક્રિકેટ ટીમ આગામી મહિને શ્રીલંકાના પ્રવાસે જવાની છે, જ્યાં 2 ટેસ્ટ મેચોની સીરિઝ રમાશે. આ પ્રવાસ માટે તાજેતરમાં જ 15 સભ્યોની ભારતીય ટેસ્ટ ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ ટીમમાં મધ્યપ્રદેશના ઓલરાઉન્ડર સારાંશ જૈનને પ્રથમ વખત તક આપવામાં આવી છે, પરંતુ રણજી ટ્રોફીમાં ધમાકેદાર પ્રદર્શન કરનાર જમ્મુ-કાશ્મીરના ફાસ્ટ બોલર આકિબ નબીની ઉપેક્ષા કરવામાં આવી છે. રણજી ટ્રોફીની છેલ્લી સિઝનમાં 10 મેચોમાં 60 વિકેટ ઝડપીને તરખાટ મચાવનાર આકિબ નબીને ફરી એકવાર નજરઅંદાજ કરાતા પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર ઈરફાન પઠાન ભારે નારાજ થયો છે અને તેણે પસંદગીકારોની નીતિ સામે આકરા સવાલો ઉઠાવ્યા છે.

એક વાતચીતમાં ઈરફાન પઠાન પોતાનો આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, 'પ્રામાણિકપણે કહું તો મારી પાસે એવો કોઈ તાર્કિક જવાબ નથી કે આકિબ નબીને ટીમમાં કેમ ન પસંદ કરાયો. હું પસંદગીકારોની આ આખી પ્રક્રિયા સમજી શક્યો નથી.'

ઈરફાને વધુમાં ઉમેર્યું કે, અગાઉ અફઘાનિસ્તાન સામે રમાયેલી એકમાત્ર ટેસ્ટ મેચ આકિબ નબીને આંતરરાષ્ટ્રીય સ્તરે અજમાવવાની શ્રેષ્ઠ તક હતી, કારણ કે તે મેચ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ભાગ પણ નહોતી.

તેણે સિલેક્ટર્સને સવાલ કરતા કહ્યું કે, 'જ્યારે જસપ્રિત બુમરાહ ટીમમાં ન હોય, ત્યારે મોહમ્મદ સિરાજ તમારો નંબર-1 ફાસ્ટ બોલર બની જાય છે. તો પછી અફઘાનિસ્તાન જેવી ટીમ સામેની ટેસ્ટમાં સિરાજને રમાડવાની શું જરૂર હતી? જો ઘરેલું ક્રિકેટના



પ્રદર્શનની કોઈ કિંમત હોય, તો આકિબ નબીને ત્યાં જ કેમ મોકો ન આપવામાં આવ્યો?'

આકિબ નબીએ છેલ્લી ઘરેલું સિઝનમાં અસાધારણ પ્રદર્શન કરીને જમ્મુ-કાશ્મીરને ઐતિહાસિક રણજી ટ્રોફી ખિતાબ જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ફાઈનલ મેચમાં તેણે કે. એલ. રાહુલ જેવા અનુભવી અને સિનિયર ભારતીય બેટ્સમેનને પણ પોતાની ધારદાર બોલિંગથી ભારે મુશ્કેલીમાં મૂક્યા હતા. આ શાનદાર પ્રદર્શનના જોરે જ તેને ઈન્ડિયા-એ ટીમમાં સ્થાન મળ્યું હતું. તાજેતરમાં જ શ્રીલંકાના પ્રવાસે ગયેલી ઈન્ડિયા-એ ટીમ તરફથી રમતા બે 4-દિવસીય મેચોમાં તેણે 6 વિકેટ ઝડપીને સાબિત કર્યું હતું કે તે ક્રિકેટના લાંબા ફોર્મેટ માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. આમ છતાં, સિનિયર ટીમમાં સ્થાન ન મળતા અનેક સવાલો ઊભા થયા છે.

ઈરફાન પઠાનનું માનવું છે કે કોઈ પણ ફાસ્ટ બોલરનું મૂલ્યાંકન માત્ર તેની સ્પીડના આધારે ન થવું જોઈએ. તેણે કહ્યું, 'લોકો માત્ર સ્પીડની વાતો કરે છે, પરંતુ એ જોવું જોઈએ કે બોલર બેટ્સમેનને કેટલી વાર બીટ કરે છે. શું તે ડોમેસ્ટિક ક્રિકેટના સર્વશ્રેષ્ઠ બેટ્સમેનોને પરેશાન કરી શકે છે? આકિબે આ સતત કરીને બતાવ્યું છે.'

સિલેક્ટર્સને ચેતવણી આપતા ઈરફાને જણાવ્યું કે, ફાસ્ટ બોલર્સના કરિયરનો સુવર્ણકાળ ખૂબ જ મર્યાદિત હોય છે. સામાન્ય રીતે ફાસ્ટ બોલર્સ 27થી 32 વર્ષની ઉંમર વચ્ચે પોતાના કરિયરના સર્વોચ્ચ શિખર પર હોય છે. જો આ યોગ્ય સમયે તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે તક આપવામાં ન આવે, તો ભારતીય ક્રિકેટ એક સારા ખેલાડીના શ્રેષ્ઠ વર્ષો ગુમાવી દેશે.

સારાંશ જૈનની પસંદગીને આવકારતા ઈરફાને કહ્યું કે, 33 વર્ષના સારાંશને પાંચ વર્ષના સતત પ્રદર્શન બાદ ટીમમાં સ્થાન મળ્યું તે પ્રશંસનીય છે, જેનાથી ઘરેલું ખેલાડીઓમાં સારો સંદેશ જાય છે. પરંતુ આ જ નિયમ આકિબ નબી પર કેમ લાગુ ન કરાયો? ક્રિકેટમાં ફાસ્ટ બોલર્સ વારંવાર ઈજાગ્રસ્ત થતા હોવાથી ટીમ પાસે એક મજબૂત બેકઅપ હોવો અનિવાર્ય છે, અને આકિબ તેના માટે શ્રેષ્ઠ વિકલ્પ હતો. પસંદગીકારોના આ નિર્ણયથી હવે ભારતીય ક્રિકેટની સિલેક્શન પોલિસી પર ફરી એકવાર મોટા પ્રશ્નાર્થચિહ્નો ઊભા થયા છે.

# 'લવ એન્ડ વૉર' માટે ભણસાલીનો અનોખો પ્લાન, ટીઝર કે મોશન પોસ્ટર લોન્ચ નહીં થાય

**મુંબઈ, તા.30**

ડિરેક્ટર સંજય લીલા ભણસાલી હંમેશાં પોતાના અલગ અંદાજ માટે જાણીતા રહ્યા છે. હવે તેમની આગામી બહુપ્રતિક્ષિત ફિલ્મ 'લવ એન્ડ વૉર'ના પ્રમોશન માટે પણ તેઓ ફિલ્મ પ્રમોશનની સામાન્ય રીતને બદલે એક અનોખી સ્ટ્રેટેજી અપનાવવા જઈ રહ્યા છે. સામાન્ય રીતે કોઈ પણ ફિલ્મ આવવાની હોય તો પહેલાં તેનું મોશન પીક્ચર આવે છે, પછી ટીઝરથી પાત્રોની ઝલક આપવામાં આવે છે અને પછી તેનું ટ્રેલર લોંચ કરવામાં આવતું હોય છે. ત્યાર પછી ફિલ્મની લીડ કાસ્ટ વિવિધ શો પર અને સ્થળો પર જઈને ફિલ્મનું પ્રમોશન શરૂ કરે છે. પરંતુ લવ એન્ડ વૉર અંગે મળતી માહિતી મુજબ ફિલ્મનું પ્રમોશન ટીઝર અથવા મોશન પોસ્ટરથી નહીં પરંતુ એક ખાસ ઈમર્સિવ એક્સપિરિયન્સ દ્વારા શરૂ



કરવામાં આવશે. ફિલ્મમાં રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ મુખ્ય ભૂમિકામાં છે. ઈન્ડસ્ટ્રીના એક સુત્રના જણાવ્યા અનુસાર, સંજય લીલા ભણસાલી હાલમાં એક ખાસ પ્રોમોશનલ સામગ્રી તૈયાર કરાવી રહ્યા છે, જે દર્શકોને ફિલ્મની દુનિયાની પ્રથમ ઝલક કરાવશે. આ ખાસ સામગ્રી ઓગસ્ટ મહિનામાં લોન્ચ કરવામાં આવે તેવી શક્યતા છે અને તે ફિલ્મના સત્તાવાર પ્રમોશનનો પ્રારંભ બનશે. સુત્રએ જણાવ્યું કે, "'લવ એન્ડ વૉર'ના નિર્માતાઓ પ્રમોશન માટે બિલકુલ અલગ રસ્તો અપનાવી રહ્યા છે. સામાન્ય ટીઝર અથવા પોસ્ટરના બદલે તેઓ એક વિશેષ એસેટ તૈયાર કરી રહ્યા છે, જે દર્શકોને સીધા જ ફિલ્મની દુનિયામાં લઈ જશે. સંજય લીલા ભણસાલી પોતે તેમની વિશ્વસનીય ક્રિએટિવ ટીમ સાથે મળીને આ પ્રોજેક્ટ પર ખુબ તકેદારીપૂર્વક કામ કરી રહ્યા છે." સંજય લીલા ભણસાલીની ફિલ્મોમાં દરેક દ્દશ્યને અત્યંત બારીકીથી તૈયાર કરવામાં આવે છે અને તે દર્શકોને ફિલ્મની લાગણીઓ સાથે જોડવાનો પ્રયાસ કરે છે. આ જ વિચારને આગળ વધારતા તેઓ આ વખતે માત્ર પાત્રોના પોસ્ટર કે પરંપરાગત ટીઝર રજૂ કરવાને બદલે ફિલ્મનાં માહોલ, ભવ્યતા અને ભાવનાત્મક તત્વોનો અનુભવ કરાવતી વિશેષ રજૂઆત તૈયાર કરી રહ્યા છે. સુત્રોના જણાવ્યા મુજબ, આ ઈમર્સિવ એસેટ હાલમાં અંતિમ તબક્કામાં છે અને તેના દરેક સર્જનાત્મક પાસા પર ભણસાલી વ્યક્તિગત રીતે નજર રાખી રહ્યા છે. જો બધું આયોજન મુજબ રહ્યું તો ઓગસ્ટમાં ફિલ્મની પ્રથમ સત્તાવાર ઝલક સામે આવશે.

જોકે આ ખાસ રજૂઆતનું સ્વરૂપ હજુ સુધી ગુપ્ત રાખવામાં આવ્યું છે, પરંતુ ઈન્ડસ્ટ્રીમાં ચર્ચા છે કે તે માત્ર એક પ્રમોશનલ વીડિયો નહીં હોય. નિર્માતાઓ તેને એક ભવ્ય ઈવેન્ટનું સ્વરૂપ આપવા માંગે છે, જે દર્શકોને પહેલી જ ક્ષણે ભણસાલીની સિનેમેટિક દુનિયામાં લઈ જાય. 'લવ એન્ડ વૉર'માં પ્રથમ વખત રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ સંજય લીલા ભણસાલીના દિગ્દર્શનમાં સાથે જોવા મળશે. ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી જ તેની દરેક અપડેટ પર ચાહકોની નજર છે. જો આ આયોજન સફળ રહેશે તો 'લવ એન્ડ વૉર'ની પ્રથમ ઝલક ભારતીય સિનેમાના પ્રમોશનલ ઈતિહાસમાં એક યાદગાર ઘટના બની શકે છે, જે ફરી એકવાર સંજય લીલા ભણસાલીની અનોખી ફિલ્મમેકિંગ શૈલીને ઉજાગર કરશે.

# IFFMમાં પંકજ ત્રિપાઠીને 'આર્ટિસ્ટ ઑફ ડિસ્ટિન્ક્શન' એવોર્ડ મળશે...

**મુંબઈ, તા.30**

રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેતા પંકજ ત્રિપાઠીને ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઑફ મેલબર્નમાં પ્રતિષ્ઠિત 'આર્ટિસ્ટ ઑફ ડિસ્ટિન્ક્શન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. ભારતીય સિનેમામાં તેમના અસાધારણ યોગદાન અને એક શ્રેષ્ઠ અભિનેતા તરીકેની પ્રેરણાદાયી સફરને માન્યતા આપવા માટે તેમને આ સન્માન અપાશે. ખાસ વાત એ છે કે પંકજ ત્રિપાઠી પ્રથમ વખત ઓસ્ટ્રેલિયાના મેલબર્નમાં યોજાનારા આ ફેસ્ટિવલમાં હાજરી આપશે અને ત્યાં આ એવોર્ડ સ્વીકારશે.

'ગેંગ્સ ઑફ વાસેપુર', 'ન્યૂટન', 'સ્ત્રી' સહિત અનેક યાદગાર ફિલ્મો અને વેબ સિરીઝમાં પોતાના અભિનયથી છાપ છોડનાર પંકજ ત્રિપાઠીએ આ સન્માન બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું, "'આર્ટિસ્ટ ઑફ



ડિસ્ટિન્ક્શન' એવોર્ડ મેળવવો મારા માટે અત્યંત ગૌરવ અને નમ્રતાનો વિષય છે. હું હંમેશા માનું છું કે વાર્તાઓમાં ભાષા અને ભૌગોલિક સીમાઓને પાર કરીને લોકોના દિલોને જોડવાની અસાધારણ શક્તિ હોય છે."


તેમણે વધુમાં ઉમેર્યું કે, "આંતરરાષ્ટ્રીય મંચ પર મારી સફરને મળેલી આ માન્યતા મારા માટે ખૂબ જ ખાસ છે. મારી કારકિર્દીના દરેક પડાવ પાછળ ફિલ્મમેકર્સ, લેખકો, દિગ્દર્શકો, સહ-કલાકારો, ટેકનિશિયનો અને સૌથી મહત્વપૂર્ણ દર્શકોનો વિશ્વાસ અને પ્રેમ રહ્યો છે. આ સન્માન એટલું જ તેમનું છે જેટલું મારું." ઉલ્લેખનીય છે કે ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઑફ મેલબર્નનું આયોજન 13 ઑગસ્ટથી 23 ઑગસ્ટ દરમિયાન ઓસ્ટ્રેલિયાના મેલબર્ન શહેરમાં થશે.

# રેખાને IFFM 2026માં 'એક્સેલન્સ ઈન સિનેમા' એવોર્ડથી સન્માનિત કરાશે

**મુંબઈ, તા.30**

વિતેલા જમાનાનાં જાજરમાન અભિનેત્રી રેખાને ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઑફ મેલબર્ન (IFFM) 2026માં વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યાં છે. આ પ્રસંગે તેમને ભારતીય સિનેમામાં પાંચ દાયકાથી વધુ સમયનાં અસાધારણ યોગદાન બદલ 'એક્સેલન્સ ઈન સિનેમા' એવોર્ડથી નવાજવામાં આવશે. સાથે જ તેમની ક્લાસિક ફિલ્મ 'ઉમરાવ જાન'નું વિશેષ સ્ક્રીનિંગ પણ યોજાશે.

એવોર્ડ અંગે ખુશી વ્યક્ત કરતાં રેખાએ કહ્યું, "'ઉમરાવ જાન' ક્યારેય મારા જીવનથી દૂર ગઈ નથી. તે મારી યાદોમાં, મારી નિ:શબ્દ ક્ષણોમાં અને દર્શકોનાં દિલોમાં આજે પણ જીવંત છે. આ ફિલ્મને વૈશ્વિક મંચ પર ફરીથી



સન્માન મળતું જોવું મારા માટે ભાવુક અને ગૌરવની ક્ષણ છે."

તેમણે વધુમાં ઉમેર્યું કે, "સિનેમાએ મને જીવનમાં ઘણું આપ્યું છે. IFFM 2026માં મળતું આ સન્માન માત્ર મારી સફરનું જ નહીં, પરંતુ મારા જીવનને સમૃદ્ધ બનાવનારા ફિલ્મમેકર્સ, લેખકો, સંગીતકારો અને તમામ સહયોગીઓને પણ સમર્પિત છે."

IFFMની પરંપરા મુજબ 15 ઓગસ્ટે ભારતના 79મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે મેલબર્નમાં યોજાનારા ધ્વજવંદન સમારોહમાં રેખા ભારતીય તિરંગો ફરકાવશે. આ કાર્યક્રમમાં ભારતીય મૂળના લોકો, ઓસ્ટ્રેલિયન મહાનુભાવો, ફિલ્મમેકર્સ, કલાકારો અને સિનેપ્રેમીઓ ઉપસ્થિત રહેશે.

આ અગાઉ આ પરંપરાગત સમારોહમાં ઋષિ કપૂર, આમિર ખાન, શબાના આઝમી, અનિલ કપૂર, રાની મુખર્જી, ઐશ્વર્યા રાય બચ્ચન, અભિષેક બચ્ચન, રામ ચરણ અને કરણ જોહર જેવા દિગ્ગજોએ ધ્વજવંદન કર્યું છે.

ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઑફ મેલબર્ન 2026નું આયોજન 13થી 23 ઓગસ્ટ દરમિયાન ઓસ્ટ્રેલિયાના મેલબર્ન શહેરમાં થશે, જેમાં ભારતીય ફિલ્મ ઉદ્યોગનાં અનેક અગ્રણી કલાકારો અને ફિલ્મમેકર્સ ભાગ લેશે.

# ફીમાં કામ કર્યું, પરંતુ તેનું માન મળ્યું નહીં – શહેનાઝ ગિલ

**મુંબઈ, તા.30**

અભિનેત્રી શહનાઝ ગિલે મનોરંજન જગતમાં પોતાના સંઘર્ષ અને અનુભવ અંગે વાત કરતાં જણાવ્યું છે કે કારકિર્દીની શરૂઆતમાં તેણે અનેક પ્રોજેક્ટ્સમાં કોઈ ફી લીધા વિના કામ કર્યું હતું, પરંતુ તેના બદલામાં તેને અપેક્ષિત સન્માન મળ્યું નહોતું. હવે તે યોગ્ય ફી વિના કોઈ પણ પ્રોજેક્ટ સ્વીકારવા તૈયાર નથી.

તાજેતરમાં આપેલાં એક ઈન્ટરવ્યૂમાં શહનાઝે જણાવ્યું કે ઘણી વખત તેમને પોતાની યોગ્ય ફી મેળવવા માટે લડવું પણ પડે છે.

શહનાઝે કહ્યું, "પૈસા ખુબ મહત્વના છે. તે તમને સન્માન અપાવે છે. આજે હું જે ફી મેળવવાની હકદાર છું તે માગું છું, તો ક્યારેક મળે છે, ક્યારેક નથી મળતી અને ક્યારેક મેં જે માંગ્યું હોય તેનાથી ઓછું મળે છે. પરંતુ દરેક વ્યક્તિએ પોતાના હક માટે લડવું જોઈએ. હું ખુબ મહેનત કરીને આજે અહીં સુધી પહોંચી છું."

તેણે કહ્યું, "હા, એક સમય એવો હતો જ્યારે મેં ઘણું કામ ફીમાં કર્યું હતું. પરંતુ તેનું મને કોઈ સન્માન મળ્યું નહીં. મેં ઘણા લોકો માટે ઘણું બધું કર્યું, છતાં તેની કદર થઈ નહીં. હવે હું મારા હક માટે અવાજ ઉઠાવું છું."

શહનાઝે ઉમેર્યું કે જો કોઈ ફિલ્મની વાર્તા બહુ સારી હોય તો તે ક્યારેક ફીમાં સમાધાન કરવા તૈયાર થાય છે.

તેણે કહ્યું, "ક્યારેક તમને ખબર હોય છે કે તમને સારી ફી નહીં મળે, છતાં સ્ક્રિપ્ટ એટલી સારી હોય છે કે તમે તે ફિલ્મનો ભાગ બનવાનું પસંદ કરો છો. પરંતુ માત્ર પૈસા માટે મેં ક્યારેય કામની ગુણવત્તા સાથે સમાધાન કર્યું નથી."

શહનાઝ ગિલે પંજાબી મનોરંજન ઉદ્યોગથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યારબાદ 'બિગ બોસ 13'માં તેની હાજરી અને દિવંગત અભિનેતા સિદ્ધાર્થ શુક્લા સાથેની મિત્રતાએ તેને દેશભરમાં લોકપ્રિય બનાવી હતી. તેમણે સલમાન ખાનની ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન'થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો.



# સોનું ₹177 વધીને ₹1.42 લાખ પર પહોંચ્યું: આ વર્ષે સોનું ₹9 હજાર મોંઘું થયું, ચાંદીની કિંમત ₹789 ઘટીને ₹2.17 લાખ પ્રતિ કિલો થઈ

મુંબઈ, તા.30

આજના દિવસે એટલે કે ૩૦ જુલાઈના રોજ કિંમતી ધાતુઓના બજારમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે, જેમાં સોનાના ભાવમાં મામૂલી વધારો નોંધાયો છે જ્યારે ચાંદીના ભાવમાં નરમ વલણ જોવા મળ્યું છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) ના તાજેતરના આંકડા અનુસાર, ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાની કિંમત ૧૭૭ રૂપિયા વધીને ૧.૪૨ લાખ રૂપિયાના સ્તર પર પહોંચી ગઈ છે. બીજી તરફ, ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે, જ્યાં એક કિલો ચાંદીનો ભાવ ૭૮૯ રૂપિયા ઘટીને ૨.૧૭ લાખ રૂપિયા પર આવી ગયો છે. ચાલુ વર્ષ ૨૦૨૬ ના સમયગાળા દરમિયાન સોના અને ચાંદી બંનેના ભાવમાં ભારે ઉતાર-ચઢાવનો દોર ચાલુ રહ્યો છે. આ વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં સોનાની કિંમતમાં એકંદરે નવ હજાર રૂપિયાનો મજબૂત વધારો નોંધાયો છે. ગયા વર્ષના અંતે એટલે કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧.૩૩ લાખ રૂપિયાથી સહેજ ઉપર હતો, જે હાલમાં વધીને ૧.૪૨ લાખ રૂપિયાના સ્તરે પહોંચ્યો છે. આનાથી વિપરીત, ચાંદીના



ભાવમાં આ સમયગાળા દરમિયાન તેજી ટકી શકી નથી અને તેમાં આશરે ૧૩ હજાર રૂપિયાનો ઘટાડો નોંધાયો છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ એક કિલો ચાંદીનો ભાવ ૨.૩૦ લાખ રૂપિયા હતો, જે ઘટીને હાલ ૨.૧૭ લાખ રૂપિયાના સ્તરે આવી ગયો છે. ચાલુ વર્ષ દરમિયાન ૨૯ જાન્યુઆરીના રોજ બજારમાં સખત તેજી જોવા મળી હતી, જ્યારે સોનાએ ૧.૭૬ લાખ રૂપિયા અને ચાંદી ૩.૮૬ લાખ રૂપિયા પ્રતિ કિલોની પોતાની ઓલ ટાઈમ હાઈ સપાટી સર કરી હતી.

વર્ષ ૨૦૨૬ માં સોના-ચાંદીના માસિક ભાવ પર નજર કરીએ તો ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ સોનું ૧,૩૩,૧૯૫ રૂપિયા અને ચાંદી ૨,૩૦,૪૨૦ રૂપિયા હતી. ત્યારબાદ જાન્યુઆરીના અંત સુધીમાં ભાવ ઉછળીને સોનું ૧,૬૫,૭૯૫ રૂપિયા અને ચાંદી ૩,૩૯,૩૫૦ રૂપિયા પહોંચ્યા હતા. ફેબ્રુઆરીમાં ભાવમાં નરમાઈ આવતાં સોનું ૧,૫૦,૯૯૭ રૂપિયા અને ચાંદી ૨,૬૬,૭૦૦ રૂપિયા નોંધાયા હતા. માર્ચ અંત સુધીમાં સોનું ૧,૪૬,૭૩૩ રૂપિયા અને ચાંદી ૨,૩૦,૧૩૫ રૂપિયા રહ્યા હતા, જ્યારે એપ્રિલમાં સહેજ સુધારો થતાં સોનું ૧,૫૦,૨૬૩ રૂપિયા અને ચાંદી ૨,૪૦,૩૩૧ રૂપિયા પર પહોંચ્યા હતા. મે મહિનામાં ફરી તેજી આવતાં સોનું ૧,૫૬,૪૬૩ રૂપિયા અને ચાંદી ૨,૬૩,૩૫૦ રૂપિયા પર બંધ રહ્યા હતા, જ્યારે જૂનના અંતે નરમાઈ વચ્ચે સોનું ૧,૪૧,૨૮૬ રૂપિયા અને ચાંદી ૨,૨૫,૪૨૫ રૂપિયા નોંધાયા હતા. આજના એટલે કે ૩૦ જુલાઈ ૨૦૨૬ ના દિવસે ૧૦ ગ્રામ સોનાનો દર ૧,૪૨,૪૦૧ રૂપિયા અને પ્રતિ કિલો ચાંદીનો દર ૨,૧૬,૫૬૬ રૂપિયા નોંધાયો છે.

કોમોડિટી ક્ષેત્રના જાણીતા નિષ્ણાત અજય કેડિયાના મતે, સોના અને ચાંદીના ભાવ હાલમાં તેમની સર્વોચ્ચ સપાટીથી ઘણા નીચા આવી ચૂક્યા હોવાથી રોકાણકારો માટે આ એક અનુકૂળ સમય સાબિત થઈ શકે છે. જોકે તેમણે રોકાણકારોને એકસાથે મોટી રકમનું રોકાણ કરવાને બદલે તબક્કાવાર રોકાણ કરવાની સલાહ આપી છે. તેમના અંદાજ મુજબ આ વર્ષના અંત સુધીમાં સોનું ફરી એકવાર વધીને ૧.૬૦ લાખ રૂપિયા અને ચાંદી ૨.૮૦ લાખ રૂપિયાની સપાટી સ્પર્શી શકે છે.

ભૌતિક સોનું ખરીદવા સિવાય રોકાણકારો ગોલ્ડ અને સિલ્વર એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ એટલે કે ETF દ્વારા પણ રોકાણ કરી શકે છે. આ ફંડ્સ સોના-ચાંદીના બજાર ભાવ પર જ આધારિત હોય છે અને શેરબજારના પ્લેટફોર્મ BSE તથા NSE પર શેરની જેમ જ તેનું ખરીદ-વેચાણ થાય છે. આ પદ્ધતિમાં રોકાણકારને ભૌતિક રૂપે સોનું કે ચાંદી મળતા નથી, પરંતુ જ્યારે રોકાણમાંથી બહાર નીકળવું હોય ત્યારે તે સમયના પ્રવર્તમાન ભાવ મુજબ રોકડ રકમ ખાતામાં જમા થઈ જાય છે. આ માધ્યમથી માત્ર ૫૦૦ રૂપિયા જેવા નાના મૂડીરોકાણથી પણ શરૂઆત કરી શકાય છે. ETF માં રોકાણ કરવા માટે બ્રોકર મારફતે ડીમેટ ખાતું ખોલાવવું પડે છે અને નેશનલ સ્ટોક એક્સચેન્જ પરથી તેના યુનિટ્સ ખરીદી શકાય છે. ખરીદી રકમ ડીમેટ સાથે જોડાયેલા બેંક ખાતામાંથી કપાઈ જાય છે અને ઓર્ડર આપ્યાના બે દિવસમાં યુનિટ્સ ડીમેટ ખાતામાં ક્રેડિટ થઈ જાય છે, જેનું વેચાણ પણ ટ્રેડિંગ એકાઉન્ટ મારફતે સહેલાઈથી થઈ શકે છે. જો તમે જ્વેલર્સ પાસેથી રૂબરૂ સોનું ખરીદવાનું પસંદ કરતા હોવ તો કેટલીક બાબતો ખાસ ધ્યાનમાં રાખવી જરૂરી છે. હંમેશાં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદવું જોઈએ. હોલમાર્કમાં આપવામાં આવેલો આલ્ફાન્યુમેરિક કોડ સોનાની કેરેટ શુદ્ધતા દર્શાવે છે. આ ઉપરાંત, ખરીદી કરતી વખતે સોનાનું સાચું વજન અને તે દિવસનો દર ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની સત્તાવાર વેબસાઈટ જેવા વિશ્વસનીય સ્ત્રોતોમાંથી ક્રોસ ચેક કરી લેવો જોઈએ, કારણ કે ૨૪ કેરેટ, ૨૨ કેરેટ અને ૧૮ કેરેટ સોનાના ભાવમાં તફાવત હોય છે.

# હવે ક્લેમ વગર જ બેંક ખાતામાં આવી જશે PFના પૈસા: લાખો કર્મચારીઓને ફાયદો, સરકારે શરૂ કરી તૈયારી

મુંબઈ, તા.30

બેંક, LIC અને EPFOમાં હજારો કરોડ રૂપિયા અનક્લેમ્ડ પડ્યા છે, આ રકમ વર્ષ-દર-વર્ષ વધી રહી છે. પરંતુ હવે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) એ આ પૈસા સાચા હકદાર સુધી પરત કરવાનો રસ્તો શોધી કાઢ્યો છે.



ઓફલાઈન અને ઓનલાઈન ક્લેમ વગર 1 લાખથી વધુ કર્મચારીઓના બેંક ખાતાઓમાં નિષ્ક્રિય PFના પૈસા સીધા ટ્રાન્સફર થવા જઈ રહ્યા છે. શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળના કર્મચારી EPFO એ આ પ્રક્રિયાને વેગ આપવા માટે 1.18 લાખ ઈન-એક્ટિવ ખાતાઓની ઓળખ અને વેરિફિકેશનનું કામ પૂર્ણ કરી લીધું છે.

અત્યાર સુધી કોઈ જૂના કે ઈન-એક્ટિવ PF ખાતામાંથી પૈસા ઉપાડવા માટે ખાતાધારકને પોતે ઓનલાઈન કે ઓફલાઈન ક્લેમ કરવો પડતો હતો. પરંતુ સરકારની આ નવી ઓટોમેટિક રિફંડ સિસ્ટમ હેઠળ PF સબ્સ્ક્રાઇબર્સને કોઈ ફોર્મ ભરવું પડશે નહીં. EPFO પોતે આવા ખાતાઓની ઓળખ કરીને આધાર સાથે જોડાયેલા બેંક ખાતાઓમાં વ્યાજ સહિતની પૂરી રકમ સીધી ટ્રાન્સફર કરી દેશે.

શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ 23 ફેબ્રુઆરી 2026ના રોજ આ પાયલોટ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. પ્રથમ તબક્કામાં તે નિષ્ક્રિય PF ખાતાઓને સામેલ કરવામાં આવ્યા છે, જેમાં 1,000 રૂપિયા કે તેથી ઓછી રકમ જમા છે. હાલમાં આવા લગભગ 7.11 લાખ ખાતાઓની ઓળખ કરવામાં આવી છે, જેમાં કુલ 30.52 કરોડ રૂપિયાની અનક્લેમ્ડ રકમ પડી છે.

EPFO એ જણાવ્યું કે હાલમાં 1.18 લાખ સબ્સ્ક્રાઈબર્સના બેંક ખાતાઓ સહિત બાકીના વેરિફિકેશનનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ પ્રક્રિયાને સુરક્ષિત અને સરળ બનાવવા માટે EPFO એ ટેકનોલોજીનો સહારો લીધો છે. આધાર-લિંક્ડ નિષ્ક્રિય પીએફ ખાતાઓને સક્રિય બેંક ખાતાઓ સાથે મેચ કરવા માટે ખાતાઓમાં ન્યૂનતમ રકમ એટલે કે એક રૂપિયો મોકલીને ચકાસણી કરવામાં આવી.

જણાવી દઈએ કે, ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલય હેઠળ આવતી સંસ્થા C-DAC ને EPFO ના IT પ્લેટફોર્મને અપગ્રેડ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. નવા પ્લેટફોર્મમાં 'સિસ્ટમ-જનરેટેડ ક્લેમ' નું ફીચર ઉમેરવામાં આવી રહ્યું છે, જેનાથી સિસ્ટમ પોતે જ આવા ઈન-એક્ટિવ ખાતાઓના ક્લેમ પ્રોસેસ કરી દેશે. IT અપગ્રેડનું આ કામ ઓગસ્ટના અંત સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે, જેના પછી પૈસા ટ્રાન્સફર થવાનું શરૂ થઈ જશે.

જો 1,000 રૂપિયા સુધીની રકમવાળો આ પાયલોટ પ્રોજેક્ટ સફળ રહ્યો તો સરકાર તેને મોટા પાયે લાગુ કરશે. આ પછી તે 24.76 લાખ નિષ્ક્રિય ખાતાઓના પૈસા પણ ઓટોમેટિક રીતે રિફંડ કરવામાં આવશે, જેમાં 1,000 રૂપિયાથી વધુની રકમ પડી છે.

આંકડાઓ અનુસાર નોકરી બદલવા અથવા જૂની કંપનીઓમાંથી પીએફ ટ્રાન્સફર ન કરાવવાને કારણે છેલ્લા બે દાયકામાં લગભગ 31.86 લાખ નિષ્ક્રિય ખાતાઓ બની ચૂક્યા છે. તેમાં લગભગ 10,903 કરોડ રૂપિયાની રકમ ક્લેમ વગર પડી છે.

# IPL બન્યો ₹2,00,000 કરોડનો બિઝનેસ: ગત વર્ષ કરતા 11.4% વેલ્યૂ વધી, ટીમમાં RCBની બ્રાન્ડ વેલ્યૂ 3 હજાર કરોડની આસપાસ

મુંબઈ, તા.30

પહેલીવાર ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની બિઝનેસ વેલ્યૂ 20.6 અબજ ડોલર એટલે કે લગભગ 2 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. આ માહિતી અમેરિકી ઈન્વેસ્ટમેન્ટ બેંક હુલીહાન લોકીએ બુધવારે જાહેર કરેલા 2026 IPL બ્રાન્ડ વેલ્યૂએશન સ્ટડીમાં સામે આવી છે. સ્ટડી મુજબ, પાછલી બે સીઝનની ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ બ્રાન્ડ વેલ્યૂના મામલે IPLની સૌથી કિંમતી ટીમ છે. RCBની બ્રાન્ડ વેલ્યૂ 312 મિલિયન ડોલર એટલે કે લગભગ 3 હજાર કરોડ રૂપિયા જણાવવામાં આવી છે. બિઝનેસ વેલ્યૂ કોઈ કંપની, લીગ કે સંગઠનની કુલ આર્થિક કિંમત હોય છે. તેમાં બ્રાન્ડ વેલ્યૂ ઉપરાંત બ્રોડકાસ્ટ રાઇટ્સ, પ્રોપર્ટી, કોન્ટ્રાક્ટ, રેવન્યુ, પ્રોફિટ, ભવિષ્યની કમાણીની ક્ષમતા અને અન્ય તમામ બિઝનેસ એસેટ્સ સામેલ હોય છે. બીજી તરફ, બ્રાન્ડ વેલ્યૂ ફક્ત નામ અને ઓળખની કિંમત હોય છે. રિપોર્ટમાં IPLની બ્રાન્ડ વેલ્યૂ 4.3 બિલિયન ડોલર જણાવવામાં આવી છે.




સ્ટડી મુજબ આ વર્ષે IPLની બિઝનેસ વેલ્યૂ 11.4% વધી છે. આ સતત બીજું વર્ષ છે જ્યારે IPLએ 10 કે તેથી વધુ ટકાની વૃદ્ધિ નોંધાવી છે. સ્ટડીમાં કહેવામાં આવ્યું છે કે- 2008માં શરૂ થયેલી આ લીગ હવે 10 ટીમ સાથે દુનિયાની સૌથી મોટી T-20 ટુર્નામેન્ટ બની ચૂકી છે. લીગે બ્રોડકાસ્ટ રેવન્યુ, સ્પોન્સરશિપ, મર્ચેન્ડાઈઝિંગ અને ફ્રેન્ચાઈઝી ઈન્વેસ્ટમેન્ટથી પોતાનો એક મજબૂત કોમર્શિયલ મોડલ તૈયાર કર્યો છે. IPLમાં બેંગલુરુ પછી મુંબઈ ઈન્ડિયન્સની બ્રાન્ડ વેલ્યૂ સૌથી વધુ છે. રિપોર્ટમાં મુંબઈની બ્રાન્ડ વેલ્યૂ 264 મિલિયન ડોલર જણાવવામાં આવી છે. મુંબઈએ ગયા વર્ષની સરખામણીમાં 9.1%ની વૃદ્ધિ નોંધાવી છે.

ત્રીજા સ્થાને કોલકાતા નાઈટ રાઈડર્સ છે, જેની બ્રાન્ડ વેલ્યૂ 7.9% વધીને 245 મિલિયન ડોલર થઈ ગઈ છે. ચેન્નઈ સુપર કિંગ્સ 244 મિલિયન ડોલરની બ્રાન્ડ વેલ્યૂ સાથે ચોથા સ્થાને છે, જેમાં વર્ષ-દર-વર્ષ 3.8 ટકાનો વધારો નોંધાયો છે.

આ જ વર્ષે RCBની ટીમ 1.78 અને રાજસ્થાનની ટીમ 1.65માં વેચાઈ. એટલે કે બંને ફ્રેન્ચાઈઝી 3.43 અબજ ડોલરમાં વેચાઈ, જે 2021માં લખનઉ અને ગુજરાત ફ્રેન્ચાઈઝીની સંયુક્ત વેચાણ કિંમત કરતાં બમણાથી પણ વધુ છે. રિપોર્ટ અનુસાર, રોકાણકારો કોઈ ક્રિકેટ ટીમમાં નહીં, પરંતુ એવા બિઝનેસમાં પૈસા લગાવી રહ્યા છે, જેની કમાણી મીડિયા રાઈટ્સ, સ્પોન્સરશિપ અને ડિજિટલ પ્લેટફોર્મ્સથી સતત વધી શકે છે. આઈપીએલમાં માત્ર 10 ફ્રેન્ચાઈઝી છે, તેથી મર્યાદિત ઉપલબ્ધતા પણ તેમની કિંમત વધારી રહી છે. આ જ કારણ છે કે આઈપીએલ ફ્રેન્ચાઈઝી 20 ગણાથી વધુ રેવન્યુ મલ્ટીપલ પર વેચાઈ રહી છે, જ્યારે અમેરિકાની મોટી સ્પોર્ટ્સ લીગમાં આ આંકડો તેનાથી ઘણો ઓછો છે. રિપોર્ટનો નિષ્કર્ષ છે કે આઈપીએલ હવે એક રમતગમતનો કાર્યક્રમ નથી, પરંતુ વૈશ્વિક રોકાણકારો માટે એક અલગ એસેટ ક્લાસ બની ગયો છે.

# સેન્સેક્સ 274 અંક વધીને 77,928 પર બંધ થયો: નિફ્ટી 67 અંક ઉપર 24,317 પર પહોંચ્યો

મુંબઈ, તા.30

આજના શેરબજારમાં નોંધપાત્ર ઉથલપાથલ અને હલચલ વચ્ચે કારોબારના અંતે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. ૩૦ જુલાઈના રોજ ભારતીય શેરબજાર સુધારા સાથે બંધ થવામાં સફળ રહ્યું હતું. દિવસભરના કારોબારના અંતે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૨૭૪ પોઈન્ટના વધારા સાથે ૭૭,૯૨૮ ના સ્તર પર બંધ થયો હતો. આ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ૬૭ પોઈન્ટ ઊંચકાઈને ૨૪,૩૧૭ ના મજબૂત સ્તર પર પહોંચીને બંધ થયો હતો. બજારની સેક્ટર વાઈઝ હિલચાલ પર નજર કરીએ તો આજે ઓટોમોબાઈલ, આઈટી અને મીડિયા ક્ષેત્રના શેરોમાં રોકાણકારો દ્વારા ભારે લેવાલી જોવા મળી હતી, જેના કારણે આ સેક્ટર્સ બજારને ઉપર લાવવામાં મુખ્ય મદદગાર બન્યા હતા. જોકે બીજી તરફ કેમિકલ્સ અને રિયલ્ટી ક્ષેત્રના શેરોમાં રોકાણકારોનું ભારે વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું.




બજારની આ તેજી વચ્ચે પ્રાથમિક માર્કેટ એટલે કે આઈપીઓ માર્કેટમાં પણ ભારે રોનક જોવા મળી રહી છે. આજે બે નવા આઈપીઓ એમવી ઈલેક્ટ્રોસિસ્ટમ્સ અને જુનિપર ગ્રીન એનર્જી રોકાણકારો માટે ખુલી ગયા છે. આ બંને આઈપીઓમાં રોકાણકારો ૩ ઓગસ્ટ સુધી પોતાની બોલી લગાવી શકશે. કંપનીઓની યોજના અનુસાર એમવી ઈલેક્ટ્રોસિસ્ટમ્સ આઈપીઓ મારફતે ૨૯૦ કરોડ રૂપિયાનું ભંડોળ એકત્ર કરવા માંગે છે, જ્યારે જુનિપર ગ્રીન એનર્જી બજારમાંથી ૧,૮૦૦ કરોડ રૂપિયા એકત્ર કરવાના લક્ષ્યાંક સાથે મેદાનમાં ઉતરી છે.

આશિયાઈ બજારોની વાત કરીએ તો ત્યાં આજે મિશ્ર વલણ જોવા મળ્યું હતું. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૭૦ પોઈન્ટ એટલે કે ૧.૨૩ ટકાના ઘટાડા સાથે ૫૫૯૪ ના સ્તરે બંધ રહ્યો હતો. તેની સામે જાપાનનો નિકેઈ ઈન્ડેક્સ ૪૩૩ પોઈન્ટ એટલે કે ૦.૭૧ ટકાના સુધારા સાથે ૬૧૮૬૭ ના સ્તરે બંધ થયો હતો. આ સિવાય હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ પણ ૫૧ પોઈન્ટ એટલે કે ૦.૨૦ ટકા વધીને ૨૫૮૫૯ ના સ્તરે પહોંચ્યો હતો. ગ્લોબલ માર્કેટના સંકેતોમાં ગઈકાલે એટલે કે ૨૯ જુલાઈએ અમેરિકી બજારમાં મોટો ઘટાડો નોંધાયો હતો. અમેરિકાનો ડાઉ જોન્સ ઈન્ડેક્સ ૧૧૫૩ પોઈન્ટ એટલે કે ૨.૧૯ ટકા તૂટીને ૫૧૫૯૪ પર બંધ થયો હતો. આ સિવાય નાસ્ડેક ૪૩૪ પોઈન્ટ એટલે કે ૧.૭૪ ટકા ઘટીને ૨૪૪૪૩ ના સ્તરે અને S&P 500 ઈન્ડેક્સ ૧૧૩ પોઈન્ટ એટલે કે ૧.૫૨ ટકાના ઘટાડા સાથે ૭૩૧૬ ના સ્તરે બંધ થયો હતો.

બીજી તરફ સંસ્થાકીય રોકાણકારોના આંકડા પણ બજારની દિશા માટે મહત્વના સાબિત થઈ રહ્યા છે. છેલ્લા ૭ દિવસના ગાળામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ભારતીય બજારમાંથી ૯,૪૦૦ કરોડના શેરોનું વેચાણ કર્યું છે. લેટેસ્ટ આંકડા મુજબ ડીઆઈઆઈ એટલે કે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો તરફથી ૧,૬૬૪ કરોડ રૂપિયાની ચોખ્ખી ખરીદી જોવા મળી છે, જ્યારે છેલ્લા ૭ દિવસમાં તેમનું કુલ રોકાણ ૧૨,૩૯૪ કરોડ રૂપિયા અને છેલ્લા ૩૦ દિવસમાં ૪૦,૫૪૭ કરોડ રૂપિયા રહ્યું છે. તેની સામે એફઆઈઆઈ એટલે કે વિદેશી રોકાણકારોએ લેટેસ્ટ સેશનમાં ૭૫૫ કરોડ રૂપિયાની ખરીદી કરી હોવા છતાં, છેલ્લા ૭ દિવસમાં તેમણે ૭,૮૨૫ કરોડ રૂપિયા અને છેલ્લા ૩૦ દિવસમાં ૧૫,૨૧૯ કરોડ રૂપિયાની ચોખ્ખી વેચવાલી કરી છે. ઉલ્લેખનીય છે કે આજના વધારા પહેલાં ગઈકાલે એટલે કે ૨૯ જુલાઈના રોજ પણ ભારતીય શેરબજારમાં શાનદાર તેજીનો માહોલ જોવા મળ્યો હતો. ગઈકાલના કારોબારી સેશનમાં સેન્સેક્સ ૮૮૯ પોઈન્ટના મોટા ઉછાળા સાથે ૭૭,૬૫૫ ના સ્તર પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટીમાં પણ ૨૬૫ પોઈન્ટની મજબૂત તેજી જોવા મળી હતી અને તે ૨૪,૨૫૦ ના સ્તર પર બંધ થવામાં સફળ રહ્યો હતો. સતત બે દિવસની આ તેજીથી બજારમાં રોકાણકારોનો ઉત્સાહ જળવાઈ રહ્યો છે. બજારની આ તેજી વચ્ચે પ્રાથમિક માર્કેટ એટલે કે આઈપીઓ માર્કેટમાં પણ ભારે રોનક જોવા મળી રહી છે. આજે બે નવા આઈપીઓ એમવી ઈલેક્ટ્રોસિસ્ટમ્સ અને જુનિપર ગ્રીન એનર્જી રોકાણકારો માટે ખુલી ગયા છે. આ બંને આઈપીઓમાં રોકાણકારો ૩ ઓગસ્ટ સુધી પોતાની બોલી લગાવી શકશે. કંપનીઓની યોજના અનુસાર એમવી ઈલેક્ટ્રોસિસ્ટમ્સ આઈપીઓ મારફતે ૨૯૦ કરોડ રૂપિયાનું ભંડોળ એકત્ર કરવા માંગે છે, જ્યારે જુનિપર ગ્રીન એનર્જી બજારમાંથી ૧,૮૦૦ કરોડ રૂપિયા એકત્ર કરવાના લક્ષ્યાંક સાથે મેદાનમાં ઉતરી છે. આશિયાઈ બજારોની વાત કરીએ તો ત્યાં આજે મિશ્ર વલણ જોવા મળ્યું હતું. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૭૦ પોઈન્ટ એટલે કે ૧.૨૩ ટકાના ઘટાડા સાથે ૫૫૯૪ ના સ્તરે બંધ રહ્યો હતો. તેની સામે જાપાનનો નિકેઈ ઈન્ડેક્સ ૪૩૩ પોઈન્ટ એટલે કે ૦.૭૧ ટકાના સુધારા સાથે ૬૧૮૬૭ ના સ્તરે બંધ થયો હતો. આ સિવાય હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ પણ ૫૧ પોઈન્ટ એટલે કે ૦.૨૦ ટકા વધીને ૨૫૮૫૯ ના સ્તરે પહોંચ્યો હતો. ગ્લોબલ માર્કેટના સંકેતોમાં ગઈકાલે એટલે કે ૨૯ જુલાઈએ અમેરિકી બજારમાં મોટો ઘટાડો નોંધાયો હતો.

# ભારતમાં સોનાની માંગમાં 6%નો ઘટાડો: એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં 131.4 ટન વપરાશ રહ્યો, કસ્ટમ ડ્યુટી વધવા અને PM મોદીની અપીલની અસર

મુંબઈ, તા.30

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ એટલે કે ડબલ્યુજીસી (WGC) ના તાજેતરમાં બહાર પડેલા રિપોર્ટ અનુસાર ચાલુ વર્ષના એપ્રિલથી જૂન ક્વાર્ટર દરમિયાન ભારતમાં સોનાની સ્થાનિક માગમાં વાર્ષિક ધોરણે ૬ ટકાનો ઘટાડો નોંધાયો છે અને તે ઘટીને ૧૩૧.૪ ટન પર આવી ગઈ છે. ગયા વર્ષે ૨૦૨૫ ના આ જ સમાન સમયગાળા દરમિયાન દેશમાં સોનાની કુલ માગ ૧૩૯.૭ ટન નોંધાઈ હતી. ભારતીય બજારમાં સોનાની માગમાં જોવા મળેલા આ ઘટાડા પાછળ કેન્દ્ર સરકાર દ્વારા કસ્ટમ ડ્યુટીમાં કરાયેલો વધારો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સોનાની બિનજરૂરી ખરીદી ટાળવા અંગે કરવામાં આવેલી અપીલને મુખ્ય કારણો માનવામાં આવી રહ્યા છે. કેન્દ્ર સરકારે ચાલુ વર્ષના મે મહિનામાં સોના અને ચાંદીની આયાત પર લાગતી કસ્ટમ ડ્યુટી ૬ ટકાથી સીધી વધારીને ૧૫ ટકા કરી દીધી હતી, જેના કારણે સ્થાનિક બજારમાં સોનાના ભાવો ઊંચકાયા હતા અને તેની સીધી અસર સ્થાનિક ખરીદી પર પડી હતી.



જોકે રસપ્રદ વાત એ છે કે ભલે જથ્થાત્મક એટલે કે ટનની દ્રષ્ટિએ સોનાની માગમાં ઘટાડો થયો હોય, પરંતુ નાણાકીય મૂલ્યની દ્રષ્ટિએ ભારતમાં સોનાની ખરીદીનો એક નવો રેકોર્ડ સર્જાયો છે. ડબલ્યુજીસી ઈન્ડિયાના રિજનલ સીઈઓ સચિન જૈને આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે આ ક્વાર્ટરમાં ભારતીય ગ્રાહકો દ્વારા કુલ ૧,૯૮,૧૦૦ કરોડ રૂપિયાના સોનાનો વપરાશ કરવામાં આવ્યો છે. સરખામણી કરીએ તો વર્ષ ૨૦૨૫ ના બીજા ક્વાર્ટરમાં આ વપરાશનું મૂલ્ય ૧,૩૨,૫૦૦ કરોડ રૂપિયા હતું. આમ, ગત વર્ષની સરખામણીએ મૂલ્યની દ્રષ્ટિએ સોનાની ખરીદીમાં ૫૦ ટકાનો મજબૂત ઉછાળો જોવા મળ્યો છે. આ આંકડા દર્શાવે છે કે સ્થાનિક બજારમાં કિંમતો ભલે સર્વોચ્ચ સપાટીએ હોય, છતાં ભારતીય પરિવાર અને ગ્રાહકો સુરક્ષિત રોકાણ અને સંસ્કૃતિના ભાગરૂપે સોનાને પ્રથમ પ્રાધાન્ય આપી રહ્યા છે.

બીજી તરફ, સૌથી વધુ વપરાશ ધરાવતા જ્વેલરી સેક્ટરની વાત કરીએ તો એપ્રિલથી જૂન ક્વાર્ટર દરમિયાન ભારતમાં સોનાના આભૂષણોની માગમાં ૧૫ ટકાનો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. આ સમયગાળા દરમિયાન જ્વેલરીની માગ ઘટીને ૭૫.૧ ટન પર આવી ગઈ હતી, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૮૮.૮ ટન સુધી પહોંચી હતી. મે મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના વિદેશી મુદ્રા ભંડાર (ફોરેક્સ રિઝર્વ) ની બચત કરવા અને દેશના અર્થતંત્રને મજબૂત કરવાના હેતુથી લોકોને અતિશય અને બિનજરૂરી સોનાની ખરીદી ઘટાડવા માટે જાહેર અપીલ કરી હતી, જેની માનસિક અને વ્યવહારિક અસર સોનાના આભૂષણોના બજાર પર સ્પષ્ટપણે જોવા મળી છે.

આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક કિંમતો અને ભવિષ્યના સંકેતો અંગે ડબલ્યુજીસીના રિપોર્ટમાં જણાવાયું છે કે બીજા ક્વાર્ટરમાં સોનાની આંતરરાષ્ટ્રીય સરેરાશ કિંમત ૪,૫૦૬.૩ ડોલર પ્રતિ ઔંસના ઉચ્ચ સ્તરે રહી હતી, જે વર્ષ ૨૦૨૫ ના આ જ ગાળામાં ૩,૨૮૦.૪ ડોલર પ્રતિ ઔંસ હતી. આ જ રીતે ભારતીય બજારમાં પણ આયાત શુલ્ક અને જીએસટી વગર સોનાની સરેરાશ ત્રિમાસિક કિંમત ૧,૫૦,૭૪૪.૮ રૂપિયા રહી હતી, જ્યારે ગયા વર્ષે આ કિંમત ૯૪,૮૭૫.૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ આસપાસ હતી. આ ઊંચા ભાવો વચ્ચે પણ ડબલ્યુજીસીએ અંદાજ મૂક્યો છે કે ચાલુ વર્ષે ભારતમાં સોનાની કુલ વાર્ષિક માગ ૬૫૦ થી ૭૫૦ ટનની વચ્ચે રહેશે. સચિન જૈનના જણાવ્યા અનુસાર આગામી સમયમાં આવનારા તહેવારો, સામાજિક પ્રસંગો અને લગ્નસરાની મોસમ દરમિયાન સોનાની ખરીદીમાં ફરીથી મોટો ઉછાળો આવવાની પૂરી શક્યતાઓ રહેલી છે.

ભારતમાં માગ ઘટી હોવા છતાં વૈશ્વિક સ્તરે સોનાની કુલ માગ પર તેની કોઈ વિપરીત કે મોટી અસર પડી નથી. રિપોર્ટ અનુસાર એપ્રિલથી જૂન ક્વાર્ટરમાં સમગ્ર વિશ્વમાં સોનાની કુલ માગ ૧,૨૬૯ ટનની સપાટી પર સ્થિર જળવાઈ રહી છે, જેમાં ગયા વર્ષની સરખામણીએ કોઈ ખાસ મોટો તફાવત નોંધાયો નથી. વર્ષ ૨૦૨૫ ના આ જ ક્વાર્ટર દરમિયાન વૈશ્વિક સ્તરે સોનાની કુલ માગ ૧,૨૬૮.૬ ટન નોંધાઈ હતી, જે દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ દેશોની સેન્ટ્રલ બેંકો અને ગ્લોબલ રોકાણકારો તરફથી સોનામાં સુરક્ષિત રોકાણનું વલણ અકબંધ રહ્યું છે.

# મેગ્મા જનરલ ઇન્સ્યોરન્સ કંપનીને પતંજલિ ગ્રુપ ખરીદશે: IRDAI તરફથી મંજૂરી મળી, માર્ચ 2025માં ડીલ થઈ હતી

મુંબઈ, તા.30

ભારતીય વીમા ક્ષેત્રમાં એક મોટા અને મહત્વના ફેરફારના સંકેત આપતા, વીમા નિયામક IRDAI (ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા) તરફથી પતંજલિ આયુર્વેદ અને ધર્મપાલ સત્યપાલ (DS) ગ્રુપને મેગ્મા જનરલ ઈન્સ્યોરન્સમાં મોટો હિસ્સો ખરીદવા માટેની સત્તાવાર મંજૂરી મળી ગઈ છે. આ અંગેની વિગતવાર માહિતી કંપની દ્વારા બુધવારે સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગ મારફતે રોકાણકારો અને બજાર સમક્ષ જાહેર કરવામાં આવી હતી. વિભિન્ન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ સમગ્ર અધિગ્રહણ સોદો આશરે ૪,૫૦૦ કરોડ રૂપિયાના મોટા મૂલ્ય પર નક્કી થયો છે. વીમા નિયામક દ્વારા ૨૮ જુલાઈ ૨૦૨૬ ના રોજ પાઠવવામાં આવેલા સત્તાવાર પત્ર મારફતે આ અધિગ્રહણને લીલી ઝંડી આપવામાં આવી છે. નિયામકની આ મંજૂરી પત્ર જારી થયાની તારીખથી આગામી ત્રણ મહિનાના નિર્ધારિત સમયગાળા માટે માન્ય રહેશે.



આ મંજૂર થયેલા સોદાની રૂપરેખા અને હિસ્સેદારીના માળખા પર નજર કરીએ તો પતંજલિ આયુર્વેદ મેગ્મા જનરલ ઈન્સ્યોરન્સનો સૌથી મોટો ૭૩.૬ ટકા હિસ્સો ખરીદશે, જ્યારે ધર્મપાલ સત્યપાલ ગ્રુપ ૨૪.૫ ટકા હિસ્સેદારીનું માલિક બનશે. આ અધિગ્રહણ પહેલાં મેગ્મા જનરલ ઈન્સ્યોરન્સમાં સૌથી મોટી હિસ્સેદારી આધાર પૂનાવાલા સમૂહની સનોટી પ્રોપર્ટીઝ પાસે હતી. IRDAI તરફથી મળેલી આ નિર્ણાયક મંજૂરી બાદ હવે પતંજલિ આયુર્વેદ મેગ્મા જનરલ ઈન્સ્યોરન્સની મુખ્ય પ્રમોટર કંપની તરીકે સ્થાન મેળવશે.

આ મોટા નાણાકીય સોદાની પૃષ્ઠભૂમિની વાત કરીએ તો તેની શરૂઆત માર્ચ ૨૦૨૫ માં થઈ હતી. તે સમયે પતંજલિ-એલેડ બાયર ગ્રુપ અને મેગ્મા જનરલ ઈન્સ્યોરન્સના તત્કાલીન શેરધારકો વચ્ચે શેર પર્ચેઝ એગ્રીમેન્ટ (SPA) પર વિધિવત હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર અંગેની જાણકારી ૧૨ માર્ચ ૨૦૨૫ ના રોજ કંપની દ્વારા સ્ટોક એક્સચેન્જોને આપવામાં આવી હતી. જોકે, વીમા ક્ષેત્રમાં આવા મોટા ફેરફારો માટે જરૂરી નિયમનકારી સમીક્ષા પ્રક્રિયામાં વિલંબ થવાને કારણે ૧૨ માર્ચ ૨૦૨૬ ના રોજ આ કરારની લોંગ-સ્ટોપ ડેટ એટલે કે સોદો પૂર્ણ કરવાની અંતિમ સમયમર્યાદાને આગળ વધારવામાં આવી હતી.

કરાર પર હસ્તાક્ષર થયા બાદથી આ અધિગ્રહણ સોદો આશરે ૧૬ મહિનાથી પણ વધુ સમય સુધી કાનૂની અને નિયમનકારી ચકાસણી હેઠળ અટવાયેલો રહ્યો હતો. પરંતુ હવે IRDAI તરફથી લીલી ઝંડી મળી જતાં કંપનીના માલિકી હકના ટ્રાન્સફર માટેનો માર્ગ સંપૂર્ણપણે સાફ થઈ ગયો છે. હવે પતંજલિ અને ધર્મપાલ સત્યપાલ ગ્રુપે આગામી ત્રણ મહિનાની આપેલા સમયગાળામાં શેર ટ્રાન્સફરની તમામ જરૂરી પ્રક્રિયાઓ તેમજ નિયામક દ્વારા મુકવામાં આવેલી તમામ શરતોનું પાલન કરવાનું રહેશે. બધી જરૂરી ઔપચારિકતાઓ, કાનૂની જોગવાઈઓ અને કરાર સંબંધિત શરતો સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ મેગ્મા જનરલ ઈન્સ્યોરન્સનું માલિકી હક સંપૂર્ણપણે પતંજલિ અને ડીએસ ગ્રુપના હાથમાં આવી જશે. આ અધિગ્રહણ પૂર્ણ થવાની સાથે જ ભારતીય વીમા ક્ષેત્ર અને નાણાકીય સેવાઓમાં બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણના નેતૃત્વ હેઠળના પતંજલિ ગ્રુપનું વર્ચસ્વ અને હાજરી વધુ મજબૂત અને વ્યાપક બની જશે.

### અમદાવાદમાં દરરોજ એક વ્યક્તિનું રોડ અકસ્માતમાં મૃત્યુ

# દિવસમાં 12,000 જેટલા ટ્રાફિક મેમો, બે હજાર TRBની ભરતી કરાશે, AMCની નવી ટ્રાફિક-રોડ સેફ્ટી પોલિસી HCમાં રજૂ



**અમદાવાદ, તા.30**

ગુજરાત હાઈકોર્ટમાં ટ્રાફિક સમસ્યા, દબાણ, ખરાબ રસ્તા, રખડતા ઢોર જેવી સમસ્યાઓને લઈને એડવોકેટ અમિત પંચાલ દ્વારા કન્ટેમ્પ્ટ અરજી દાખલ કરવામાં આવી છે. જેની છેલ્લી સુનાવણી અનુસાર, અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા 2026ની નવી વિસ્તૃત ટ્રાફિક અને રોડ સેફ્ટી પોલિસી કોર્ટના રેકોર્ડ પર રજૂ કરવામાં આવી છે. આ પોલિસી અંતર્ગત શહેરમાં ટ્રાફિક નિયંત્રણ અને સુરક્ષા માટે AI કેમેરાનો ઉપયોગ વધારવા, નવા 2,000 TRB જવાનોની ભરતી કરવા અને ટ્રાફિકના નિયમભંગ બદલ ઓટોમેટિક પેનલ્ટી સિસ્ટમ વધુ મજબૂત કરવાના મહત્વના નિર્ણયો લેવાયા છે. માહિતી મુજબ 1 એપ્રિલ, 2025થી 31 માર્ચ, 2026 દરમિયાન શહેરમાં માર્ગ અકસ્માતમાં 454 લોકોએ જીવ ગુમાવ્યા છે. આમ, દરરોજ આશરે માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું મૃત્યુ નીપજ્યું છે.

આ પોલિસી એન્જિનિયરિંગ, એન્ફોર્સમેન્ટ, એનકરેજમેન્ટ, એજ્યુકેશન અને એવલ્યુશન આધારિત છે. આ પોલિસીમાં અમદાવાદની પાર્કિંગ પોલિસી, ટ્રાફિક જંકશનના ડિઝાઈન ડેવલોપમેન્ટ, રોડ ઉપરના માર્કિંગ, રોડ મુજબ ફૂટપાથની પહોળાઈ વગેરે જેવા મુદ્દાઓ વિશે માહિતી આપવામાં આવી છે. આ પોલિસીમાં અમદાવાદના 400 મોટા ટ્રાફિક સિગ્નલને સુધારવા અને સેન્ટ્રલ સર્વર સાથે જોડવા વાત કરવામાં આવી છે. ટ્રાફિક નિયમોના પાલન માટે કેમેરા બેઝ ડિટેકશન, રીયલ ટાઈમ ડેટા અને નિયમોના ભંગ બદલ ઓટોમેટીક પેનલ્ટીની માહિતી મૂકવામાં આવી છે. AMCએ જણાવ્યું છે કે, તે શહેરના 60 લાખ સ્ક્વેર કિલોમીટર રોડનું મેનેજમેન્ટ કરે છે. ખરાબ રસ્તાની ફરિયાદ કરવા માટે હેલ્પલાઈન 155303 ઉપલબ્ધ છે. જોઈન્ટ એંડ ફોર્સમેન્ટ ટીમ દ્વારા ટ્રાફિક, દબાણ, પાર્કિંગ જેવી સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવે છે. શહેરના 130 જંકશનોને ઝીરો ટોલરન્સ જંકશન જાહેર કરાયા છે, જેની ઉપર 6200 કેમેરા દ્વારા વોચ રાખવામાં આવે છે.

ઉપરોક્ત 6,200 કેમેરાની સ્ટ્રેન્થ સામે બીજા 6 000 કેમેરા ઉમેરવામાં આવશે. આમ 12,200 કેમેરા જેમાં AI કેમેરાનો પણ ઉપયોગ કરવામાં આવશે, જેનાથી પ્રથમ ફેઝમાં 19 જેટલા નિયમોના ભંગ અને બીજા ફેસમાં કુલ 32 જેટલા નિયમોના ભંગને ઓળખીને દંડની કાર્યવાહી કરી શકાશે. આમ શહેરમાં દર ચોરસ કિલોમીટરે 25 કેમેરા દ્વારા ટ્રાફિક વ્યવસ્થાપન ઉપર દેખરેખ રાખવામાં આવશે. જંકશન ઉપર લાગેલા 1,695 કેમેરાને AI અપગ્રેડ કરવામાં આવશે. શહેરમાં રખડતા ઢોરને પકડવા 22 ટીમ સતત કાર્ય કરી રહી છે. અત્યાર સુધીમાં કુલ 14 હજાર જેટલા ઢોર પકડવામાં આવ્યા છે. અમદાવાદ શહેરમાં રોજના 12 હજાર જેટલા ટ્રાફિક ચલણ જનરેટ થાય છે. 2025માં કુલ 40 લાખ જેટલા ટ્રાફિક ચલણ જનરેટ થયા હતા, જેના દંડની રકમ 266 કરોડ જેટલી થવા જાય છે. માર્ચ, 2026 સુધીમાં કુલ 13.15 લાખ જેટલા ચલણ જનરેટ થયા હતા અને 90 કરોડ જેટલો દંડ વસૂલવામાં આવ્યો હતો. શહેરમાં અનઅધિકૃત પાર્કિંગને લઈને 40 જેટલી ટોઈંગ વાન કાર્યરત છે, જેને 2025માં 1.98 લાખ મેમો જનરેટ કર્યા હતા અને 12.92 કરોડનો દંડ કરવામાં આવ્યો હતો. તેમજ 2210 જેટલા કેસ રજીસ્ટર કરવામાં આવ્યા હતા. 2026ની શરૂઆતમાં 392 કેસ રજીસ્ટર કરવામાં આવ્યા હતા.

શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાપન માટે 2,371 TRB જવાનો કાર્યરત છે, જેમાં બે હજાર જવાનોનો ઉમેરો કરવાની પ્રસ્તાવના છે. 2025માં 1 લાખથી વધુ ઓવર સ્પીડિંગના કેસ નોંધીને રૂ.17.38 કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો. અમદાવાદના ઉત્તર પશ્ચિમ, પશ્ચિમ અને ઉત્તર ઝોનમાં 3400થી વધુનો પાર્કિંગના બોર્ડ લગાવવામાં આવ્યા છે.

AMC દ્વારા AMTS, BRTS અને મેટ્રો ટ્રેન માટે એક જ ટિકિટની વ્યવસ્થા કરવાનું આયોજન છે. 2016 અને 18માં મહાનગરપાલિકા દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો. જે મુજબ શહેરના 415 લોકેશન ઉપર 62 હજાર જેટલા ફેરીયાઓ કાર્યરત છે. PM રાહત સ્કીમ અનુસાર, અકસ્માતમાં ઘાયલ થયેલ વ્યક્તિને તુરંત 1.50 લાખ રૂપિયા સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે, જેમાં 7 દિવસ સુધી હોસ્પિટલમાં દાખલ રહેવાનો સમાવેશ થાય છે. ટ્રાફિકજામ સમસ્યાના નિવારણ માટે 1095 હેલ્પલાઈન કાર્યરત છે.

અમદાવાદ શહેરમાં SG હાઈવે, જજીસ બંગલો રોડ, CG રોડ, વાડજથી દિલ્હી દરવાજા, સુભાષચોકથી ઝાયડસ હોસ્પિટલ, નારણપુરાથી શાસ્ત્રીનગર જેવા રોડને ઝીરો ટોલરન્સ રોડ જાહેર કરાયા છે, જ્યાં રોડ ઉપર પાર્કિંગ કરવાની સખત મનાઈ છે. શહેરમાં કુલ 124 પાર્કિંગ ઝોન આવેલા છે, જે પૈકી પે પાર્કિંગની 32 જગ્યાઓ છે. જેમાં મલ્ટી લેવલ પાર્કિંગ 6, અંડરબ્રિજ પાર્કિંગ 12, પાર્કિંગ પ્લોટ 4 અને સ્ટ્રીટ પાર્કિંગ 10 જગ્યાએ થાય છે. જ્યારે ફ્રી પાર્કિંગમાં 55 જગ્યાઓ પૈકી અંડરબ્રિજ પાર્કિંગ 9, પાર્કિંગ પ્લોટ 32, સ્ટ્રીટ પાર્કિંગ 14 તથા નવા 26 પાર્કિંગનું પ્રપોઝલ અને મેટ્રો સ્ટેશન નજીક 11 પાર્કિંગ પ્લોટની વ્યવસ્થા કરવાનું આયોજન છે.

પે એન્ડ પાર્કની 32 જગ્યાઓમાં 10,104 ટુ-વ્હીલર અને 3545 ગાડીઓ પાર્ક થઈ શકે છે. ફ્રી પાર્કિંગમાં 3,676 ગાડીઓ અને 15,348 ટુ-વ્હીલર પાર્ક થઈ શકે છે. નવી પ્રસ્તાવિત જગ્યાઓએ 15,239 ટુ-વ્હીલર અને 2030 ગાડીઓ પાર્ક થઈ શકશે. SG હાઈવે ઉપર હોટેલ બિનોરી, પકવાન જંકશન પાસે તેમજ નિરમા યુનિવર્સિટી જેવી જગ્યાઓ પાસે ફૂટઓવર બ્રિજ બનાવવાની યોજના છે.

1 એપ્રિલ, 2025થી 31 માર્ચ, 2026 સુધીમાં અમદાવાદ શહેરમાં માર્ગ અકસ્માત 454 લોકોના મૃત્યુ નીપજ્યા હતા. આમ રોજ આશરે માર્ગ અકસ્માતમાં 1 વ્યક્તિનું મૃત્યુ નીપજ્યું છે. જ્યારે 01 એપ્રિલ, 2025થી 31 માર્ચ, 2026 સુધીમાં 40.29 લાખ કિસ્સાઓમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ 266 કરોડનો દંડ વસૂલવામાં આવ્યો છે. 1 સપ્ટેમ્બર, 2023થી 20 જાન્યુઆરી, 2026 સુધીમાં 27,467 જેટલા રખડું પ્રાણીઓને અમદાવાદના માર્ગો પરથી દૂર કરવામાં આવ્યા છે.

## જમાલપુર બ્રિજ નીચે છરી બતાવી તેલના ડબ્બાની લૂંટ

### વહેલી સવારે બે શખસો સિંગતેલના ડબ્બા લઈ ફરાર, પ્લોટના નામે 2.95 લાખની છેતરપિંડી

**અમદાવાદ, તા.30**

નારોલમાં રહેતા પ્રીતેશ રાણા અને તેમનો ભાઈ ધ્રુવિલ 29 જુલાઈના રોજ સવારે બોલેરો પીકઅપ ગાડીમાં કરિયાણું અને તેલના ડબ્બા ભરીને ચાંદખેડા જઈ રહ્યા હતા. સવારે 5 વાગ્યાની આસપાસ જમાલપુર બ્રિજ નીચે શાકભાજીની ગાડીઓના કારણે ટ્રાફિક જામ હતો. આ દરમિયાન બે અજાણ્યા શખસોએ ગાડીના પાછળના ભાગે ચડીને તેલના ડબ્બા ઉતારવાનો પ્રયાસ કર્યો હતો.



બંને ભાઈઓએ તેમને રોકવાનો પ્રયત્ન કરતા, એક શખસે છરી બતાવીને 15 લિટરના ગુલાબ સીંગતેલના બે ડબ્બાની લૂંટ ચલાવીને ભાગી ગયા હતા. આ મામલે પ્રીતેશભાઈએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

એલિસબ્રિજના રહેવાસી ગેબ્રિયલ ટેકરીવાલાએ વર્ષ 2010માં 'એલિગન્સ રિયલ્ટી' કંપનીની સ્કીમમાં 250 રૂપિયા પ્રતિ ચોરસ ફૂટના ભાવે 1000 ચોરસ ફૂટનો પ્લોટ બુક કરાવ્યો હતો. તેમણે દસ્તાવેજ ખર્ચ સહિત 2.95 લાખ રૂપિયા કંપનીના ડાયરેક્ટર ભરત પોપટ, હર્ષા પોપટ અને મુકેશ શાહને ચૂકવી રસીદ મેળવી હતી.

છ મહિનામાં દસ્તાવેજ કરી આપવાનું અને મંજૂરી મળ્યા બાદ ડેવલપમેન્ટ શરૂ કરવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું. જોકે, આટલા વર્ષો પછી પણ સ્કીમમાં કોઈ ડેવલપમેન્ટ થયું નથી કે નાણાં પરત મળ્યા નથી. આ અંગે ગેબ્રિયલભાઈએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## SP રિંગ રોડ પર વિનવિક્સ કેફેમાં હુક્કાબારનો પર્દાફાશ: 23 હુક્કા સહિત 37 હજારનો મુદ્દામાલ કબજે કરાયો

**અમદાવાદ, તા.30**

સાબરમતી પોલીસે SP રિંગ રોડ પર હોટલ હિલ્લોકની સામે વિનવિક્સ કેફેમાં ગેરકાયદે ચાલતા હુક્કાબાર પર દરોડો પાડી કાર્યવાહી કરી છે. પોલીસને રેડ દરમિયાન બે હુક્કા ચાલુ હાલતમાં મળી આવ્યા હતા. જે ગ્રાહકો માટે રાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત અન્ય 21 હુક્કા, નિકોટીન સહિત 37 હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.



સાબરમતી પોલીસ સ્ટેશનના PSI એચ.ડી.રાઓલ સહિતનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન મળેલી બાતમીના આધારે SP રિંગ રોડ પર હોટલ હિલ્લોક સામે અને નાયરા પેટ્રોલ પંપ પાછળ વિનવિક્સ કેફેમાં તપાસ કરવામાં આવી હતી. પોલીસ તપાસ દરમિયાન કેફેના સંચાલક વિનિતભાઈ નરેન્દ્રભાઈ રાઠોડ (ઉંમર 37 વર્ષ,રહે. જગતપુર) હુક્કા ગ્રાહકોને પીરસવા માટે તૈયાર રાખ્યા હોવાનું મળી આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી ચાલુ હાલતમાં બે હુક્કા ઝડપી લીધા હતા.

દરોડા દરમિયાન પોલીસે 21 હુક્કા, તમાકુ ફ્લેવરના 9 ડબ્બા, સિલ્વર ફોઈલ પેપર, માટીની ચીલમ, કોલસા, નવી પાઈપ સહિતનો સામાન જપ્ત કર્યો છે જેની કિંમત 37,600 રૂપિયા હોવાનું પોલીસે જણાવ્યું છે. સાબરમતી પોલીસે આ મામલે જાણવા જોગ નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## AMCની દબાણ ખાતાની ટીમ-લારીવાળા વચ્ચે ઘર્ષણ: ઠક્કરબાપાનગરમાં રોડ પર દબાણ હટાવવાની કામગીરી સમયે પથ્થરમારો

**અમદાવાદ, તા.30**

અમદાવાદના ઠક્કરબાપાનગર વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના દબાણ ખાતાની ગાડીઓ ઉપર પથ્થરમારાની ઘટના બની છે. રતનબા કેનાલ રોડ ઉપર કોર્પોરેશન દ્વારા રોડ બનાવવાની કામગીરી થઈ રહી છે. ત્યારે રોડ પર લારીવાળાઓ દબાણ કરે છે જેથી કોર્પોરેશનની ઉત્તર ઝોનની દબાણ ખાતાની ગાડીઓ આજે 30 જુલાઈએ સવારે દબાણ હટાવવા ગઈ હતી.

તે દરમિયાન સ્થાનિક લારી વાળાઓ ભેગા થઈ ગયા હતા અને દબાણ ખાતાના કર્મચારીઓ તેમજ મજૂરો સાથે બોલાચાલી કરી હતી. જેમાં ઘર્ષણ બાદ ઉશ્કેરાયેલા લારીવાળાઓએ ગાડીઓ ઉપર પથ્થર મારો કર્યો હતો. એક ગાડીનો પણ કાચ તૂટી ગયો હતો. ઘટનાની જાણ થતા પોલીસની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. મળતી માહિતી મુજબ શહેરના ઠક્કરબાપાનગર વિસ્તારમાં કોઠીયા હોસ્પિટલની પાછળના ભાગે રતનબા કેનાલ રોડ છે. ત્યાં શાકભાજીની લારીવાળાનું દબાણ હોય છે. દરરોજ સવારે અને સાંજે લારીવાળા ઊભા રહી જતા હોય છે. જેના કારણે ટ્રાફિકની સમસ્યા થતી હોય છે. આ ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રોડ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં લારીવાળા



ઊભા રહેતા હોવાથી રોડ બનાવવાની કામગીરી થતી નથી. ત્યારે આજે સવારે ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગની ટીમ દબાણ હટાવવા પહોંચી હતી.

દબાણ ખાતાની ત્રણ ગાડીઓ સાથે કર્મચારીઓને મજૂરો દબાણ હટાવવા પહોંચ્યા હતા. આ સમયે સ્થાનિક લારીવાળા ત્યાં ભેગા થઈ ગયા હતા અને અધિકારીઓ તેમજ કર્મચારીઓ સાથે બોલાચાલી કરવા લાગ્યા હતા. ઉશ્કેરાયેલા કેટલાક લારીવાળાએ કોર્પોરેશનની ગાડી પર પથ્થરમારો કર્યો હતો. જેમાં એક ગાડીનો કાચ પણ તૂટી ગયો હતો. ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગની ગાડીઓ પર પથ્થરમારો થતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. કૃષ્ણનગર પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. કેટલાક લારીવાળા દ્વારા રોડ ઉપર શાકભાજી પણ ફેંકી દેવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા કેટલાક શાકભાજીની લારીવાળાની અટકાયત પણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા આ મામલે પોલીસ ફરિયાદની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

## બાવળા પાસે ભૂકંપનો આંચકો: અમદાવાદથી 29 કિમી દૂર અને જમીનમાં 20 કિમીની ઉંડાઈએ કેન્દ્રબિંદુ, રિક્ટર સ્કેલ પર 2.6ની તીવ્રતા નોંધાઈ

**અમદાવાદ, તા.30**

અમદાવાદમાં ગુરુવારે વહેલી સવારે ભૂકંપનો હળવો આંચકો અનુભવાયો હતો. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજિકલ રિસર્ચ (ISR) દ્વારા જાહેર કરાયેલા અહેવાલ અનુસાર, આજે 30 જુલાઈના રોજ સવારે 4:39 વાગ્યે રિક્ટર સ્કેલ પર 2.6ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્ર અમદાવાદ શહેરથી અંદાજે 29 કિલોમીટર દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ વિસ્તારમાં બાવળા પાસે હતું.

ISRના જણાવ્યા મુજબ ભૂકંપની ઊંડાઈ જમીનની સપાટીથી આશરે 20 કિલોમીટર નોંધાઈ



હતી. તીવ્રતા ઓછી હોવાથી ભૂકંપની અસર મર્યાદિત રહી હતી અને શહેરના મોટાભાગના વિસ્તારોમાં તેની ખાસ અસર જોવા મળી નહોતી. પ્રાથમિક માહિતી અનુસાર, કોઈ જાનહાનિ કે માલ-મિલકતને નુકસાન થયું હોવાના અહેવાલ નથી. જોકે, વહેલી સવારનો સમય અને આસપાસનું વાતાવરણ શાંત હોવાથી શહેરના કેટલાક વિસ્તારોમાં રહેતા લોકોને હળવી ધ્રુજારીનો અનુભવ થયો હોવાનું જાણવા મળ્યું છે.

નિષ્ણાતોના જણાવ્યા મુજબ, 2.6ની તીવ્રતાનો ભૂકંપ સામાન્ય રીતે હળવી શ્રેણીમાં આવે છે, જેના કારણે મોટા ભાગે કોઈ ગંભીર નુકસાન થતું નથી. તેમ છતાં, ભૂકંપ જેવી કુદરતી ઘટનાને ધ્યાનમાં રાખીને સત્તાવાળાઓ સતત સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. અમદાવાદ સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભૂકંપની ગતિવિધિઓ પર ISR સતત મોનિટરિંગ કરી રહ્યું છે અને હાલની સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય હોવાનું જણાવાયું છે. ગુરુવારે વહેલી સવારે મહારાષ્ટ્રના નાસિકમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 3.8 નોંધાઈ હતી. આ આંચકો સવારે 2:37:41 વાગ્યે (IST) અનુભવાયો હતો. NCSએ જણાવ્યું હતું કે ભૂકંપનું કેન્દ્રબિંદુ 20.448 ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને 73.708 ડિગ્રી પૂર્વ રેખાંશ પર હતું અને તેની ઊંડાઈ સપાટીથી 5 કિલોમીટર નીચે હતી. NCSએ 'X' પરની એક પોસ્ટમાં આ વિગતોની પુષ્ટિ કરી હતી. જાપાનના દક્ષિણી કુમામોટો પ્રાંતમાં મંગળવારે(28 જુલાઈ) 6.8 તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો.

## 1208 કરોડની આવક ઊભી કરાશે: સોલા, જગતપુર અને રાણીપ સહિતના વિસ્તારના 16 પ્લોટ વેચાણ કરવાની દરખાસ્ત મૂકવામાં આવી

**અમદાવાદ, તા.30**

શહેરીજનોને માળખાકીય સુવિધા પૂરી પાડવા માટે અને વિકાસના કાર્યોને આગળ વધારવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનની આવકમાં વધારો કરવા માટે રહેણાંક અને કોમર્શિયલ હેતુના પ્લોટોનું વેચાણ કરવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનને રિઝર્વેશનના મળેલા 16 પ્લોટનું વેચાણ કરવા અંગેની દરખાસ્ત આજે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં લેવામાં આવનાર છે.

આ પ્લોટના વેચાણથી 1208 કરોડ રૂપિયાની કોર્પોરેશનને આવક થશે જે નાથી શહેરીજનોને પ્રાથમિક સુવિધાના કામો સહિતના વિવિધ કામો પાછળ ખર્ચ કરવામાં આવશે. મળતી માહિતી મુજબ 12 જૂનના રોજ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) દ્વારા રચાયેલી પ્રાઈસ ફિક્સિંગ કમિટીની મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં કોર્પોરેશનના કુલ 20 પ્લોટોનું વેલ્યુએશન ચર્ચા વિચારણા માટે મૂકવામાં આવ્યું હતું. જે પૈકી કમિટી દ્વારા 16 પ્લોટોની તળિયાની કિંમતો આખરી કરીને મંજૂર કરવામાં આવી હતી, જ્યારે બાકીના 4 પ્લોટોનું વેલ્યુએશન હાલ પૂરતું મુલતવી રાખવાનો નિર્ણય લેવાયો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વેચાણ માટે મુકાયેલા પ્લોટો શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા આંબલી, ગોતા, સોલા, જગતપુર, થલતેજ અને રાણીપ જેવા વિકસિત અને પોશ વિસ્તારોમાં આવેલા છે. આ ઉપરાંત, ઉત્તર ઝોનમાં આવેલા હંસપુરા વિસ્તારના એક અત્યંત મહત્વના પ્લોટનો પણ છે. આ તમામ પ્લોટો પૈકી સૌથી મોટો પ્લોટ ટીપી 109 (મુઠિયા-હંસપુરા-બિલાસિયા)નો પ્લોટ નંબર 96 છે. રહેણાંક (સેલ ફોર રેસિડેન્સ) હેતુ માટેના 41,843 ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતા આ વિશાળ પ્લોટની તળિયાની કિંમત (ઓફસેટ પ્રાઈસ) પ્રતિ ચોરસ મીટર રૂ. 71,000 નક્કી કરવામાં આવી છે. માત્ર આ એક જ પ્લોટના વેચાણથી કોર્પોરેશનની તિજોરીમાં 296 કરોડ રૂપિયાથી વધુની રકમ જમા થવાનો અંદાજ છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

